# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક


RNI NO. : GUJGUJ/2016/67425

18 MARCH, 2026 WEDNESDAY




પેજ 2 દાંતા હડાદ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસને મોટું નુકસાન વેઠવાનો વારો આવશે


પેજ 3 જેતપુર પોલીસે સાયકલ, રોકડ ભરેલું પર્સ માલિકોને પરત કર્યું


પેજ 7 દેખાદેખીમાં દેવું કરવાને બદલે સમૂહલગ્ન સમયની માગ: પૂર્વ શિક્ષણમંત્રી


પેજ 5 પ્રેમલગ્નના બે વર્ષમાં જ પતિએ પત્નીની હત્યા કરી



I Pakkogujarat/ I VOL : 11 I Issue : 03 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું અમે તેમનું રક્ષણ કરીએ છીએ, તેઓ મદદ નથી કરી રહ્યા, હવે કોઈની જરૂર નથી

# NATO દેશો ઈરાન જંગમાં સાથ આપવા નથી માંગતા: ટ્રમ્પ

**ટ્રમ્પે કહ્યું કે તેમને આ વલણ પર નવાઈ નથી લાગતી અને અમેરિકાને હવે સહયોગી દેશોની મદદની જરૂર પણ નથી. તેમણે દાવો કર્યો કે અમેરિકી સેનાએ ઈરાનની સૈન્ય શક્તિને ઘણી હદ સુધી ખતમ કરી દીધી છે**

• નવી દિલ્હી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે NATO ના મોટાભાગના સહયોગી દેશો ઈરાન વિરુદ્ધ ચાલી રહેલા અમેરિકી સૈન્ય અભિયાનમાં સામેલ થવા માંગતા નથી.ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે અમેરિકા વર્ષોથી આ દેશોની સુરક્ષા પર અબજો ડોલર ખર્ચ કરી રહ્યું છે, પરંતુ જરૂરિયાતના સમયે તેઓ સાથ આપતા નથી. તેમણે NATO ને 'વન-વે સ્ટ્રીટ' ગણાવ્યું.

ટ્રમ્પે કહ્યું કે તેમને આ વલણ પર નવાઈ નથી લાગતી અને અમેરિકાને હવે સહયોગી દેશોની મદદની જરૂર પણ નથી. તેમણે દાવો કર્યો કે અમેરિકી સેનાએ ઈરાનની સૈન્ય શક્તિને ઘણી હદ સુધી ખતમ કરી દીધી છે અને હવે તે કોઈના સમર્થન વગર પણ પરિસ્થિતિ સંભાળી શકે છે.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે જાપાન, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયા જેવા દેશોની મદદની પણ અમેરિકાને જરૂર નથી. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ટ્રમ્પનું આ નિવેદન સહયોગી દેશો સાથે અમેરિકાના સંબંધોમાં વધી રહેલા અંતર તરફ ઈશારો કરે છે. અમેરિકાના ટોચના કાઉન્ટર-ટેરરિઝમ અધિકારી જો કેન્ટે રાજીનામું આપ્યું અમેરિકાના ટોચના કાઉન્ટર-ટેરરિઝમ અધિકારી જો કેન્ટે ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધને લઈને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે જણાવ્યું કે તેઓ આ યુદ્ધનું સમર્થન કરી શકે નહીં.

જો કેન્ટે સ્પષ્ટપણે કહ્યું કે ઈરાન તરફથી અમેરિકાને તાત્કાલિક કોઈ ખતરો નહોતો. તેમના મતે, એવી સ્થિતિ નહોતી કે યુદ્ધ અનિવાર્ય હોય. તેમણે આરોપ લગાવ્યો કે ઈઝરાયલના દબાણમાં આવીને ટ્રમ્પે આ યુદ્ધ શરૂ કર્યું છે.

તેમણે કહ્યું કે આ યુદ્ધ યોગ્ય કારણોસર શરૂ કરવામાં આવ્યું નથી અને તેના પર સવાલો ઉઠાવવા જોઈએ. કેન્ટે લખ્યું કે તેઓ પોતાના અંતરાત્મા વિરુદ્ધ જઈને આ યુદ્ધનું



સમર્થન કરી શકે નહીં, તેથી તેમણે પદ છોડવાનો નિર્ણય લીધો છે.

કેન્ટના જણાવ્યા મુજબ, કેટલાક વરિષ્ઠ ઈઝરાયલી અધિકારીઓ અને અમેરિકન મીડિયાના પ્રભાવશાળી લોકોએ મળીને એક પ્રકારનું ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન ચલાવ્યું, જેથી એવું વાતાવરણ ઉભું થાય કે ઈરાન વિરુદ્ધ યુદ્ધ શરૂ કરવું જરૂરી છે.આ દરમિયાન ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેનીએ કડક વલણ અપનાવતા કહ્યું છે કે, પહેલા અમેરિકા અને ઈઝરાયલ સાથે હિસાબ થશે, ત્યારબાદ જ શાંતિની વાત કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે ઈરાન તેના દુશ્મનો સામે કાર્યવાહી ચાલુ રાખશે અને વર્તમાન સંઘર્ષ જલ્દી થંભવાનો નથી.

બીજી તરફ, ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે ઈરાનના સિક્યુરિટી ચીફ અલી લારીજાનીને મારી નાખ્યા છે. જોકે, આ દાવાની ઈરાન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ સંબંધિત અપડેટ્સ માટે નીચેનો બ્લોગ જુઓઈરાકી સેનાના કમાન્ડર-ઈન-ચીફના પ્રવક્તા સબાહ અલ-નુમાને જણાવ્યું કે કેટલાક ગેરકાયદે જૂથોએ ફરીથી રાજધાની બગદાદમાં અમેરિકી દૂતાવાસને નિશાન બનાવ્યું છે. તેમણે આને ઘૃણાસ્પદ અને ગુનાહિત હુમલો ગણાવ્યો.

અલ-નુમાને કહ્યું કે આ ઘટના ઈરાકની સાર્વભૌમત્વ અને પ્રતિષ્ઠા પર સીધો હુમલો છે અને સરકાર તેની સખત નિંદા કરે છે. તેમણે એમ પણ કહ્યું કે રાજદ્વારી મિશનોને નિશાન બનાવવા તે આંતરરાષ્ટ્રીય કરારો અને રાજદ્વારી સંબંધોનું ગંભીર ઉલ્લંઘન છે.

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શિયા અલ-સુદાનીએ સુરક્ષા એજન્સીઓને આદેશ આપ્યો છે કે હુમલા માટે જવાબદાર લોકોની શોધખોળ કરીને તેમની ધરપકડ કરવામાં આવે અને તેમને કાયદા સમક્ષ રજૂ કરવામાં આવે.ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફે કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટની સ્થિતિ હવે યુદ્ધ પહેલા જેવી રહેશે નહીં.તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ટૂંકા સંદેશમાં આ વાત કહી, પરંતુ આ અંગે વધુ વિગતો આપી નથી.આ અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અન્ય દેશોને વિનંતી કરી હતી કે આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગની સુરક્ષા માટે તેઓ પોતાની નૌસેના મોકલે.



# અમદાવાદમાં 'વહીવટદારો'ના રાજમાં કાયદો ઘૂંટણિયે?

**સરખેજમાં ખાખીના રક્ષણ હેઠળ મોટું સ્કેન્ડલ: MD ડ્રગ્સ, દારૂ અને જુગારધામના 'કલેક્શન' નું આખું નેટવર્ક ખૂલ્યું!**

• અમદાવાદ

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેવું અમદાવાદના સરખેજ વિસ્તારમાં જોવા મળી રહ્યું છે. સરખેજ પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા ગેરકાયદે કાળા કારોબારનો ભાંડો ફૂટ્યો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, અહીં પોલીસ નથી ચાલતી, પણ 'વહીવટદાર' વિપુલ આહીરનું શાસન ચાલે છે.

સરખેજ વિસ્તારમાં ઈરફાનનું જુગારધામ અને આસિફનો ઈંગ્લિશ દારૂનો હોલસેલ અડ્ડો કોઈ પણ ડર વગર ધમધમી રહ્યા છે. એટલું જ નહીં, યુવાધનને બરબાદ કરતું MD ડ્રગ્સ પણ અહીં છૂટથી વેચાય છે. આ અંગે જ્યારે જાગૃત નાગરિકો દ્વારા સરખેજ PI એલ.એલ. ચાવડાને ટેલિફોનિક જાણ કરવામાં આવે છે, ત્યારે કોઈ પગલાં લેવાને બદલે ફરિયાદીની વિગતો લીક થઈ જાય છે.

### કોણ છે આ વિપુલ આહીર?

તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, વિપુલ આહીર નામનો શખ્સ પોલીસ અને ગુનેગારો વચ્ચેની કડી છે:

* તે સરખેજ અને એરપોર્ટ પોલીસ સ્ટેશનનો સત્તાવાર 'વહીવટદાર' હોવાનું કહેવાય છે.
* તે માત્ર સ્થાનિક પોલીસ જ નહીં, પણ ઉચ્ચ અધિકારીઓના નામે પણ ઉઘરાણાં કરે છે.
* દરેક વિસ્તારમાં તેણે 'પેટા-વહીવટદારો' રાખ્યા છે, જેઓ હપ્તા ઉઘરાવી સીધા પોલીસ સુધી પહોંચાડે છે.

### સોશિયલ મીડિયા પર ફરિયાદ કરી તો 'સેટિંગ'નો ફોન આવ્યો!

ગઈકાલે જ્યારે આ મામલે X (Twitter) પર ફરિયાદ કરવામાં આવી, ત્યારે પોલીસ એક્શન લેવાને બદલે વહીવટદાર વિપુલ આહીરનો સીધો ફોન ફરિયાદી પર આવ્યો હતો. ફોન પર પોલીસના નામે 'પતાવટ કરી લઈએ' તેવી ઓફર આપીને મામલો દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ ઘટના સાબિત કરે છે કે વહીવટદારો પાસે પોલીસની તમામ આંતરિક વિગતો પહોંચી જાય છે.

### મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને સીધી ફરિયાદ

સ્થાનિક પોલીસ પરથી વિશ્વાસ ઉઠી જતાં, આ મામલે હવે સીધા મુખ્યમંત્રી (CMO) અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીને પુરાવા સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

**સળગતા સવાલો:** શું PI એલ.એલ. ચાવડા આ વહીવટદારના નેટવર્કથી અજાણ છે?

સામાન્ય જનતાની સુરક્ષા કોના ભરોસે, જો પોલીસ જ બુટલેગરોના એજન્ટો સાથે મળીને કામ કરે?

એરપોર્ટ જેવા સંવેદનશીલ વિસ્તારમાં પણ જો વિપુલ આહીર વહીવટ કરતો હોય, તો સુરક્ષાનું શું?

# કોંગ્રેસે ઓડિશામાં 3 ધારાસભ્યોને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા : રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યું

• ભુવનેશ્વર, ચંદીગઢ

ઓડિશામાં કોંગ્રેસે રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરનાર ત્રણ ધારાસભ્યોને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. જ્યારે હરિયાણામાં પક્ષ પાંચ ધારાસભ્યોને નોટિસ આપવાની તૈયારી કરી રહ્યું છે.આ દરમિયાન હરિયાણા કોંગ્રેસના કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ રામકિશન ગુર્જરે પક્ષ છોડી દીધો છે. તેમની પત્ની અને નારાયણગઢના ધારાસભ્ય શૈલી ચૌધરી પણ પક્ષમાંથી રાજીનામું આપી શકે છે.ઓડિશામાં કોંગ્રેસે રમેશ જેના, દશરથી ગોમાંગ અને સોફિયા ફિરદૌસને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. આ ત્રણેય ધારાસભ્યોએ રાજ્યસભા ચૂંટણીમાં ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર દિલીપ રાયની તરફેણમાં મત આપ્યો હતો. ક્રોસ વોટિંગના કારણે કોંગ્રેસ અને BJDના સંયુક્ત ઉમેદવારને હારનો સામનો કરવો પડ્યો હતો. બંને રાજ્યોમાં કોંગ્રેસના કુલ 8 ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું. 16 માર્ચે 11 બેઠકો પર થયેલી ચૂંટણીમાં 9 બેઠકો NDAના ફાળે ગઈ હતી. 10 રાજ્યોની 37 રાજ્યસભા બેઠકોની ચૂંટણીમાં 26 પર ઉમેદવારો પહેલાથી જ બિનહરીફ ચૂંટાઈ ગયા હતા. હરિયાણામાં રાજ્યસભાની 2 બેઠકો માટે પરિણામ વોટિંગના લગભગ 9 કલાક પછી મધ્યરાત્રિએ 1 વાગ્યે જાહેર થયું. ભાજપના સંજય ભાટિયા અને કોંગ્રેસના કર્મવીર બૌદ્ધે જીત મેળવી છે. ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર સતીશ નાંદલને હારનો સામનો કરવો પડ્યો. ચૂંટણીમાં 90 ધારાસભ્યોના મત હતા.

### લંડનમાં શીખ અને પાકિસ્તાનીઓ વચ્ચે વિવાદ

# પંજાબી રેસ્ટોરન્ટના માલિકે હલાલ મીટ મળશે નહીં બોર્ડ લગાવ્યું, 100 લોકોએ હુમલો કર્યો

• જલંધર

શીખ વ્યક્તિ રેસ્ટોરન્ટની બહાર હોબાળો કરી રહેલા લોકો અને પોલીસને સમજાવવાનો પ્રયાસ કરતી તેની પત્ની. લંડનના હાઈ-પ્રોફાઈલ હેમરસ્મિથ વિસ્તારમાં એક પંજાબી રેસ્ટોરન્ટ માલિક અને પાકિસ્તાની મુસ્લિમો વચ્ચે હલાલ મીટ મામલે વિવાદ થયો છે. 16 વર્ષથી રેસ્ટોરન્ટ ચલાવી રહેલા હરમન કપૂરે જણાવ્યું હતું કે હલાલ મીટ વેચવાનો ઈનકાર કર્યા પછી 100 પાકિસ્તાનીઓના ટોળાએ તેમના પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું- મને હલાલ મીટ વેચવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. મારા બિઝનેસને બચાવવા માટે મારે વિશ્વભરના શીખો પાસેથી મદદ માંગવી પડી રહી છે.હરમનના મતે, વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે તેણે 14 માર્ચે તેના રેસ્ટોરન્ટમાં એક બોર્ડ લગાવ્યું, જેમાં સ્પષ્ટપણે લખ્યું હતું કે તેના રંગરેઝ રેસ્ટોરન્ટમાં હલાલ મીટ મળશે નહીં. હરમનના પોસ્ટર લગાવ્યા પછી પાકિસ્તાનીઓનું ટોળું રેસ્ટોરન્ટમાં ઘુસી આવ્યું હતું. રેસ્ટોરન્ટમાં તોડફોડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. હરમન કહ્યું કે મારા પર હુમલો કરવામાં આવ્યો હતો. કટ્ટરપંથીઓએ તેના ઘરને પણ નિશાન બનાવ્યું હતું.હરમન કહી રહ્યા છે કે પોલીસે પણ કટ્ટરપંથીઓનો સાથ આપ્યો. આરોપીઓને અરેસ્ટ કરવાને બદલે ઉલટા તેમને જ અરેસ્ટ કરી લીધા. પરંતુ પૂછપરછ પછી છોડી દીધા. હરમન કહી રહ્યા છે કે 2010માં ખોલેલું તેમનું રેસ્ટોરન્ટ બંધ થવાના કગારે છે. તેમનું રેસ્ટોરન્ટ રંગરેજ પંજાબી સ્વાદ માટે પ્રખ્યાત છે. પરંતુ તેમણે ક્યારેય હલાલ મીટ વેચ્યું નથી. બ્રિટનના રેસ્ટોરન્ટ રંગરેજની બહાર લગાવેલા આ જ પોસ્ટરથી હલાલ મીટ મામલે વિવાદ શરૂ થયો.14 માર્ચ 2026ના રોજ કપૂરે X પર પોસ્ટ કરીને લખ્યું- નોન હલાલ મીટઅપ. બપોરે 2 વાગ્યે રંગરેજ આવો, વિવાદ કરનારાઓને એક્સપોઝ કરીશું.પોસ્ટ વાયરલ થતાં જ મુસ્લિમ સમુદાયના 100થી વધુ લોકો રેસ્ટોરન્ટની બહાર એકઠા થઈ ગયા. ગેટ બંધ હોવાથી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. કપૂરે તેનો વીડિયો પોસ્ટ કર્યો અને કહ્યું કે તેને ધમકીઓ મળી રહી છે.હરમન કપૂરના મતે, તેમની રેસ્ટોરન્ટ સામે 100થી વધુ લોકોએ હોબાળો કર્યો.

# ગુજરાત મહાપાલિકા જંગ-૨૦૨૬: શહેરોમાં સત્તાનું મહાભારત, કોણ મારશે બાજી?

• અમદાવાદ/રાજકોટ/સુરત/વડોદરા

ગુજરાતના ૮ મહાનગરોમાં સત્તા કબજે કરવા માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે કાંટે કી ટક્કર જામી છે. માર્ચ ૨૦૨૬ના ગરમાતા પારા સાથે રાજકીય પારો પણ ચરમસીમાએ છે. ભાજપ પોતાનો અભેદ ગઢ સાચવવા મથી રહ્યો છે, જ્યારે વિપક્ષો 'પરિવર્તન'ના નામે મતદારોને રિઝવી રહ્યા છે.

૪ મોટા શહેરોનું 'ગ્રાઉન્ડ ઝીરો' રિપોર્ટિંગ

૧. અમદાવાદ (AMC): વિકાસ વિરુદ્ધ સ્થાનિક પ્રશ્નો

અમદાવાદમાં ભાજપ મેટ્રો, રિવરફ્રન્ટ અને સ્માર્ટ સિટીના નામે મત માંગી રહ્યું છે. જોકે, કોંગ્રેસ આ વખતે પૂર્વ અમદાવાદમાં મજબૂત દેખાય છે. AAP અહીં ગત વખત કરતા વધુ બેઠકો ખેંચી જાય તેવા સંકેતો છે.

૨. સુરત (SMC): સૌથી વધુ રસાકસીનો જંગ

સુરત ફરી એકવાર ચર્ચામાં છે. અહીં ભાજપ vs AAP નો સીધો જંગ છે. પાટીદાર વિસ્તારોમાં AAP નું જોર યથાવત છે, જ્યારે વેપારી વર્ગ ભાજપની જીત નક્કી કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

૩. રાજકોટ (RMC): સૌરાષ્ટ્રનું રાજકારણ પલટાશે?


રાજકોટમાં ભાજપના આંતરિક જૂથવાદનો લાભ લેવા કોંગ્રેસ અને AAP બંને મેદાનમાં છે. પીવાના પાણીની સમસ્યા અને રસ્તાઓના મુદ્દે જનતામાં રોષ જોવા મળી રહ્યો છે.

૪. વડોદરા (VMC): પરંપરાગત જંગમાં નવો વળાંક

વડોદરામાં કોંગ્રેસે યુવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપ અહીં પોતાના સંગઠનના જોરે ફરી સત્તા મેળવવા આશાવાદી છે.

જનતાનો મિજાજ: ૩ મોટા ફેક્ટર્સ જે પરિણામ બદલશે

* મોંઘવારી અને વેરા: ગેસ-પેટ્રોલના ભાવ અને કોર્પોરેશનના પ્રોપર્ટી ટેક્સમાં વધારો મધ્યમ વર્ગને અસર કરી રહ્યો છે.
* યુવા મતદારો: ૧૮ થી ૨૫ વર્ષના નવા મતદારો આ વખતે 'પરિવર્તન' કે 'વિકાસ' કોને પસંદ કરે છે તેના પર મોટો આધાર છે.
* સંગઠન શક્તિ: ભાજપનું 'પેજ પ્રમુખ' મોડેલ હજુ પણ વિપક્ષો કરતા વધુ મજબૂત દેખાઈ રહ્યું છે.




» 'શું ૨૦૨૭નું પૂર્વાવલોકન છે આ ચૂંટણી?'

» રાજકીય વિશ્લેષકો માને છે કે જો ભાજપ ૮૦% થી વધુ બેઠકો જીતશે તો ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં તેમની પકડ વધુ મજબૂત થશે. પરંતુ જો AAP કે કોંગ્રેસ સુરત-રાજકોટમાં ગાબડું પાડશે, તો ગુજરાતમાં 'ત્રીજા પક્ષ' ની સ્વીકૃતિ કાયમી બની જશે.

### એક્ઝિટ પોલ (Exit Poll) અંદાજિત આંકડા: કોની કેટલી તાકાત?

| શહેર | કુલ બેઠકો | ભાજપ (અંદાજિત) | કોંગ્રેસ (અંદાજિત) | AAP (અંદાજિત) | અપક્ષ/અન્ય |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૯૨ | ૧૫૦+ | ૨૫ - ૩૦ | ૧૦ - ૧૨ | ૨ - ૩ |
| સુરત | ૧૨૦ | ૭૦ - ૭૫ | ૦ - ૪ | ૪૨ - ૪૮ | ૧ - ૨ |
| રાજકોટ | ૭૨ | ૫૨ - ૫૮ | ૬ - ૧૦ | ૫ - ૮ | ૦ - ૧ |
| વડોદરા | ૭૬ | ૫૮ - ૬૨ | ૧૦ - ૧૪ | ૨ - ૪ | ૦ |


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# જેતપુર પોલીસે સાયકલ, રોકડ ભરેલું પર્સ માલિકોને પરત કર્યું

### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ માલિકોને સોંપાઈ ગુમ થયેલી વસ્તુઓ










• સુરેશ ભાલીયા જેતપુર,

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા 'પોલીસ પ્રજાનો મિત્ર છે' સૂત્રને સાર્થક કરતી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. જેતપુર સીટી પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલી પાંચ સાયકલ અને રોકડ રકમ ભરેલું એક પર્સ શોધી કાઢી તેના મૂળ માલિકોને પરત કર્યું છે. આ કામગીરીએ પોલીસની પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.સર્વેલન્સ સ્ટાફે વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને પોલીસ સ્ટેશનમાં કાર્યરત જેટ આઈ કેમેરાની મદદ લીધી હતી. ટેકનિકલ અને હ્યુમન રિસોર્સના આધારે કુલ 10,000ની કિંમતની પાંચ સાયકલ શોધી કાઢવામાં આવી હતી અને તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવી હતી. આ ઉપરાંત, જેતપુર નવાગઢ રેલ્વે સ્ટેશન પાસે એક મહિલાનું 3,200 રોકડ રકમ સાથેનું પર્સ ખોવાઈ ગયું હતું. મહિલાએ પોલીસનો સંપર્ક કરતા જ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે સીસીટીવી અને જેટ આઈ કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. તપાસ દરમિયાન એક ઈસમની ઓળખ થઈ, જેની પૂછપરછ કરતા તેણે પર્સ રેલ્વે સ્ટેશન પાસેથી મળ્યું હોવાનું સ્વીકાર્યું હતું. પોલીસે આ પર્સ અને રોકડ રકમ મૂળ માલિકને પરત કરી હતી.ખોવાયેલી વસ્તુઓ પરત મળતા સ્થાનિક લોકોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી

આ સમગ્ર કામગીરીમાં પી.આઈ. એ.ડી. પરમાર સાથે એએસઆઈ મીલનસિંહ ડોડીયા, હેડ કોન્સ સાગરભાઈ મકવાણા, અમિતભાઈ સિધ્ધપરા, લખુભા રાઠોડ, ભગીરથસિંહ જાડેજા તથા પ્રદીપભાઈ આગરીયા જોડાયા હતા. પોતાની ખોવાયેલી વસ્તુઓ પરત મળતા મૂળ માલિકોએ પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

**શ્રીકૃષ્ણ અને** શું આપણે આપણા રોજિંદા જીવનમાં આપણી ભૂલોની સંખ્યા ગણીએ છીએ?

# 'શ્રીકૃષ્ણ અને શિશુપાલ' ક્ષમા અને દંડનો અનોખો પ્રસંગ 'ન્૦૦ ભૂલોની ક્ષમા' જ્યારે ધીરજ ન્યાયમાં બદલાઈ

## શિશુપાલે ૧૦૦ ગાળો આપી ત્યાં સુધી તે સુરક્ષિત હતો, પણ ૧૦૧મી ગાળે તેનું મૃત્યુ થયું

• દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

શિશુપાલે ૧૦૦ ગાળો આપી ત્યાં સુધી તે સુરક્ષિત હતો, પણ ૧૦૧મી ગાળે તેનું મૃત્યુ થયું.જીવનમાં સંબંધો અને ક્ષમાનું મૂલ્ય ઘણું મોટું છે, પરંતુ જ્યારે આ ક્ષમા અહંકારનું પોષણ કરવા લાગે ત્યારે તે વિનાશની પૂર્વભૂમિકા બને છે. મહાભારતનો શિશુપાલ વધનો પ્રસંગ માત્ર એક પૌરાણિક કથા નથી, પણ માનવ મર્યાદા અને ઈશ્વરીય ન્યાય વચ્ચેના સંતુલનની સમજ છે. આ લેખ દ્વારા આપણે જાણીશું કે કેવી રીતે અતિશયતા (Excess) માણસના વિવેકને હણી લે છે અને અંતે તેને પતનના માર્ગે લઈ જાય છે.

૧. અદભૂત જન્મ અને આકાશવાણી

શિશુપાલ ચેદી દેશનો રાજા અને વસુદેવની બહેન શ્રુતશ્રવા (સાત્વતી)નો પુત્ર હતો. એટલે કે તે સંબંધમાં શ્રીકૃષ્ણનો ફોઈનો દીકરો ભાઈ હતો. તેના જન્મ સમયે તે સામાન્ય બાળક જેવો નહોતો.તેને ત્રણ આંખો અને ચાર હાથ હતા. આ જોઈ તેના માતા-પિતા ભયભીત થયા, પણ ત્યારે આકાશવાણી થઈ 'જે વ્યક્તિના ખોળામાં બેસતા જ આ બાળકના વધારાના અંગો ખરી જશે, તે જ વ્યક્તિના હાથે તેનું મૃત્યુ થશે.'

જ્યારે શ્રીકૃષ્ણ તેને મળવા આવ્યા અને તેને ખોળામાં લીધો, ત્યારે તેના વધારાના અંગો અદ્રશ્ય થઈ ગયા. આ જાણીને શિશુપાલની માતાએ કૃષ્ણ પાસે વચન માંગ્યું કે તેઓ શિશુપાલના ગુનાઓ માફ કરે. ભગવાને વચન આપ્યું કે, 'હું તેના ૧૦૦ અપરાધ (ગાળો) માફ કરીશ.'

૨. શિશુપાલ અને શ્રીકૃષ્ણ વચ્ચેનો વૈરભાવ

શિશુપાલ નાનપણથી જ શ્રીકૃષ્ણ પ્રત્યે દ્વેષ રાખતો હતો. તેનું મુખ્ય કારણ રુકિમણી હતાં. રુકિમણીના લગ્ન શિશુપાલ સાથે નક્કી થયા હતા, પરંતુ રુકિમણી શ્રીકૃષ્ણને પ્રેમ કરતા હતા. શ્રીકૃષ્ણ તેમનું હરણ કરી ગયા અને તેમની સાથે લગ્ન કર્યા, જે અપમાન શિશુપાલ ક્યારેય ભૂલી શક્યો નહીં.

૩. રાજસૂય યજ્ઞ: અંતની શરૂઆત

પાંડવોના રાજસૂય યજ્ઞમાં જ્યારે ભીષ્મ પિતામહના કહેવાથી શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા (અગ્રપૂજા) કરવામાં આવી, ત્યારે શિશુપાલનો ક્રોધ ફાટી નીકળ્યો. તેણે આખી સભામાં શ્રીકૃષ્ણને 'ગોવાળિયો' અને 'કપટી' કહીને અપમાનિત કર્યા. તે ભીષ્મ અને પાંડવોને પણ કટુ વચનો કહેવા લાગ્યો. શ્રીકૃષ્ણ શાંતિથી તેની ગાળો ગણતા રહ્યા. જેવી ૧૦૧મી ગાળ બોલાઈ, ભગવાનનું વચન પૂરું થયું. તેમણે સુદર્શન ચક્ર છોડ્યું અને ભરી સભામાં શિશુપાલનો વધ કર્યો. વિચારવા જેવું શિશુપાલે ૧૦૦ ગાળો આપી ત્યાં સુધી તે સુરક્ષિત હતો, પણ ૧૦૧મી ગાળે તેનું મૃત્યુ થયું. શું આપણે આપણા રોજિંદા જીવનમાં આપણી ભૂલોની સંખ્યા ગણીએ છીએ? યાદ રાખજો, ઈશ્વરની ધીરજ અનંત છે, પણ અસીમ નથી!



શિશુપાલના જીવનમાંથી મળતો બોધ શ્રીકૃષ્ણએ ૧૦૦ ગાળો સુધી ધીરજ રાખી. આ દર્શાવે છે કે જ્ઞાની પુરુષ હંમેશા તકની રાહ જુએ છે અને મર્યાદા જાળવે છે.

લોહીનો સંબંધ પણ જો અધર્મનો સાથ આપે, તો તે દંડથી બચી શકતો નથી. શિશુપાલનો વધ એ તેના અહંકારનો વધ હતો. અહંકાર માણસને અંધ બનાવી દે છે, જેના કારણે તે ભગવાનને પણ ઓળખી શકતો નથી.

શિશુપાલનું પાત્ર આપણને એ યાદ અપાવે છે કે ઈશ્વર દયાળુ છે અને આપણી ભૂલો માફ કરે છે, પરંતુ 'અતિ સર્વત્ર વર્જયેત' (અતિશયતાનો બધે ત્યાગ કરવો જોઈએ). જ્યારે ભૂલોની સંખ્યા મર્યાદા બહાર જાય, ત્યારે ન્યાય પણ એટલો જ કઠોર હોય છે.

'પાપનો ઘડો ભરાય ત્યારે તે ફૂટે જ છે, પછી ભલે તેને પકડનાર હાથ ગમે તેટલા શક્તિશાળી કેમ ન હોય. 'ક્ષમા કરે છે ઈશ્વર ત્યાં સુધી, જ્યાં સુધી વિવેક જીવે છે, પણ પાપનો ઘડો ભરાય ત્યારે, કાળ પણ હિસાબ લે છે. અહંકારમાં અંધ બની જેણે, કૃષ્ણને પણ ન ઓળખ્યા, એ શિશુપાલના અસ્તિત્વને,સુદર્શને ક્ષણમાં રોળ્યા.'

### ચાણોદ ભીમપુરા દરિયાપુરા માર્ગ ને જોડતા માર્ગ પર

# 50 લાખના ખર્ચે નિર્માણ પામેલ આરસીસી રોડ પર રેતી કપચી માટીના પાડા થી વાહન ચાલકો પરેશાન

**પરેશાન** તૈયાર થયેલા માર્ગ પર રોડની ગેરંટી તેમજ રોડના કામની વિગત દર્શાવતું બોર્ડ લગાવવામાં

સરકાર શ્રી દ્વારા લોક સુખાકારી માટે 50 લાખના ખર્ચે સુવિધા પથ બનાવ્યો પણ હાલ આ માર્ગ રેતી કપચી માટીના ના કારણે લોકોની મુશ્કેલી વધી સુવિધા પથ હલ તો સુવિધાપથ કોન્ટ્રાક્ટરની બેદરકારી થી અસુવિધાપથ હોય તેવા દ્રશ્ય સર્જાય

તૈયાર થયેલા માર્ગ પર રોડની ગેરંટી તેમજ રોડના કામની વિગત દર્શાવતું બોર્ડ લગાવવામાં

તૈયાર થયેલ રોડ પરથી હાલ ગર્ભવતી મહિલા એ વાહન પર પસાર થવા જોખમ ભરેલું જ છે

ડભોઈ તાલુકાના તીર્થધામ ચાણોદ ખાતે થોડા સમય પહેલા સરકાર શ્રી દ્વારા ચાણોદ ભીમપુરા દરિયાપુરા માર્ગને જોડતા રોડ પર ચાણોદ થી



ભીમપુરા વચ્ચે 600 મીટર નો 50 લાખના ખર્ચે આરસીસી રોડ નાકામની ફાળવણી વડોદરા ના કૈલાશ પ્રોજેક્ટ ને કામ સોંપવામાં આવેલ હતું જે દ્વારા સીસી રોડ ની કામગીરી કરાઈ હતી પરંતુ આ નવીન બનેલા આરસીસી રોડ ને લઈને શરૂઆતથી નગરજવવામાં ગુણવત્તા ને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા હતા રોડ નિર્માણ થયા પછી રોડ પર પાણીનો છંટકાવ ને લઈને પાડા બાંધવામાં આવેલ હતા જે ઘણા સમયે થયા રોડ ચાલુ થયા ને પરંતુ આરસીસી રોડ પરના પાણી ભરવાના ક્યારા કોન્ટ્રાક્ટર દ્વારા તોડવામાં આવેલ ન હતા જેથી આ આખો રસ્તો વાહન ચાલકો માટે માથાનો દુખાવો બની ગયો છે રોડ પર હાલ ઠેર ઠેર રેતી કપચી ગ્રેવલ રસ્તા પર આમતેમ વેરાયેલા હોય જેથી આવતા જતા ટુ-વ્હીલર બાઈક ચાલકો રીક્ષા સાયકલ મોટા વાહનો ભાર આપતા બેઠી રહ્યા છે આખો માર્ગ ડિસ્કો રોડ બનતા વાહન ચાલકો અને માથાના ભાગે કમરના ભાગે જાણે ઝાટકા વાગતા હોય તેમ અનુભવ થઈ જાય છે વાહનો રેતી કપચી માં સ્લીપ મારવાના બનાવો બનવા પામે છે તેમજ રોડ તૈયાર થઈ ગયો હોવા છતાં રોડની બંને સાઈડ પુરાણ ન કરતા રોડ જમીનની લેવલથી એક ફૂટ જેટલો ઊંચો હોય જેથી વાહન ચાલકોએ વાહન નીચે ઉતારવા મુશ્કેલ બન્યું છે તેમજ રસ્તાની આજુબાજુ રહેતા ઘરો ના વાહનો પણ નીચે ઉતારવામાં તકલીફનો સામનો કરી રહ્યા છે આવી જ રીતે ચોમાસામાં પાણીના નિકાલ ને લઈને પણ પ્રશ્ન સર્જાય એમ લોકમુખે છે ચર્ચા રહ્યું છે ગટરના પાણી નો નિકાલ બાબતે પણ લોકોમાં ચર્ચાનો વિષય રહ્યો છે આ સાથે આ રોડના પ્લાન્ટ એસ્ટીમેન્ટ તેમજ રોડનું આયુષ્ય ની જવાબદારી રોડ ના કામ ની વીગતો નિર્દેશ કરતું બોર્ડ લગાવવા માંગ ઉઠી છે ત્યારે ચાણોદમાં વિકાસના કામ થતા હોય તે યોગ્ય રીતે થાય તે જોવાની જવાબદારી કોની? એમ ચર્ચા નો વિષય રહ્યો છે.

# પોરબંદર મહાનગર પાલિકા દ્વારા મારુતિનગર(છાયા) માં સરકારી જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણ દૂર

### ૧૦ વિઘાનો ઘાસચારો કટીંગ કરાવી ઓડદર ખાતે ગૌશાળાને મોકલી માનવતાભર્યું ઉદાહરણ

• ગોસા(ઘેડ) તા. ૧૭

પોરબંદર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે સઘન ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસોથી શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર પેશકદમી દૂર કરવાની કાર્યવાહી સતત આગળ વધી રહી છે.

આ અંતર્ગત શહેરના મારુતિનગર (છાયા) વિસ્તારમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે પેશકદમી કરી ઘાસચારો વાવવામાં આવ્યો હોવાનો મામલો સામે આવ્યો હતો. મહાનગરપાલિકાના સેનિટેશન ઓફિસરજગદીશભાઈ ઢાંકીએ સ્થળ પર પહોંચી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

જમીન ખાલી કરાવતાં પહેલાં માનવતાના દ્રષ્ટિકોણથી અને સદુપયોગના હેતુસર, પેશકદમી કરીને કરવામાં આવેલા ઘાસચારોનું મજૂરો દ્વારા કટિંગ કરાવવામાં આવ્યું હતું. અંદાજે ૧૦થી વધુ વીઘા વિસ્તારમાં







થયેલા ઘાસચારાની કાપણી કરી તેને મહાનગરપાલિકાના વાહનો દ્વારા ઓડદર ગૌશાળા ખાતે મોકલવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી દ્વારા એક તરફ ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું, તો બીજી તરફ ગૌવંશ માટે ઉપયોગી ઘાસચારાનો યોગ્ય સદુપયોગ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાની આ કામગીરીને નગરજનો દ્વારા પ્રશંસા મળી રહી છે.

પોરબંદર મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે ભવિષ્યમાં પણ ગેરકાયદેસર દબાણો સામે કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને શહેરના સુવ્યવસ્થિત વિકાસ માટે સતત પ્રયાસો હાથ ધરાશે.

# કુકાવાવ તાલુકાના કોલડા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

આ સેવા સેતુ કાર્યક્રમમાં ગામની આશા વર્કર બહેનો દ્વારા તમામ લાભાર્થીઓને સેવા સેતુ કાર્યક્રમ વીસે પ્રસાર કર્યો હતો. કાર્યક્રમમાં આરોગ્ય કેન્દ્ર દ્વારા બિનચેપી રોગો બીપી ડાયાબિટીસ તેમજ સ્થળ ઉપર સારવાર કરવામાં આવેલ હતી. મોટા આકડીયા સબ પોસ્ટ ઓફીસ ની જંગર પોસ્ટ ઓફીસ દ્વારા



ઈન્ડિયા પોસ્ટ પેમેનટસ બેક ખાતા અને વીમા અને પોસ્ટ ઓફિસની વિવિધ સ્કીમો માટે માહીતી આપવામાં આવી હતી પીજી. વીસેલ કુકાવાવ દ્વારા નાના ટ્રાન્સફર બાબતની માહીતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં વડીયા મામલતદાર કે આઈ સીધી ખાસ હાજર રહ્યા હતા. કોલડા ગામના સેવા સેતુ કાર્યક્રમના લાભાર્થીઓએ ગામના સરપંચ ભરત ભાઈ ગોંડલીયાનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલડા ગામના સરપંચ ભરતભાઈ ગોંડલીયા ઉપસરપંચ વિઠલભાઈ સોરઠીયા માજી સરપંચ રમેશભાઈ સોરઠીયા વિજયભાઈ માધડ અશોકભાઈ માધડ દયાબેન ગોડલીયા અને તલાટી મંત્રી જે. આર. ગોસાઈ તેમજ ગ્રામ પંચાયતની ટીમ દ્વારા ભારે રહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બોટાદ LCB પોલીસે મોટાછૈડા અને પાળીયાદ ગામેથી બીયરનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો



મોટાછૈડા ગામની સીમમાંથી બીયરના 1608 ટીન અને પીકઅપ ગાડી તેમજ પાળીયાદમાં ગેસ એજન્સી પાસે વાડીમાંથી 1896 બિયરના ટીન સાથે કુલ-12,63,680 નો મુદ્દામાલ કબ્જે કર્યો.ભાવનગર રેન્જ આઈ.જી રાજેન્દ્ર અસારી તેમજ બોટાદ જિલ્લા પોલીસ વડા(IPS)ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાં દારૂની બદી નાબૂદ કરવાની સૂચના આપવામાં આવેલ હોય જે સૂચના ને લઈને બોટાદ જીલ્લા LCBના PI એમ.જી. જાડેજા ના માર્ગદર્શન હેઠળ LCB ના PSI એસ.બી.સોલંકી,PSI એચ.એ.વસાવા તેમજ LCB પોલીસ સ્ટાફના ભાવેશભાઈ શાહ, હરેશભાઈ ખેરાળીયા, કલ્પેશભાઈ સાપરા ,રસિકભાઈ ગરથરા, ભગીરથસિંહ લીંબોલા, જયેશભાઈ ધાંધલ, બળદેવસિંહ લીંબોલા રાજેન્દ્રસિંહ ડોડીયા એ પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે પાળીયાદમાં સુરેન્દ્રનગર ના જુના માર્ગે ગેસ એજન્સી પાસે વાડીમાંથી 1896 બિયરના ટીન સાથે રૂ.4,17,120 નો મુદ્દામાલ ઝડપી પાડ્યો તેમજ મોટાછૈડા ગામની સીમમાંથી 1608 બિયરના ટીન પીકઅપ ગાડી સહિત રૂ.8,46,560 નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો.

### તા. ૨૬ માર્ચના રોજ સનાતન આશ્રમથી પ્રભુ રામલલ્લાની ભવ્ય શોભાયાત્રા નગરના રાજમાર્ગો પર ગજવશે જયઘોષ

# સાવરકુંડલામાં રામ જન્મોત્સવના શ્રીગણેશ: ભક્તિમય માહોલમાં સંપન્ન થયું કાર્યાલયનું મંગલ ઉદ્ઘાટન

• સાવરકુંડલા

અયોધ્યાધામમાં નવનિર્મિત ભવ્ય મંદિરમાં બિરાજમાન પ્રભુ શ્રી રામલલ્લાના દિવ્ય આશીર્વાદથી, સાવરકુંડલાની ધર્મપ્રેમી જનતા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ 'શ્રી રામ જન્મોત્સવ' ની ભક્તિસભર અને ધામધૂમથી ઉજવણી કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન મહોત્સવના મંગળ પ્રારંભ રૂપે ગત રાત્રિએ સાવરકુંડલાના હાર્દ સમાન વિસ્તારમાં 'શ્રી રામ જન્મોત્સવ કાર્યાલય'નું શાસ્ત્રોક્ત વિધિ સાથે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પોસ્ટ ઓફિસ રોડ સ્થિત કાર્યાલય ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શ્રી સત્યનારાયણ ભગવાનની પવિત્ર કથાનું રસપાન



કરાવવામાં આવ્યું હતું. મંત્રોચ્ચાર અને ભક્તિમય વાતાવરણમાં કાર્યાલયને કાર્યરત કરવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત રામભક્તોના 'જય શ્રી રામ'ના ગગનભેદી નાદથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે સાવરકુંડલાની જનતાએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રભુનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

શ્રી રામ જન્મોત્સવ સમિતિ - સાવરકુંડલા દ્વારા આગામી મુખ્ય મહોત્સવની જાહેરાત કરવામાં આવી છે કે તારીખ ૨૬/૦૩/૨૦૨૬, સનાતન આશ્રમે થી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સનાતન આશ્રમથી મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામની એક વિશાળ અને નયનરમ્ય શોભાયાત્રા પ્રસ્થાન કરશે. આ યાત્રામાં વિવિધ શણગારેલા રથો, ધર્મધજાઓ અને ભજન મંડળીઓ આકર્ષણનું કેન્દ્ર રહેશે, જે સાવરકુંડલાના મુખ્ય રાજમાર્ગો પર ભ્રમણ કરી ભક્તિનો રંગ રેલશે. શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા સાવરકુંડલાના સમસ્ત સનાતની ધર્મપ્રેમી ભાઈ-બહેનોને આગ્રહભરી વિનંતી કરવામાં આવી છે કે, આગામી ૨૬ તારીખે યોજાનારી આ ઐતિહાસિક શોભાયાત્રામાં સપરિવાર જોડાઈને પ્રભુ ભક્તિના આ મહાકુંભમાં સહભાગી બને. કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ભક્તોમાં જે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો, તેનાથી એ સ્પષ્ટ છે કે આ વર્ષનો રામ જન્મોત્સવ સાવરકુંડલાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

# નરોડા બ્રિજ પાસેથી 1 કરોડનો વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

### હરિયાણાથી અસલાલી લઈ જવાતી હતી પેટીઓ, આરોપી ડ્રાઇવરની ધરપકડ

• અમદાવાદ



હરિયાણાથી અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં લઈ જવાતો 1 કરોડ રૂપિયાનો વિદેશી દારૂ અમદાવાદ પોલીસ કમિશનરની PCB સ્ક્વોડ દ્વારા નરોડા વિસ્તારમાં આવેલા સુતર કારખાના બ્રિજ પાસેથી પકડી પાડવામાં આવ્યો છે. પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી 1.28 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સાઈકલની ખોટી બીલટી બનાવી હરિયાણાના હિસારથી દારૂ ગુજરાત લવાતો હતો. આખું કન્ટેનર ભરેલો એક કરોડનો દારૂ ગુજરાતમાં લાવવામાં આવ્યો હતો જે અમદાવાદ ગ્રામ્યના અસલાલી તરફ લઈ જવાતો હતો. પીસીબી દ્વારા દારૂનો જથ્થો ઝડપી આરોપી ડ્રાઈવરની ધરપકડ બાદ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ પોલીસ કમિશનરની PCB સ્ક્વોડના પીઆઈ જે.પી. જાડેજાની ટીમને બાતમી મળી હતી કે હરિયાણાથી રાજસ્થાન પાર્સિંગનું એક મોટું કન્ટેનર અમદાવાદમાં આવી રહ્યું છે જે નરોડા રીંગરોડથી સુતરના કારખાના પાસેથી પસાર થવાનું છે જેના આધારે PCB ટીમ સુતર કારખાના બ્રિજ પાસે મોડી રાત્રે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળું કન્ટેનર આવતાની સાથે જ તેને રોકવામાં આવ્યું હતું. પોલીસે ડ્રાઈવરની પૂછપરછ કરતા તેનું નામ માંગીરામ જાટ (રહે. રાજસ્થાન) હોવાનું જણાવવામાં આવ્યું હતું. ડ્રાઈવર પાસે કન્ટેનરમાં વસ્તુ અંગેની બિલ માંગવામાં આવ્યું હતું. જેથી તેણે સાઈકલનો જથ્થો હોવા અંગેની બિલ્ટી બતાવી હતી. કન્ટેનરમાં દારૂ હોવાની બાતમીને લઈને ટીમ દ્વારા કન્ટેનર ખોલીને તપાસ કરવામાં આવી હતી.

નરોડા પોલીસ સ્ટેશન ખાતે મુદ્દામાલ લાવી આરોપી ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધાયો જ્યારે કન્ટેનર ખોલીને તપાસ કરી તો તેમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂની પેટીઓના બોક્સ ભરેલા મળી આવ્યા હતા. અડધું કન્ટેનર ભરીને વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો હોવાને લઈને આખી રાત ટીમ દ્વારા ગણતરી કરવામાં આવી હતી. 23,232 નંગ બોટલો ભરેલી 892 દારૂની પેટીઓનો કુલ 1.08 કરોડનો જથ્થો મળી આવ્યો હતો. નરોડા પોલીસ સ્ટેશન ખાતે મુદ્દામાલ લાવી આરોપી ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

**નામપલ્લી** સંત રાજીન્દર સિંહજી મહારાજે આગળ કહ્યું કે 84 લાખ યોનિઓ માં મનુષ્ય જન્મ સૌથી ઉત્તમ છે

# નામપલ્લી એક્ઝિબિશન ગ્રાઉન્ડ્સમાં સંત રાજીન્દર સિંહજી મહારાજના સત્સંગમાં વિવિધ ધર્મોના હજારો લોકો જોડાયા

### "કબીરા તું હી, કબીર તું, તેરા નામ કબીર" (અર્થાત્–કબીર, તમે જ કબીર છો, તમારું નામ મહાન છે)

• હૈદરાબાદ




વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને સાવન કૃપાલ રૂહાની મિશનના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજના સત્સંગ અને આધ્યાત્મિક દીક્ષા કાર્યક્રમ માટે વિવિધ ધર્મોના હજારો ભાઈ-બહેનો રોજ હૈદરાબાદના નામપલ્લી સ્થિત એક્ઝિબિશન ગ્રાઉન્ડ્સમાં એકત્રિત થયા. સંત રાજીન્દર સિંહજી મહારાજ સાત વર્ષ બાદ 'મોતીઓના શહેર' હૈદરાબાદમાં આધ્યાત્મિક પ્રેમ અને દિવ્યતાનો સંદેશ લઈને આવ્યા।

આ આધ્યાત્મિક કાર્યક્રમની શરૂઆતમાં આદરણીય માતા રીતાજી એ સંત કબીર સાહેબ દ્વારા લખાયેલ એક ભજન પોતાના મધુર સ્વરે ગાયું, જેના બોલ હતા: "કબીરા તું હી, કબીર તું, તેરા નામ કબીર" (અર્થાત્–કબીર, તમે જ કબીર છો, તમારું નામ મહાન છે)।આ ભજનની વ્યાખ્યા કરતા સંત રાજિન્દર સિંહજી મહારાજે કહ્યું કે, "જો આપણે જીવનનો સાચો હેતુ–પોતાને ઓળખવો અને પરમપિતા ભગવાનને પ્રાપ્ત કરવો–હાંસલ કરવો હોય, તો આપણાં અંદર રહેલા પ્રભુના દિવ્ય ખજાના ને પ્રાપ્ત કરવા પડશે।" તેમણે જણાવ્યું કે મન અને ઈન્દ્રિયોના પ્રભાવ હેઠળ જીવતા આપણે ઘણીવાર ગર્વ, મોહ અને અહંકાર થી ભરાઈ જઈએ છીએ અને દુનિયાની ભૌતિક વસ્તુઓ એકત્રિત કરતાં આખું જીવન તેમાં ગર્વ અનુભવીએ છીએ। આપણને આ વિચાર જ નથી આવતો કે સાચા ખજાના બહાર નહીં પરંતુ આપણા અંદર જ છુપાયેલા છે। ઉંમર વધતી જાય તેમ આપણે ક્યારેક અસત્યનો સહારો પણ લઈએ છીએ, જેના કારણે આપણા કર્મોનો ભાર વધતો જાય છે અને આપણે પરમપિતા ભગવાનથી દૂર થઈએ છીએ। તેના વિરુદ્ધ, જે લોકોનો ધ્યાન ભગવાન તરફ હોય છે, તે જ જીવનના આ સાગરમાંથી પાર ઉતરે છે।સંત રાજીન્દર સિંહજી મહારાજે આગળ કહ્યું કે 84 લાખ યોનિઓ માં મનુષ્ય જન્મ સૌથી ઉત્તમ છે, જે આપણને આત્મસ્વરૂપ ને ઓળખવા અને પરમપિતા ભગવાનને મેળવવા માટે મળ્યો છે। આ માનવ જન્મ મળ્યા બાદ કોઈપણ વસ્તુનો ગર્વ ન કરવો જોઈએ, કારણ કે રાજા હોય, ફિલોસોફર હોય, કલાકાર હોય કે સામાન્ય વ્યક્તિ–એક દિવસ બધાને આ શરીર છોડવું જ પડે છે। ત્યારબાદ આપણા રિવાજ મુજબ શરીરને દફનાવવામાં આવે છે અથવા દાહ કરવામાં આવે છે। તેથી સંતો અને મહાપુરુષો વારંવાર સમજાવે છે કે સંપત્તિ અને ખોટા માન-સન્માન પર ગર્વ ન કરવો જોઈએ, કારણ કે મૃત્યુ પછી બધું અહીં જ રહી જાય છે.અંતમાં તેમણે કહ્યું કે જો આપણે સત્ય પ્રાપ્ત કરવું હોય, તો સંસારિક ઈચ્છા નો ત્યાગ કરીને ભગવાન તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે, કારણ કે પ્રભુના દિવ્ય ખજાના આપણા અંદર જ છે। ધ્યાન અભ્યાસ દ્વારા આપણે પરમાનંદ અને સદા રહેતી ખુશીનો અનુભવ કરી શકીએ અને આ માનવ જીવનના હેતુને પૂર્ણ કરી શકીએ જેથી આ જ જીવનમાં આત્માનો પરમપિતા સાથે મિલન થાય।સત્સંગ પછી સંત રાજીન્દર સિંહજી મહારાજે નવા ભાઈ-બહેનોને આધ્યાત્મિક દીક્ષા આપી અને તેમને પ્રભુની જ્યોતિ અને શ્રુતિનો અનુભવ કરાવ્યો।પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજ એક નફારહિત સંસ્થા સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ છે, જેને પશ્ચિમી દેશોમાં "સાયન્સ ઓફ સ્પિરિચ્યુઅલિટી" તરીકે ઓળખવામાં આવે છે। તેમના જીવન અને આધ્યાત્મિક કાર્યને પ્રેમ અને નિસ્વાર્થ સેવાની અવિરત યાત્રા તરીકે જોવામાં આવે છે। તેમનો હેતુ વિશ્વભરના લાખો લોકોને જીવનના મુખ્ય ધ્યેય–પોતાને ઓળખવો અને પરમપિતા ભગવાનને મેળવવો–શોધવામાં મદદ કરવાનો છે।તેઓ છેલ્લા 35 વર્ષથી જીવનના તમામ ક્ષેત્રોના લાખો લોકોને ધ્યાન અભ્યાસ શીખવી રહ્યા છે અને તેમને પોતાના અંદર જ પ્રભુની જ્યોતિ અને શ્રુતિનો અનુભવ કરાવી રહ્યા છે।સંત રાજીન્દર સિંહજી મહારાજને વિશ્વભરમાં ધ્યાન આધારિત સેમિનારો, આધ્યાત્મિક પુસ્તકો, DVD, ઑડિયો બુક્સ, લેખ, ટીવી, રેડિયો, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા દ્વારા લાખો લોકોને માર્ગદર્શન આપવા બદલ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત છે.

### યુદ્ધ શરુ થાય પહેલા નીકળેલા જહાજો ઉપર વોર રિસ્ક સરચાર્જ લાદી દેવામાં આવ્યો છે

# યુદ્ધના લીધે ગુજરાત-ભારતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સ ઉપર લાગ્યું વોર રિસ્ક સરચાર્જનું ગ્રહણ

**અટવાયા** ગુજરાત રાજ્યના ૧૨૦૦૦ કન્ટેનરથી વધુ વોર કન્ટિજન્સી રિકવરીમાં અટવાયા

ગુજરાતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સને ૨૫૦ થી ૫૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થશે. એસ એમ માહી નામના જહાજના ૨૬૭૭ કન્ટેનરોને દુબઈ પોર્ટ ઉપર ઉતારવાના હતા તેની જગ્યાએ સાઉદી અરેબિયાના જેદાહ પોર્ટ ઉપર ઉતારી દીધા. એસ એમ માહી જહાજના કન્ટેનરોને પાછા મુન્દ્રા પોર્ટ પર લાવવામાં આવશે કે બીજી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે તે પ્રશ્ન માટે પણ એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓને ચિંતામાં છે. ઝોન્ગ ગુ નાંગ નામનું જહાજ જેની કેપેસિટી ૪૬૦૦ કન્ટેનરોની છે તે મુન્દ્રા થી ટ્રાન્ઝિટ થઈ હજી જવાહરલાલ નેહરુ પોર્ટ નવી મુંબઈ ઉપર છે. દરિયામાં ગયું નથી છતાં તેમના ઉપર વોર રિસ્ક સરચાર્જ લાગી ગયો છે.ભારતના આશરે ૪૦ થી વધુ શિપ માં ૮૦,૦૦ થી વધુ કન્ટેનરો અટવાયેલા હશે તેવો અંદાજકોંગ્રેસ પક્ષ દ્વારા પોર્ટ અને શિપિંગ મંત્રીને દેશના એક્સપોર્ટરો અને કસ્ટમ હાઉસ એજન્ટો વતી કરોડો રૂપિયાના યુદ્ધના દંડથી બચાવવાં માટે રજૂઆત કરવામાં આવશેરાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો.પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ઈરાન અમેરિકા - ઈઝરાયલ યુદ્ધનું સંકટ માત્ર ગેસ પૂરતું સીમિત નથી , ભારતના એક્સપોર્ટ કરનારા ધંધાર્થીઓ અને ફ્રેઈટ કંપનીઓ સંકટમાં આવી ગઈ છે. યુદ્ધના લીધે ગુજરાત-ભારતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સ ઉપર લાગ્યું વોર રિસ્ક સરચાર્જનું ગ્રહણ. યુદ્ધથી સમગ્ર વિશ્વ કટોકટીમાં છે ત્યારે ભારતના એક્સપોર્ટરો ઉપર વોર કન્ટિજન્સી રિકવરીનું સંકટ આવીને ઊભું છે. શિપિંગ કંપનીઓ દ્વારા ૨૦ ડિવિ (ફૂટ)કન્ટેનર ઉપર ૨૦૦૦ ડોલર અને ૪૦ ડિવિ(ફૂટ) ઉપર ૪૦૦૦ ડોલરનો વધારો નાખી દેવામાં આવ્યો છે. ભારતનો મશીનરી, ગારમેન્ટ, ખાધ્ય સામગ્રી સહિત મોટા પ્રમાણમાં પશ્ચિમ એશિયાના દેશો જોડે એક્સપોર્ટનો વેપાર છે જેમાં યુ.એ.ઈ, સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત, કતાર અને ઈરાક જેવા દેશોનો સમાવેશ થાય છે. જ્યાં એક્સપોર્ટર્સ ઉપર એકબાજુ ૨૦૦૦ થી ૪૦૦૦ ડોલર વોર કન્ટીજન્સી રિકવરી નાખી દેવામાં આવી છે ત્યાં બીજી બાજુ રિજિયોનલ કન્ટેનર લાઈન્સ દ્વારા શિપમેન્ટના જનરલ રેટ વધારી દેવામાં આવ્યા છે. જે શીપમેન્ટમાં ૨૦ જીપી ૩૦૦-૩૫૦ ડોલરથી દુબઈ ટ્રાન્સપોર્ટ થઈ જતા હતા તેમાં ૨૦૦૦ ડોલરનો વધારો કરી દેવામાં આવ્યો છે અને ૪૦ એચસી કન્ટેનરના શિપમેન્ટમાં ૪૦૦૦ ડોલરનો વધારો કરી નાખવામાં આવ્યો છે. યુદ્ધની કટોકટીના સમયમાં ભાવવધારો અને વોર રિસ્ક સર્જન્સીના લીધે એક્સપોર્ટર્સને કરોડો રૂપિયાનું નુકશાન થવાનું છે. નિર્ણય યુદ્ધની પરિસ્થિતિ માત્ર યુદ્ધની શરૂઆત થઈ તે બાદ પૂરતો સીમિત નથી તે પેહલા જે જહાજો નીકળીને દરિયાની વચ્ચે છે તેને પણ લાગુ કરવામાં આવ્યો છે, જેના બુકિંગ થઈ ગયા હોય તેને લાગું પડશે. ગુજરાત રાજ્યમાં ૬ થી ૭ જેટલા જહાજોમાં એક્સપોર્ટરોના ૧૨૦૦૦ કરતા વધુ કન્ટેનરોને ૨૫૦ કરોડ થી ૫૦૦ કરોડની વોર રિસ્ક સર્જન્સી ભરપાઈ કરવી પડશે. જો એક્સપોર્ટરો દ્વારા તે નહીં ભરપાઈ થાય તો તે ફ્રેઈટ કંપનીઓ એટલે કસ્ટમ હાઉસ એજન્ટોના માથે આવશે. એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓ દુવિધામાં છે કેમ કે તેમના કન્ટેનરો જે પોર્ટમાં મોકલ્યા હોય તેની જગ્યાએ બીજા પોર્ટ પર ઉતારી દેવામાં આવ્યા છે તેવું કિસ્સો પણ સામે આવ્યું છે. એસ એમ માહી નામનું જહાજ જેની કેપેસિટી ૨૬૭૭ જેટલા કન્ટેનરોની હતી તે જહાજ દુબઈ જેબેલ અલી પોર્ટ ઉપર જવાનું હતું તેની જગ્યાએ કન્ટેનરો જેદ્દાહ પોર્ટ ઉપર ઉતારી દેવામાં આવ્યા છે. તે કન્ટેનરોને પાછા મુન્દ્રા પોર્ટ પર લાવવામાં આવશે કે બીજી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે તે પ્રશ્ન માટે પણ એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓને ચિંતામાં છે. ઝોન્ગ ગુ નાંગ નામનું જહાજ જેની કેપેસિટી ૪૬૦૦ કન્ટેનરોની છે તે મુન્દ્રા થી ટ્રાન્ઝિટ થઈ હજી જવાહરલાલ નેહરુ પોર્ટ નવી મુંબઈ ઉપર છે. દરિયામાં ગયું નથી છતાં તેમના ઉપર વોર રિસ્ક સરચાર્જ લાગી ગયો છે. શિપિંગ કંપનીઓ દ્વારા જે પ્રકાર સંકટના સમયનો દુરુપયોગ કરવામાં આવ્યો છે તે ચિંતાનો વિષય છે.

# બાળકો લઘુશંકા કરવા ગયા ને મહિલાની સળગેલી લાશ જોઈ

### નોબલનગર ચાર રસ્તા પર ફૂટપાથ પરથી મૃતદેહ મળતા ખળભળાટ, પોલીસે તપાસ શરૂ કરી

• અમદાવાદ



અમદાવાદના નોબલનગર ચાર રસ્તા પાસે મહિલાની સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. નોબલનગર ચાર રસ્તા પાસે ફૂટપાથ ઉપર જાળીઓમાં કચરાઓની વચ્ચે બળેલી હાલતમાં લાશ પડી હોવા અંગેનો મેસેજ મળતાં એરપોર્ટ પોલીસ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. પોલીસે પ્રાથમિક તપાસ બાદ FSLની ટીમને જાણ કરી હતી.આજે(17 માર્ચ)સવારે ફૂટપાથની સામેના ભાગે આવેલા ઝુપડપટ્ટીમાં રહેતા કેટલાક છોકરાઓ લઘુશંકા કરવા માટે જાળીઓ પાસે ગયા હતા તે દરમિયાનમાં મહિલાની બળેલી હાલતમાં લાશ જોઈ હતી. જેથી તાત્કાલિક ધોરણે બાળકોએ ચાર રસ્તા ઉપર હાજર ટ્રાફિક પોલીસના TRB જવાનને જાણ કરી હતી અને તેણે પોલીસને જાણ કરી હતી.નોબલનગર ચાર રસ્તા પાસે ફૂટપાથ પર મહિલાની બળેલી હાલતમાં લાશ મળી શહેરના નોબલનગર ચાર રસ્તા પાસે ફૂટપાથ ઉપર જાળીઓમાં એક મહિલાની બળેલી હાલતમાં લાશ પડી હોવા અંગેનો મેસેજ પોલીસ કંટ્રોલ રૂમમાં મળ્યો હતો. જેના આધારે એરપોર્ટ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી છે. એરપોર્ટ પોલીસ સ્થળ ઉપર પહોંચી ત્યારે નોબલનગર ચાર રસ્તાની સામેના ભાગે કોતરપુર વોટર વર્કસની દીવાલ નજીક આવેલી જાળીઓમાં એક મહિલાની બળેલી હાલતમાં લાશ પડી હતી. ઘટના અંગે પોલીસ દ્વારા એફએસએલની ટીમને જાણ કરવામાં આવી હતી.રાત્રિ દરમિયાન કોઈ વ્યક્તિ દ્વારા કચરો બાળવાની આડમાં લાશને બાળી નાખી હોવાથી હાલ પૂરતું જાણવા મળ્યું છે. ફૂટપાથની સામેના ભાગે આવેલા ઝુપડપટ્ટીમાં રહેતા કેટલાક છોકરાઓ લઘુશંકા કરવા માટે જાળીઓ પાસે ગયા હતા તે દરમિયાનમાં મહિલાની બળેલી હાલતમાં લાશ જોઈ હતી. જેથી તાત્કાલિક ધોરણે બાળકો દ્વારા ચાર રસ્તા ઉપર હાજર ટ્રાફિક પોલીસના TRB જવાનને જાણ કરવામાં આવી હતી.

# માણસાના લીમ્બોદરામાં હથિયારધારી ટોળકી પરિવાર પર હુમલો કરી પરિણીત યુવતીને ઉઠાવી ગયાં

### દાદાની નજર સામે 21 વર્ષીય પૌત્રીનું અપહરણ

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લીમ્બોદરા ગામમાં પશુપાલક પરિવાર પર હથિયારધારી ટોળકીએ હુમલો કરી પરિવારના સભ્યોને માર મારી 21 વર્ષીય પૌત્રીનું ફિલ્મી ઢબે અપહરણ કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ મામલે માણસા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.પરિવારે યુવતીના લગ્ન દોઢ મહિના પહેલાં જ કર્યા હતા માણસાના કલ્યાણપુરા પાટિયા રહેતા 65 વર્ષીય રામશીભાઈ સામંતભાઈ ભરવાડ પશુપાલન કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમની 21 વર્ષીય પૌત્રી ગોપીના લગ્ન કડીના વાઘરોડા ખાતે રહેતા જીગ્નેશ લક્ષ્મણભાઈ ભરવાડ સાથે દોઢેક મહિના અગાઉ સમાજના રીત રીવાજ મુજબ કરવામાં આવ્યા હતા.કાળા કાચ વાળી કારમાં આવેલા શખસોએ અપહરણનો પ્રયાસ કર્યો

15 માર્ચના રોજ ગોપી રામશીભાઈની ખબર અંતર પૂછવા આવી હતી. તે વખતે સવારના એક કાળા કાચ વાળી વેગેનાર ગાડીમાંથી બુકાનીધારી ત્રણેક શખસો ઘરે પહોંચ્યા હતા અને કપડાં ધોવા બેઠેલી ગોપીબેનનો હાથ પકડી ઘસેડીને ગાડીમાં લઈ ગયા હતા. જોકે, પરિવાર પહોંચી જતા ઝપાઝપી પછી અપહરણકારો ગાડી લઈને નાસી ગયા હતા. ત્યારબાદ બપોરના ફરીથી એક વેગેનાર ગાડી આવી હતી, જેની પાછળ કાચના ભાગે રામાધણી લખેલ હતુ. તેમાંથી આશરે પાંચેક માણસો તથા પાંચેક જેટલા બાઈક લઈને આઠથી દસ શખ્સોએ પરિવાર પર હુમલો કર્યો હતો. જે પૈકી રાકેશજી અશોકજી ઠાકોર તથા પ્રદીપ દલુજી ઠાકોર (બંને.રહે-ઈટલા તા-કલોલ)હતા. આ દરમિયાન રાકેશજીએ છરી વડે રામશીભાઈ પર હુમલો કર્યો હતો. જ્યારે અન્ય એક ઈસમે તેમના ભત્રીજા જ્યંતિભાઈને પાઈપ મારી હતી અને તેની પત્નીને પણ ગડદાપાટુનો માર માર્યો હતો. બાદમાં ટોળકીએ પરિવાર સાથે ઝપાઝપી કરી ગોપીબેનનું અપહરણ કરી ગાડીમાં નાસી ગયા હતા.

### 5 જજને તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્ત કરાયા : મોરબીના 2, પોરબંદર-1, રાજકોટ-1 અને મોડાસા-1ના જજને રાજ્યપાલ ને હાઈકોર્ટના આદેશથી રિટાયર કરાયા



• ગાંધીનગર

ગુજરાતના ન્યાયતંત્રમાં મહત્વપૂર્ણ પગલું ભરતા રાજ્યના કાયદા વિભાગે જાહેર હિતમાં 5 જજને તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્ત કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય રાજ્યપાલના આદેશ બાદ અને હાઈકોર્ટની ભલામણના આધારે લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.નિવૃત્ત કરાયેલા જજોમાં મોરબીના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ પ્રથમેશ વી. શ્રીવાસ્તવ તથા ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજ પ્રશાંત વી. જોષી, પોરબંદરના ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજ મોહમ્મદ ઈલિયાસ એફ. માંડલી, રાજકોટ (ધોરાજી)ના 3ર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અલીહુસેન એમ.શેખ અને મોડાસાના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ કીર્તિકુમાર જે. દરજીનો સમાવેશ થાય છે. આ પગલાને ન્યાયતંત્રમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.

### પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોને હીટવેવથી બચાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે

# કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં 'સમર સ્પેશિયલ' વ્યવસ્થા, ગરમીથી બચાવવા પિંજરામાં કુલર અને ખાસ ડાયટ

• અમદાવાદ



અમદાવાદમાં માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ગરમીનો પારો 40 ડિગ્રીને વટાવી રહ્યો છે, ત્યારે શહેરના પ્રસિદ્ધ કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોને હીટવેવથી બચાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સતત વધતી ગરમીને ધ્યાનમાં રાખીને પ્રાણીઓ અને પક્ષીઓના સ્વાસ્થ્ય પર વિપરીત અસર ન થાય તે હેતુથી ખાસ સમર મેનેજમેન્ટ અમલમાં મૂકવામાં આવ્યું છે. અહીં બહારના તાપમાન કરતા પિંજરાઓની અંદરનું વાતાવરણ 1થી 2 ડિગ્રી ઓછું રહે તે માટે હાઈટેક ડિવાઈસ અને નેચરલ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પાંજરા પાસે વિશાળ ઈન્ડસ્ટ્રીયલ કુલર ગોઠવવામાં આવ્યાપ્રાણી સંગ્રહાલયના સુપ્રીટેન્ડેન્ટ ડો. આર.કે. શાહના માર્ગદર્શન હેઠળ સિંહ, વાઘ, દીપડા અને હાથી જેવા મોટા પ્રાણીઓના પાંજરા પાસે વિશાળ ઈન્ડસ્ટ્રીયલ કુલર ગોઠવવામાં આવ્યા છે. મગર, હિપોપોટેમસ અને વાઘ જેવા જળપ્રિય પ્રાણીઓ માટે પાણીના હોજ સતત ભરેલા રાખવામાં આવે છે જેથી તેઓ ગમે ત્યારે ઠંડક મેળવી શકે. આ ઉપરાંત, ગરમીમાં પ્રાણીઓમાં ડિહાઈડ્રેશનની સમસ્યા ન સર્જાય તે માટે તેમના પીવાના પાણીમાં ORS અને ઈલેક્ટ્રલ પાવડરનું મિશ્રણ ઉમેરવામાં આવ્યું છે, જે તેમના શરીરમાં ક્ષારોનું પ્રમાણ જાળવી રાખવામાં મદદરૂપ થાય છે.ગરમીમાં રાહત આપવા માટે પ્રાણીઓના આહારમાં પણ ફેરફાર કરાયો છે, જેમાં તરબૂચ, શક્કરટેટી અને શેરડી જેવા જળયુક્ત ફળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પક્ષીઓ માટે પિંજરાની ઉપર ગ્રીન નેટ બાંધીને સીધા સૂર્યપ્રકાશથી રક્ષણ અપાયું છે અને સમયાંતરે પાણીનો છંટકાવ (ફોગર્સ) કરવામાં આવી રહ્યો છે. પ્રાણી સંગ્રહાલયનો મેડિકલ સ્ટાફ પણ સતત કાર્યરત છે, જે દરેક જીવના સ્વાસ્થ્ય પર બારીકાઈથી નજર રાખે છે જેથી કોઈપણ પ્રકારની તકલીફ જણાય તો તાત્કાલિક સારવાર આપી શકાય.

# દહેગામમાં 93.96 કરોડના વિકાસકામના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

• ગાંધીઅનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ નગરપાલિકા વિસ્તારમાં નાગરિકોની સુખાકારી અને આધુનિક માળખાગત સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી રવિવારે સવારે ઔડા ગાર્ડન ખાતે વિવિધ વિકાસના કામોનો ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. શહેરના ઔડા ગાર્ડન ખાતે આયોજિત આ કાર્યક્રમ માનનીય સાંસદ હસમુખભાઈ પટેલના હસ્તે સંપન્ન થયો હતોઆ કાર્યક્રમ અંતર્ગત કુલ 93.96 કરોડના ખર્ચે તૈયાર થનાર અને પૂર્ણ થયેલા વિવિધ કામોને આવરી લેવામાં આવ્યા હતા, જેમાં મુખ્યત્વે સી.સી.રોડ,પેવર બ્લોક રોડ,પીવાના પાણીની લાઈન,ગટર લાઈન અને સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી, પ્રોટેક્શન વોલ, પેવેલિયન,સ્ટ્રીટ લાઈટ, પંપ રૂમ,શેડ,બોક્સ ડ્રેઈન અને ગાર્ડનિંગના કામો.ઉપરાંત નગરપાલિકા સંચાલિત સ્મશાનગૃહમાં પર્યાવરણને અનુકૂળ એરિસિસ્ટર સિસ્ટમની સ્થાપના અને ગેસ આધારિત સ્મશાન ભઠ્ઠી સિસ્ટમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું ઉપરાંત અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા દહેગામ શહેરમાં નવીન ભૂગર્ભ ગટર અને સ્ટોર્મ વોટર લાઈન નાખવાના પ્રોજેક્ટ્સનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે દહેગામ તાલુકાના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન સોલંકી, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, દહેગામ શહેર અને તાલુકા તેમજ જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો નગરપાલિકાના ઉપપ્રમુખ રાજીવભાઈ પટેલ, કારોબારી સમિતિના ચેરમેન રીપલભાઈ શાહ, શશીકાંતભાઈ અમીન ઔડાના અધિકારીગણ તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર ઉમાબેન રામીણા ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત નગરપાલિકાના સદસ્યો, કર્મચારીઓ અને મોટી સંખ્યામાંનગરજનોએ હાજર રહ્યા હતા.કાર્યક્રમના પ્રારંભમાં બાગ અને બગીચા સમિતિના ચેરમેન શશિકાંતભાઈ અમીન દ્વારા સ્વાગત પ્રવચન કરી નગર વિકાસનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો.આ તકે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નગર વિકાસમાં સહભાગી બનેલા અને હાલમાં કાર્યરત ચૂંટાયેલી પાંખના દરેક સદસ્યોને યાદગારીના ભાગરૂપે શીલ્ડઅર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મ્યુનિસિપલ ઈજનેર ઉદિતાબેન લેઉઆ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# દારૂની ભઠ્ઠી ખાતે પોલીસની રેડ:ગોંડલમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ, 10 ગુનાનો આરોપી રફીક લાખાણી ઝબ્બે

• ગોંડલ

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સીટી પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસે ગોંડલના વાછરા રોડ વિસ્તારમાં ચાલતી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી પર દરોડો પાડી એક રીઢા આરોપીને ઝડપી પાડ્યો હતો.ગોંડલ વિભાગના ડીવાયએસપી કે. જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ગોંડલ સીટી પીઆઈ એલ. આર. ગોહિલ, પીએસઆઈ પંડ્યા, સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન મળેલી બાતમીના આધારે વાછરા રોડ પર આવેલી રફીકભાઈ લાખાણીની વાડીમાં છાપો મરાયો હતો.

**વિરોધ**

### સુરતમાં જાહેર રસ્તા પર જ ખૂની ખેલ ખેલ્યો

# પ્રેમલગ્નના બે વર્ષમાં જ પતિએ પત્નીની હત્યા કરી:માનેલા ભાઈ સાથે પત્ની વાત કરતી હોવાનું પતિને પસંદ નહોતું

**બે વર્ષ પહેલા જ પ્રેમલગ્ન કરનારા યુવકે પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી હત્યા નિપજાવી હોવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે**

• સુરત

સુરત શહેરમાં વધુ એક સંબંધોની હત્યાનો બનાવ સામે આવ્યો છે. બે વર્ષ પહેલા જ પ્રેમલગ્ન કરનારા યુવકે પત્નીના ચારિત્ય પર શંકા રાખી હત્યા નિપજાવી હોવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. પત્ની પૂજાકુમારી તેના માનેલા ભાઈ સાથે ફોન પર વાતચીત કરતી હોય પતિ સરફરાઝ ખાનને પસંદ નહોતું. જેને લઈ બંને વચ્ચે ઝઘડા થતા હતા. આજે બપોરે જ્યારે પૂજા કુમારી રાંદેર વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી ત્યારે જ પતિએ ચપ્પુનો ઘા મારી પૂજાકુમારીની હત્યા નિપજાવી હતી. પોલીસે આરોપી પતિની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સુરતના રાંદેર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રામનગર વોકવે પાસે આજે બપોરે લોહિયાળ ખેલ ખેલાયો હતો. મળતી માહિતી મુજબ, બિહારના વતની એવા સરફરાઝ ખાન અને પૂજાકુમારી વચ્ચે 2 વર્ષ પહેલા પ્રેમ સંબંધ બંધાયો હતો. આ પ્રેમ સંબંધ લગ્નમાં પરિણમ્યો હતો અને બંને સુખી જીવન જીવવાની આશા સાથે સુરત રહેવા આવ્યા હતા. જોકે, કોને ખબર હતી કે જે પ્રેમ માટે પૂજાએ સંસાર વસાવ્યો હતો, એ જ પ્રેમ તેના મૃત્યુનું કારણ બનશે. સરફરાઝે સામાન્ય બોલાચાલીમાં ઉશ્કેરાઈ જઈ પૂજાના છાતીના ભાગે ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, પૂજાકુમારી તેના એક માનેલા ભાઈ સાથે અવારનવાર ફોન પર વાતચીત કરતી હતી.આ વાત તેના પતિ સરફરાઝ ખાનને જરાય પસંદ નહોતી. સરફરાઝ પોતાની પત્ની પર સતત શંકા કરતો હતો કે તેને અન્ય કોઈ સાથે આડા સંબંધો છે. આ બાબતને લઈને બંને વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. રવિવારે પૂજા તેના તે મિત્ર સાથે ક્યાંક નીકળી ગઈ હતી, જેના કારણે સરફરાઝ એકદમ ગુસ્સામાં હતો અને તેને શોધતો હતો.પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે પૂજા



ગઈકાલથી ઘરેથી નીકળી ગઈ હતી. સરફરાઝ તેને આખી રાત શોધતો રહ્યો હતો. આજે જ્યારે તેણે પૂજાને પવિત્રા રેસીડેન્સી પાસે તેના મિત્ર સાથે જોઈ, ત્યારે તેનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. કોઈ પણ વિચાર કર્યા વગર તેણે તેની પત્નીના જીવનનો અંત લાવી દીધો. જે હાથોએ 2 વર્ષ પહેલા લગ્નની વિધિ કરી હતી, તે જ હાથોએ પત્નીનું લોહી વહેવડાવ્યું હતું.ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ગંભીર રીતે ઘાયલ પૂજાકુમારીને તાત્કાલિક સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, ચપ્પુનો ઘા એટલો ઊંડો અને હૃદયની નજીક હતો કે હોસ્પિટલ પહોંચતા પહેલા જ તેણે દમ તોડી દીધો હતો. સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તપાસ બાદ પૂજાને મૃત જાહેર કરી હતી. આ સમાચાર મળતા જ પૂજાના પરિવારમાં અને હોસ્પિટલ પરિસરમાં ભારે આક્રંદ જોવા મળ્યો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, સરફરાઝ અને પૂજા બંને બિહારના વતની છે અને સુરતમાં કેટરિંગમાં મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. બંનેની ઉંમર 20 થી 25 વર્ષની વચ્ચે હોવાનું અનુમાન છે. પૂજાના માતા-પિતા પણ વર્ષોથી સુરતમાં જ સ્થાયી થયા છે, પરંતુ હાલ તેઓ વતનમાં ગયા હોવાથી પોલીસ તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ હત્યા પાછળ માત્ર અને માત્ર પત્નીના ચરિત્ર પરની શંકા જવાબદાર હોવાનું જણાઈ રહ્યું છે.બનાવની જાણ થતા જ રાંદેર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા હત્યારા પતિ સરફરાઝ ખાનની અટકાયત કરી લીધી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને એફએસએલની મદદથી પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે. જાહેરમાં થયેલી આ હત્યાથી સ્થાનિક રહિશોમાં ફાળ પડી ગઈ છે

### મનપાની સામાન્ય સભામાં 5 દરખાસ્તને લીલી ઝંડી

# મિલકતવેરામાં વ્યાજ માફી યોજનાને સર્વાનુમતે બહાલી : નાગરિકોને 33 કરોડની વ્યાજ રાહતનો સીધો લાભ મળશે

**વિચારણા** સભામાં શહેરના વિકાસ અને જનસુખાકારીને સ્પર્શતા પાંચ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા

• ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે મેયર મીરાબેન પટેલની અધ્યક્ષતામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવનના સભાખંડમાં યોજાઈ હતી. આ સભામાં શહેરના વિકાસ અને જનસુખાકારીને સ્પર્શતા પાંચ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા બાદ તેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. સભામાં મુખ્યત્વે મિલકતવેરાના વ્યાજ માફીની યોજના અને ટી.પી. સ્કીમોમાં ફેરફાર જેવા જનહિતના નિર્ણયો લેવાયા હતાં.



મેયર મીરાબેન પટેલના અધ્યક્ષસ્થાને વંદે માતરમ ગાન સાથે શરૂ થયેલી આ સભામા મહાનગરપાલિકા વિસ્તારમાં રહેણાંક અને બિનરહેણાંક મિલકતો માટે તા. 1થી 31 માર્ચ સુધી અમલી મિલકતવેરા વ્યાજ માફીની યોજનાને કમિશનરની ભલામણ અનુસાર બહાલી અપાઈ હતીઆ અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા શહેરના નાગરિકોને અંદાજે 33 કરોડ જેટલી માતબર રકમની વ્યાજ રાહત મળશે. તેમણે બાકી વેરો ધરાવતા નાગરિકોને આ મર્યાદિત સમયગાળાનો લાભ લેવા અપીલ કરી હતી.જ્યારે મેયરે યોજનાની સફળતાના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, યોજના જાહેર થયાના માત્ર 15 જ દિવસમાં 2389 જાગૃત નાગરિકોએ 1 કરોડ 87 લાખ 4 હજાર જેટલો વેરો ભરીને આ તકનો લાભ લીધો છે.જ્યારે અંકિતભાઈ બારોટે જણાવ્યું હતું કે, આ યોજના દર્શાવે છે કે મનપા માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ નહીં પરંતુ મધ્યમ વર્ગની આર્થિક સખાકારીની પણ ચિંતા કરે છે.સામાજિક માળખાકીય સુવિધા માટે પ્લોટના ઉપયોગના ફેરફારને મંજૂરી

સભામાં અન્ય મહત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા. જેમાં વાસણા હડમતીયા, સરગાસણ,ઉવારસદ,તારાપુરની ટી.પી. સ્કીમ નં. ૯/એ માં સામાજિક માળખાકીય સુવિધા માટે પ્લોટના ઉપયોગના ફેરફારને મંજૂરી અપાઈ હતી.એ જ રીતે આ સભામાં કોલવડા ટી.પી નં. 14 માં નગર રચના અધિકારી દ્વારા જાહેર કરાયેલ પ્રારંભિક યોજનાના નિર્ણયોને બહાલી અપાઈ હતી. ઉપરાંત ઈજનેરી વિભાગમાં વર્ક આસિસ્ટન્ટ (વર્ગ-3) ની જગ્યાઓ ઉભી કરવાની દરખાસ્તને પણ મંજૂરીની મહોર મારવામાં આવી હતી.

# 20 દિવસમાં 19 ટ્રાન્જેક્શન કરાવી વધુ નફો આપવાની લાલચ આપી 1.25 કરોડ પડાવ્યા

### શેર બજારમાં રોકાણના નામે આર્કિટેક સાથે ઠગાઈ: યુવકે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી

• અમદાવાદ

શેરબજારમાં રોકાણના નામે રોજ અનેક લોકો સાથે લાખોની ઠગાઈ થાય છે. ત્યારે અમદાવાદના આર્કિટેક યુવક સાથે રોકાણના નામે 1.25 કરોડની ઠગાઈ છે. યુવકને શેર બજારમાં રોકાણ કરી વધુ નફો અપાવવાની લાલચ આપી 20 દિવસમાં 19 બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા 1.25 કરોડથી વધુ રકમ પડાવી છે. જે મામલે યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.અમદાવાદ શહેરના સરખેજમાં રહેતો 38 વર્ષીય યુવક આર્કિટેક તરીકે બિલ્ડીંગ ડિઝાઈનિંગનું કામ કરે છે. યુવક નિયમિત શેર બજાર માર્કેટમાં પણ ઈન્વેસ્ટમેન્ટ કરે છે. 5 ફેબ્રુઆરીના રોજ યુવકે ઈન્સ્ટાગ્રામ પર ઈન્વેસ્ટમેન્ટ બાબતની જાહેરાત જોઈ હતી. જેમાં ઓછા સમયમાં સારા વળતરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. યુવકે ઈન્કવાયરી કરીને સંપર્ક કર્યો ત્યારે અજાણી મહિલાએ યુવક સાથે વાતચીત કરી હતી અને ગ્રુપમાં એડ કર્યો હતો. આ ગ્રુપમાં અન્ય લોકો



પણ એડ હતા જેમણે માર્કેટમાં ઈન્વેસ્ટ કરતાં મળેલા પ્રોફિટના ફોટો અને વીડિયો ગ્રુપમાં શેર કર્યા હતા, જેથી યુવકને વિશ્વાસ આવ્યો હતો.યુવકે એડમીન યુવતી સાથે ઈન્વેન્સમેન્ટની વાતચીત કરી હતી. જેથી ગ્રુપ એડમીન યુવતીએ યુવક પાસે એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં વિગત ભરાવી હતી. યુવકને આઈપીઓને લગતી ટિપ્સ આપીને ઈન્વેસ્ટ કરવાનું કહ્યું હતું. યુવકે શરૂઆતમાં ઈન્વેસ્ટ કરતાં પ્રોફિટ અને લોસ પણ બતાવતા હતા, જેથી યુવકને વધુ વિશ્વાસ આવતા યુવકે તેના પરિચિત અને સગા સંબંધીઓ પાસેથી પૈસા લઈ 19 ટ્રાન્જેક્શન દ્વારા 1.25 કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. જે બાદ યુવકે જ્યારે પૈસા ઉપાડવાનો પ્રયત્ન કર્યો તો પૈસા ઉપડ્યા નહોતા. જેથી યુવકને તેની સાથે છેતરપિંડી થયાની જાણ થઈ હતી. આ અંગે યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ‘દિલ્હી ઘાવથી ઝઝૂમી રહી છે, આશાઓ જીવંત છે’ પુસ્તકનું વિમોચન

તારેશ સચદેવા - દિલ્હી, ૧૭ માર્ચ, ૨૦૨૬ દિલ્હી રાજ્યના સ્થાપનાની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી, ‘દિલ્હી સ્ટ્રગલિંગ વિથ વાઉન્ડ્સ, હોપ્સ અલાઈવ‘ પુસ્તકનું વિમોચન

૧૭ માર્ચે, દિલ્હી રાજ્યના સ્થાપનાની ૭૫મી વર્ષગાંઠ અને તેની પ્રથમ વિધાનસભાની રચના, શહેરી બાબતોના નિષ્ણાત અને યુનિફાઇડ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની બાંધકામ સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ જગદીશ મામગૈન દ્વારા લખાયેલ પુસ્તક ‘દિલ્હી સ્ટ્રગલિંગ વિથ વાઉન્ડ્સ, હોપ્સ અલાઈવ‘ દિલ્હીને સમર્પિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, દૂરદર્શન અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અખબારો સાથે સંકળાયેલા વરિષ્ઠ પત્રકાર ઉમેશ જોશી, સંસદ ટીવીના વરિષ્ઠ પત્રકાર મનોજ વર્મા, દૈનિક હિન્દુસ્તાનના વરિષ્ઠ પત્રકાર રામનારાયણ શ્રીવાસ્તવ, પ્યારા ઉત્તરાખંડના સંપાદક દેવ સિંહ રાવત, સંવાદ સિંધીના સંપાદક શ્રીકાંત ભાટિયા, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મહિલા કલ્યાણ અને બાળ વિકાસના ભૂતપૂર્વ અધ્યક્ષા ભૂતપૂર્વ મેયર મીરા અગ્રવાલ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના સિટી ઝોનના ભૂતપૂર્વ




અધ્યક્ષા રેણુકા ગુપ્તા, અનેક કાઉન્સિલરો, સામાજિક સંગઠનો અને આરડબ્લ્યુના પ્રતિનિધિઓ અને વરિષ્ઠ કાઉન્સિલરો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સહકાર ભારતીના દિલ્હી રાજ્ય પ્રમુખ ધર્મવીર સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.

શહેરી બાબતોના નિષ્ણાત અને લેખક જગદીશ મામગૈને કહ્યું, ‘રાજધાની હોવા ઉપરાંત, દિલ્હી પોતે પણ એક રાજ્ય છે. તેનું વહીવટ ત્રિ-સ્તરીય પ્રણાલી દ્વારા સંચાલિત થાય છે: કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓ. દિલ્હીના વહીવટી વ્યવસ્થાપક વહીવટી રીતે દિલ્હીનું સૌથી જટિલ છે; તે એક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ બંને છે. રાજ્ય સરકાર ચર્ચા માટેનું એક મંચ છે.‘

# દહેગામ પોલીસેને મળી મોટી સફળતા : પોક્સોના આરોપીને વડોદરાથી પકડી પડાયો



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસે પોકસોના આરોપીને વડોદરાથી પકડી લાવી મોટી સફળતા પ્રાપ્ત કરી છે. દહેગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓ દિન પ્રતિદિન સારી કામગીરી માટે મહત્વની સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે ત્યારે પોકસોના 3 માસથી નાસતા ફરતા આરોપીને વડોદરા જઈને પોલીસે પકડી લાવીને મહત્વની કામગીરી સાથે પ્રશંશનીય કામગીરી કરી છે. જેમાં પોલીસ કોન્સ્ટેબલ અનિલભાઈ, સચિન ભાઈ, અનુરાગભાઈ, વેરશીભાઈ ની કામગીરી બિરદાવવામાં આવી રહી છે.

**ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ’ અત્યારે સમાચાર પત્રો અને સોશિયલ મીડિયામાં ટોક ઓફ ધ ટાઉન બની**

# ‘ધ કેરળ સ્ટોરી 2’ ને લઈને વિવાદ અને ચર્ચા:હાઈકોર્ટની મંજૂરી બાદ ફિલ્મ રિલીઝ

• નવી દિલ્હી ૧૭ માર્ચ, ૨૦૨૬

દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર ફિલ્મ ’ધ કેરળ સ્ટોરી’ની સિક્વલ ’ધ કેરળ સ્ટોરી 2:ગોઝ બિયોન્ડ’ અત્યારે સમાચાર પત્રો અને સોશિયલ મીડિયામાં ટોક ઓફ ધ ટાઉન બની છે. વિપુલ અમૃતલાલ શાહ દ્વારા નિર્મિત આ ફિલ્મ કાયદાકીય ગૂંચવણો અને વિરોધ પ્રદર્શનો વચ્ચે આખરે સિનેમાઘરોમાં પહોંચી છે.

કાયદાકીય જંગ અને કોર્ટનો ચુકાદોફિલ્મની રિલીઝ રોકવા માટે કેરળ હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જેમાં આરોપ હતો કે ફિલ્મની સામગ્રી સામાજિક સૌહાર્દ બગાડી શકે છે. જોકે, હાઈકોર્ટની બેન્ચે સેન્સર બોર્ડ




(CBFC) ના સર્ટીફિકેટને માન્ય રાખી ફિલ્મ પરનો સ્ટે હટાવી દીધો હતો. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે કલાને અભિવ્યક્તિની આઝાદીના દાયરામાં જોવી જોઈએ.

આ વખતે ફિલ્મની વાર્તા માત્ર કેરળ સુધી સીમિત નથી, પરંતુ રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યો સુધી વિસ્તરી છે.

* વાર્તા: ફિલ્મમાં ત્રણ યુવતીઓ–સુરેખા (ઉલ્કા ગુપ્તા), દિવ્યા (અદિતિ ભાટિયા) અને નેહા (ઐશ્વર્યા ઓઝા)–ના જીવનમાં બનેલી કથિત ધર્માંતરણની ઘટનાઓ અને તેમના સંઘર્ષને દર્શાવવામાં આવ્યો છે.

* મુખ્ય કલાકારો: ફિલ્મમાં ઉલ્કા ગુપ્તા, અદિતિ ભાટિયા અને ઐશ્વર્યા ઓઝાએ મહત્વની ભૂમિકાઓ ભજવી છે.

રિલીઝના ત્રીજા સપ્તાહમાં પણ ફિલ્મ સારી કમાણી કરી રહી છે:

* ફિલ્મ અત્યાર સુધી અંદાજે ૪૯ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કરી ચૂકી છે.

* ફિલ્મનું બજેટ મર્યાદિત હોવાથી તેને બોક્સ ઓફિસ પર ’હિટ’ માનવામાં આવી રહી છે.

OTT પર ક્યારે આવશે?

સૂત્રોના જણાવ્યા અનુસાર, સિનેમાઘરોમાં ૮ અઠવાડિયા પૂર્ણ થયા બાદ જ આ ફિલ્મ OTT પ્લેટફોર્મ (સંભવત: ZEE5) પર રિલીઝ થશે. એપ્રિલના અંત સુધીમાં ડિજિટલ પ્રીમિયર થવાની શક્યતા છે.

**અક્ષયપાત્ર**

હું ઇસ્કોનના સ્થાપક-આચાર્ય શ્રીલ પ્રભુપાદને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે કલ્પના કરી હતી

# ભારતના માનનીય રાષ્ટ્રપતિએ અક્ષયપાત્રનું 500 કરોડમું ભોજન પિરસ્યું

## આ પ્રસંગે બોલતા, ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી. દ્રૌપદી મુર્મુએ કહ્યું, "આજે, આપણે ભોજનના આશીર્વાદ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં અક્ષયપાત્રની શાનદાર ભૂમિકાની ઉજવણી કરવા માટે અહીં છીએ

• નવી દિલ્હી, 17 માર્ચ,

રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર, નવી દિલ્હી ખાતે અક્ષય પાત્ર ફાઉન્ડેશન દ્વારા પુરૂં પાડેલ 5 અબજ ભોજન સેવાની સીમાચિહ્નરૂપ સિધ્ધિની અને માનવતાની સેવાના 25 વર્ષ પૂર્ણ થવાના સીમાચિહ્નની ઉજવણી કરી. ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ મુખ્ય અતિથિ અને માનનીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અતિથિ વિશેષ તરીકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અક્ષયપાત્રના સ્થાપકો - શ્રી મધુ પંડિત દાસા (ઈસ્કોન બેંગ્લોરના અધ્યક્ષ અને પ્રમુખ) અને શ્રી ચંચલપતિ દાસા (ઉપાધ્યક્ષ અને વરિષ્ઠ ઉપપ્રમુખ) ની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ કાર્યક્રમનો વિષય - ' સુપોષિત અને સુશિક્ષિત ભારત વિકસિત ભારત માટે ' એ બાળ પોષણ અને શિક્ષણ તરફના સામૂહિક પ્રયાસો વિકસિત ભારત માટે પર પ્રકાશ પાડ્યો હતો. આ કાર્યક્રમમાં અક્ષયપાત્રના ટ્રસ્ટીશ્રીઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ, પ્રતિષ્ઠિત નેતાઓ, નીતિનિર્માણ સંસ્થાઓ,દાતાશ્રીઓ, ભાગીદારો, સમર્થકો અને અન્ય મહત્વપૂર્ણ હિતધારકો હાજર રહ્યા હતા. અક્ષયપાત્રના કેટલાક પૂર્વ લાભાર્થીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સરકારી શાળાઓના કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા. માનનીય રાષ્ટ્રપતિએ ઉજવણીના ભાગરૂપે બાળકોને ભેટો આપી અને ભોજન પીરસ્યું.

ભારત સરકારની મહત્વપૂર્ણ પીએમ પોષણ પહેલના અમલીકરણ ભાગીદાર તરીકે, અક્ષયપાત્ર ભારતભરની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા લાખો બાળકોને તાજું, પૌષ્ટિક ભોજન પીરસે છે. હાલમાં ફાઉન્ડેશન ભારતના 16 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 78 સ્થળોએ તેના અત્યાધુનિક રસોડા દ્વારા દરરોજ 2.35 મિલિયન (23,50,000) બાળકોને ભોજન આપી રહ્યું છે અને 2030 સુધીમાં દરરોજ 3 મિલિયન (30,00,000) બાળકોને ભોજન આપવાનુંલક્ષ્યાંકધરાવે છે.

આ પ્રસંગે બોલતા, ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી. દ્રૌપદી મુર્મુએ કહ્યું, "આજે, આપણે ભોજનના આશીર્વાદ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં અક્ષયપાત્રની શાનદાર ભૂમિકાની ઉજવણી કરવા માટે અહીં છીએ. અક્ષયપાત્ર કરુણાના ગુણ પર આધારિત સામાજિક નવીનતાના ઉદાહરણ તરીકે ઉભરી આવે છે. આ એક પ્રશંનીય બાબત છે કે અક્ષયપાત્ર છેલ્લા 25 વર્ષથી સતત શાળામાં ભોજન પીરસતું રહ્યું છે, એક પણ દિવસ ચૂક્યા વિના.

હું ઈસ્કોનના સ્થાપક-આચાર્ય શ્રીલ પ્રભુપાદને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે કલ્પના કરી હતી કે કોઈ પણ વ્યક્તિ, ખાસ કરીને બાળકો, ભૂખ્યા ન રહે અને વિશ્વભરમાં અન્નદાનની ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવ્યો.

બાળકો ફક્ત મફત શાળા ભોજન કાર્યક્રમના લાભાર્થીઓ નથી; તેઓ વર્ષ 2047 સુધીમાં 30 ટ્રિલિયન યુ.એસ. ડોલર જેટલું અર્થતંત્ર સુનિશ્ચિત કરવા માટે પ્રોડક્ટીવ, કોમ્પીટીટીવ ભાવિ કાર્યબળના ચાલકો છે. દરેક ભોજન એ આપણા રાષ્ટ્રની માનવ મૂડીમાં રોકાણ છે, જેના પરિણામે સ્વસ્થ, શિક્ષિત યુવા વસ્તી વિષયક લાભાંશ મળે છે જે નવા



અને વિકસિત ભારતના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે. અક્ષયપાત્ર આ દિશામાં અદ્ભુત કાર્ય કરી રહ્યું છે. આ શાળા ભોજન કાર્યક્રમ અસરકારક રીતે ચાલે તે મહત્વપૂર્ણ છે અને તેની સમાજ પર સકારાત્મક અસર પડી રહી છે.

હું આનંદીત છું કે અક્ષય પાત્રના કેટલાક પૂર્વ લાભાર્થીઓ આજે આપણી સાથે કાર્યક્રમમાં છે. હું ખરા હૃદયથી આનંદ અનુભવી રહી છું કે આ યુવાનો શાળાના ભોજન કાર્યક્રમને કારણે તેમની મહત્વાકાંક્ષાઓને આગળ ધપાવી શકયા છે, જે કારણે તેઓ એક સમયે શાળામાં ભણતા હતા. તેઓ વિકસીત ભારત માટે સુપોષિત અને સુશીક્ષિત ભારતના વિચારનો પુરાવો છે.હું શ્રી મધુપંડિત દાસા, શ્રી ચંચલપતિ દાસા અને અક્ષયપાત્રની સમગ્ર ટીમની પ્રશંસા કરું છું અને આશા રાખું છું કે તમે બધા તમારું સમર્પણ, જુસ્સો અને પ્રતિબદ્ધતા સાથે સમાજ અને રાષ્ટ્ર માટે તમારી અમૂલ્ય સેવાઓનું યોગદાન સતત આપતા રહેશો."માનનીય મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, "હું શ્રીલ પ્રભુપાદને મારું આદર અને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમની પ્રેરણાથી આ નિ:સ્વાર્થ ભોજન વિતરણ પહેલ શરૂ થઈ, જે હવે એક જન આંદોલનમાં ફેરવાઈ ગઈ છે.હું શ્રી મધુપંડિત દાસા અને શ્રી ચંચલપતિ દાસાનો હૃદયપૂર્વક આભાર માનું છું, જેમના દ્રષ્ટિકોણથી અક્ષયપાત્ર ફાઉન્ડેશનનો પાયો નખાયો. 25 વર્ષની યાત્રા સરળ નહોતી, છતાં તમારો સંકલ્પ અટલ રહ્યો છે. આજે, આ જન આંદોલનનો સૌથી મોટો લાભાર્થી ભારતનું શિક્ષણ ક્ષેત્ર છે. 16 રાજ્યો અને 25,000 થી વધુ શાળાઓમાં, તમે દરરોજ 2.35 મિલિયન(આશરે 23,50,000) બાળકોને પૌષ્ટિક ભોજન પૂરું પાડી રહ્યા છો. આ માટે, હું મારી ઊંડી પ્રશંસા વ્યક્ત કરું છું.જ્યાં સુધી આપણા બાળકો અને યુવાનોને સારું પોષણ નહીં મળે, ત્યાં સુધી ભારત દેશ તેની ક્ષમતાને સંપૂર્ણ રીતે સમજી શકશે નહીં. આજે, ભારતનો વિકાસ તેની ભૌગોલિક સીમાઓ સુધી મર્યાદિત નથી. ભારત દેશ વૈશ્વિક દક્ષિણ ભાગ અને માનવતાના કલ્યાણ પ્રત્યે પણ જવાબદારી ધરાવે છે. આ વસુધૈવ કુટુમ્બકમના આદર્શમાં આપણી શ્રદ્ધાનો સાર છે.અક્ષયપાત્ર ફાઉન્ડેશનનોપીએમ પોષણ યોજનાના મુખ્ય અમલીકરણ ભાગીદાર તરીકેઉદય થયો છે. ગુણવત્તા, સ્વચ્છતા અને નવીનતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દ્વારા, તેણે આ મિશનને વધુ મજબૂત બનાવ્યું છે. આ ભાગીદારી એક તેજસ્વી ઉદાહરણ તરીકે ઉભરીઆવી છે કે કેવી રીતે સરકાર, સમાજ અને સંસ્થાઓ રાષ્ટ્રના કેટલાક સૌથી જટિલ પડકારોનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરી શકે છે.દેશના દરેક બાળક સુધી પૌષ્ટિક ખોરાક પહોંચવો એ માત્ર એક સેવા નથી પરંતુ ભવિષ્ય માટેનો સંકલ્પ છે. દેશના યુવાનો પ્રત્યે આ આપણી જવાબદારી છે. વિકાસ ભારત વર્ષ 2047 સુધીમાં ત્યારે જ શક્ય બનશે જ્યારે દેશના દરેક બાળકને સારી રીતે પોષણ મળે અને દરેક બાળક શાળાકીય ભણતર સુધી જળવાઈ રહે. ચાલો આપણે બધા સાથે મળીને ખાતરી કરીએ કે આપણું વિઝન અને સંકલ્પ દેશના દરેક બાળક સુધી પહોંચે અને વિકસિત ભારત માટે નો પાયો અને અસ્તિત્વ બને.શ્રી મધુપંડિત દાસાએ કહ્યું, "આજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ હું માનનીય રાષ્ટ્રપતિનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું માનનીય શિક્ષણ મંત્રી અને અન્ય તમામ મહાનુભાવોનો પણ તેઓઉપસ્થિતિરહેવા બદલ આભાર માનું છું. અક્ષયપાત્રની માનવતા પ્રત્યેની 25 વર્ષની સેવા અને 5 અબજ (500 કરોડ) ભોજન પીરસવાના સીમાચિહ્નની ઉજવણી કરતી વખતે, અમે શ્રીલ પ્રભુપાદના ઉમદા દ્રષ્ટિકોણ "કોઈ પણ ક્યારેય ભૂખ્યું ન રહે" એ પ્રત્યે કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરીએ છીએ. આ કાર્યક્રમે અક્ષયપાત્ર ખાતેના દરેકને વધુ ઉત્સાહ સાથે બાળકો માટે અમારી સેવાઓ નિરંતર ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા છે.માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, મહત્વપૂર્ણ પીએમ પોષણ પહેલે બાળકોની પોષણ સ્થિતિ સુધારવા અને તેમને નિયમિતપણે શાળામાં જવા માટે પ્રોત્સાહિત કરવામાં મહાન પ્રગતિ કરી છે.

# ગોંડલમાં PGVCLનું મેગાઓપરેશન:વિજ બિલ ન ભરનારા ગ્રાહકો સામે કડક કાર્યવાહી, સેંકડો વીજજોડાણો કાપવામાં આવ્યા

• ગોંડલ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા ગોંડલ શહેરમાં બાકી લેણાંની વસૂલાત માટે 'મેગા માસ ડિસકનેક્શન ડ્રાઈવ' શરૂ કરવામાં આવી છે. લાંબા સમયથી વીજ બિલ ન ભરનારા આશરે 500 જેટલા ગ્રાહકો સામે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઝુંબેશ માટે નિગમિત કચેરીના આદેશ અનુસાર, ગોંડલ વિભાગીય કચેરી હેઠળ 65 ટીમો બનાવવામાં આવી છે. આ ટીમોમાં અંદાજે 200 જેટલા કર્મચારીઓ જોડાઈને વિવિધ વિસ્તારોમાં વીજ જોડાણ કાપવાની કામગીરી કરી રહ્યા છે.આ કાર્યવાહી અંતર્ગત ગોંડલ શહેરમાં 95 વીજ જોડાણ કાપીને રૂ. 16.75 લાખની વસૂલાત કરવામાં આવી છે. ગોંડલના રૂરલ (ભુણાવા) વિભાગ-2 માં 45 કનેક્શન કાપી રૂ. 14.92 લાખ અને ગોંડલ ગ્રામ્ય વિભાગ-2 માં 32 કનેક્શન કાપી રૂ. 12.75 લાખ વસૂલવામાં આવ્યા છે.ગોંડલ વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર એન.જે. મે દ્વારા જારી કરાયેલી યાદી અનુસાર, આ ઝુંબેશ આગામી 31 માર્ચ સુધી ચાલુ રહેશે. આ ડ્રાઈવમાં ડેપ્યુટી ઈજનેર એસ.પી. કણસાગરા,



રૂરલ (ભુણાવા) વિભાગ-2 ના નાયબ ઈજનેર પી.કે. શ્યારા અને ગોંડલ ગ્રામ્ય વિભાગ-2 ના ડેપ્યુટી ઈજનેર જે.જે. રાવલ સહિતની ટીમોએ કામગીરી કરી હતી. જે ગ્રાહકોના વીજ જોડાણ કાપવામાં આવ્યા છે, તેઓ બાકી લેણું અને રિકનેક્શન ચાર્જ ભર્યા બાદ જ નિયમ અનુસાર ફરીથી વીજ જોડાણ મેળવી શકશે. PGVCL ની આ કાર્યવાહીને પગલે બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા ગ્રાહકોને સમયસર બિલ ભરીને વીજ જોડાણ કપાવવાની કાર્યવાહીથી બચવા અપીલ કરવામાં આવી છે.

# જકોટમાં ગૌ માતાના દૂધમાંથી ડેરી પ્રોડક્ટ, મળ-મૂત્રમાંથી ઓર્ગેનિક ખાતર બનાવતા ખેડૂત પ્રાકૃતિક ખેતીમાં અવ્વલ



• રાજકોટ

'અહીં ગૌશાળામાં 220 ગૌ માતા છે. તેના મળ-મૂત્રમાંથી ફર્ટિલાઈઝર બનાવું છું. આ ઓર્ગેનિક ખાતરના વેચાણથી હજારો ખેડૂતોને લાભ સાથે મને આવક મળે છે. ગાયના દૂધમાંથી ડેરી પ્રોડ્ક્સના ઉત્પાદનથી કમાણી કરું છું ત્યારે પ્રાકૃતિક ખેતીની સફળતા સાથે વધારાની આવક તો ખરી જ.' આ શબ્દો છે રાજકોટના ગુંદા ગામના ખેડૂત રાજેશભાઈ લીંબાસીયાના. જેઓ ગૌ કૃષિનું 'ઝીરો વેસ્ટ - અર્નિંગ બેસ્ટ' મોડેલ લાવ્યા છે.રાજકોટના ગુંદા ગામના રહેવાસી રાજેશભાઈએ પ્રાકૃતિક ખેતી અને વ્યવસાયમાં નિષ્ફળતાનો સ્વાદ ચાખ્યો પણ હિંમત ન હારી. સતત પ્રયત્નો ચાલુ રાખ્યા. જીવન ચક્ર આગળ વધારવામાં તેમની ગાય તેમનો સહારો બનશે, તેવો અડગ વિશ્વાસ. એટલે પોતાના ફાર્મમાં ગૌ શાળા શરુ કરી. સતત 5 વર્ષની મહેનત બાદ 220 જેટલી ગાયો અને વ્યાવસાયિક અભિગમના કારણે આજે રાજેશભાઈનો સફળતાનો ઈન્ડેક્ષ આકાશને આંબી રહ્યો છે.

# દારૂનો ધંધો ચાલુ હોય ત્યારે અહીંથી કેમ નીકળશ' કહીંને ડિલિવરી બોય પર કુખ્યાત બાબાખાન અને પુત્ર રાજા પઠાણનો હુમલો

• રાજકોટ

નાણાવટી ચોક પરમેશ્વર સોસાયટી RMC ક્વાર્ટરની સામે રહેતો આફતાબ અનિશભાઈ મેમણ (ઉં.વ.22) ગઈકાલે સાંજે 7 વાગ્યા આસપાસ નાણાવટી ચોકમાં પરમેશ્વર સોસાયટી પાસે ખોડીયાર હોટલ નજીક હતો ત્યારે બાબા ખાન અને તેના પુત્ર રાજા પઠાણ અને તેની સાથેના માણસે ઝઘડો કરીને લોખંડના પાઈપ વડે માર મારતા યુવકને માથામાં, હાથમાં અને શરીરે ઈજા પહોંચી હતી.જેથી અફતાબને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

તેણે જણાવ્યું કે નાણાવટી ચોક RMC ક્વાર્ટરમાં તેમના માસી મુમતાઝ બેન રહે છે તે પોતાના માસી ના ઘરે ગયો હતો અને ત્યાંથી પરત આવીને હોટલ પાસે ઊભો હતો ત્યારે આરોપીઓ આવી અને અમારો દારૂનો ધંધો ચાલુ હોય ત્યારે અહીંથી કેમ તું



વારંવાર નીકળશ કહીં હુમલો કર્યો હતો. બનાવ અંગે યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.રાજકોટમાં રહેતી પરિણીતાએ દોઢ વર્ષ પૂર્વે ધવલ બ્રહ્માણી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્નના શરૂઆતના છ મહિના બધું બરાબર ચાલ્યા બાદ પરિણીતા ખાનગી નોકરી શરૂ કરતા વિવાદના વંટોળ શરૂ થયા હતા. નોકરીને કારણે ઘરકામમાં સમય ન આપી શકતી હોવાથી સસરા હિતેશભાઈ અને દાદા સસરા વિઠ્ઠલભાઈ નાની-નાની વાતોમાં ટોકટોક કરી હેરાન કરતા હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. જ્યારે પરિણીતાએ આ બાબતે પતિ ધવલને વાત કરી, ત્યારે તેણે સાથ આપવાને બદલે ઘરના વડીલોનું સહન કરવું પડશે તેમ કહી પત્ની સાથે મારપીટ કરી હતી.સાસુ ગીતાબેન પણ પતિને પત્ની વિરુદ્ધ ચડામણી કરતા હોવાથી ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા. આ ત્રાસથી કંટાળીને પરિણીતાએ 20 ફેબ્રુઆરીના રોજ પોતાનું સાસરું છોડીને બહેનના ઘરે રહેવા ચાલ્યા ગયા હતા. બહેનના ઘરે ગયા બાદ 20 દિવસ સુધી સાસરી પક્ષમાંથી કોઈ તેડવા કે ફોન કરવા ન આવતા પરિણીતા માનસિક રીતે ભાંગી પડ્યા હતા.આ આઘાતમાં તેમણે ગત 16 માર્ચના રોજ બપોરે ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ, પરિણીતાએ ફરીથી સમાધાનનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પતિએ તેને સ્વીકારવાની ના પાડી દેતા અંતે પરિણીતાએ પતિ ધવલ, સસરા હિતેશભાઈ, સાસુ ગીતાબેન અને દાદાજી સસરા વિઠ્ઠલભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.રાજકોટ શહેરના વેલનાથપરામાં રહેતાં માયાબેન નયનભાઈ જેઠવા (ઉ.વ.30) એ ગઈકાલે રાત્રે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડવામાં આવ્યા છે.પોલીસની પ્રાથમિક તપાસમાં ગૃહ કલેશને લીધે કંટાળીને તેમણે આ પગલું ભરી લીધાનું સામે આવ્યું છે. આપઘાતનો પ્રયાસ કરનાર માયાબેન પરિણિત છે અને સંતાનમાં એક દીકરી હોવાનું સામે આવ્યું છે. તેમના પતિ સફાઈ કામ કરી, ઘરનું ગુજરાન ચલાવે છે.

## રાશીફળ (તા.14-03-2026)

**મેષ (અ.લ.ઈ)** આજે તમારો દિવસ ઊર્જાથી ભરેલો રહેશે. કામમાં સફળતા મળશે અને નવા અવસર મળી શકે છે. પરિવારનો સહકાર મળશે. ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો.

**વૃષભ (બ.વ.ઉ)** આજે આર્થિક સ્થિતિ મજબૂત થઈ શકે છે. નોકરી અને વેપારમાં લાભના સંકેતો છે. જૂના મિત્ર સાથે મુલાકાત આનંદ આપશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

**મિથુન (ક.છ.ઘ)** આજે મન થોડું અસ્થિર રહી શકે છે. કામમાં સાવચેતી રાખો અને કોઈ પર જલ્દી વિશ્વાસ ન કરો. ધીરજ રાખો, દિવસ ધીમે ધીમે સુધરશે.

**કર્ક (ડ.હ)** આજે પારિવારિક જીવન સુખદ રહેશે. કોઈ સારા સમાચાર મળી શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનત રંગ લાવશે.

**સિંહ (મ.ટ)** આજે આત્મવિશ્વાસ વધશે. નવા કામની શરૂઆત માટે સારો દિવસ છે. સમાજમાં માન-સન્માન વધશે.

**કન્યા (પ.ઠ.ણ)** આજે તમારે તમારા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. કામનો દબાણ વધારે રહી શકે છે, પરંતુ મહેનતથી સફળતા મળશે.

**તુલા (ર.ત)** આજે સંતુલન જાળવવાનો દિવસ છે. સંબંધોમાં મીઠાશ આવશે. આર્થિક મામલાઓમાં વિચાર કરીને નિર્ણય લો.

**વૃશ્ચિક (ન.ય.)** આજે તમને અચાનક લાભ મળી શકે છે. કારકિર્દીમાં પ્રગતિના સંકેતો છે. કોઈ જૂનું કામ પૂરું થશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** આજે પ્રવાસના યોગ બની શકે છે. નવા લોકો સાથે મુલાકાત થશે જે ભવિષ્યમાં લાભદાયક સાબિત થશે. સકારાત્મક વિચાર રાખો.

**મકર (ખ.જ)** આજે તમારો દિવસ વ્યસ્ત રહેશે. કાર્યક્ષેત્રમાં જવાબદારીઓ વધી શકે છે. પરિવાર સાથે સમય વિતાવવાથી મન પ્રસન્ન રહેશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજે સર્જનાત્મક કાર્યોમાં રસ વધશે. નવી યોજનાઓ સફળ થઈ શકે છે. આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે.

**મીન (દ.ચ.ઝ.થ)** આજે ભાવનાત્મક રીતે થોડું નબળું અનુભવાઈ શકે છે. તમારા વિચારોને સકારાત્મક રાખો. કોઈ નજીકના વ્યક્તિ સાથે વાત કરવી લાભદાયક રહેશે.

# વડોદરામાં યુવકે આપઘાત કરતા દુકાન માલિકે બુમાબુમ કરી મૂકી, અઠવાડિયાથી કહેતો'તો હું કેનાલમાં પડીને મરી જઈશ

## સાઇકલવાળાને કહ્યું 'હું પડુ છું જોજો.. કહીને કેનાલમાં કૂદી ગયો'

• વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા પાસે મહલી કેનાલમાં ગઈકાલે(15 માર્ચ) કૂદીને યુવાને આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચેલી મકરપુરા GIDC ફાયર સ્ટેશનની ટીમે માત્ર એક કલાકની જહેમત બાદ યુવકના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢ્યો હતો અને પોલીસને સોંપ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.મળતી માહિતી પ્રમાણે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડભાસા ગામનો રહેવાસી અતુલભાઈ રવજીભાઈ ઠાકોર (ઉંમર 25 વર્ષ) મહલી કેનાલમાં ડૂબી ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને તુરંત જ ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતાં જ GIDC ફાયર સ્ટેશનના સબ ઓફિસર જયદાન બારહટ અને સર સૈનિક વિપુલ સાધુ સહિતની ટીમ બોટ તથા એમ્બ્યુલન્સ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

મકરપુરા GIDC ફાયર સ્ટેશનની ટીમે માત્ર એક કલાકની જહેમત બાદ યુવકના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢ્યો. ફાયરબ્રિગેડે એક કલાકમાં મૃતદેહને શોધી કાઢ્યોફાયર બ્રિગેડની ટીમે તુરંત જ કેનાલમાં બોટ ઉતારીને શોધખોળ શરૂ કરી હતી. એક કલાકના સમયગાળામાં યુવાનનો મૃતદેહ શોધી કાઢવામાં આવ્યો હતો અને તેને પાદરા




પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. પોલીસ મૃતદેહને સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે છેલ્લા પાંચ-છ દિવસથી મૃતક યુવક સતત એવું જ કહેતો હતો કે, હું આજે કેનાલમાં પડીને મરી જઈશ, એ દિવસે એ સાઈકલ લઈને સાઈકલવાળા કાકાની દુકાન પાસે ગયો હતો. એ દુકાન કેનાલની બિલકુલ બાજુમાં જ છે. ત્યાં તેણે કાકાને કહ્યું કે હું પડુ છું જોજો અને સીધો દોટ મૂકીને કેનાલ પાસે ગયો અને ત્યાં બહાર મોબાઈલ અને હેન્ડગ્લોવ્સ કાઢી અંદર પડી ગયો હતો. આ સમગ્ર ઘટના સાઈકલની દુકાનવાળા કાકાએ જોઈ હતી અને યુવકને બચાવવાનો પ્રયાસ પણ કર્યો હતો અને બૂમાબૂમ કરી હતી, પણ યુવક નદીમાં કૂદી ગયો હતો અને તેનું મોત થયું હતું.

પોલીસ પૂછપરછમાં મૃતક યુવકના પિતાએ કહ્યું હતું કે, યુવકને ચામડીની બીમારી હતી, જેની ઘણા સમયથી સારવાર ચાલી રહી હતી. જોકે કોઈ ફરક ન પડતા તે કંટાળી ગયો હતો. જેના કારણે તેને આ પગલું ભર્યું છે.

# સુરતમાં ટાંકી તૂટી પડી છતાં કોન્ટ્રાક્ટર પર ભરોસો યથાવત્, વડોદરામાં 2 પાણીની ટાંકીનું કામ ચાલુ !

• વડોદરા

સુરતના અરેઠ તાલુકાના તડકેશ્વર ગામમાં 21 કરોડના ખર્ચે બનેલી પાણીની ટાંકી ટેસ્ટિંગ વખતે તૂટી પડી હતી. ભ્રષ્ટાચારને ભેટ ચઢી ગયેલી ટાંકી બનાવનાર જયંતીસુપર કન્સ્ટ્રક્શન પ્રા.લિ. નામના કોન્ટ્રાક્ટર વડોદરામાં 154.37 કરોડના ખર્ચે 2 ટાંકી સહિત અન્ય કામ કરી રહ્યા છે. જોકે સુરતના બનાવ બાદ વુડા દ્વારા કોન્ટ્રાક્ટરને બધા ટેસ્ટ ફરી કરાવવા પત્ર લખીને સંતોષ મનાઈ રહ્યો છે.સુરતના બનાવ પછી વુડાએ કોન્ટ્રાક્ટરને બધા ટેસ્ટ ફરી વખત કરાવવા માટેનો પત્ર લખીને સંતોષ માન્યોસુરતના બનાવ પછી વુડાએ કોન્ટ્રાક્ટરને બધા ટેસ્ટ ફરી વખત કરાવવા માટેનો પત્ર લખીને સંતોષ માન્યોવડોદરાના પૂર્વ સીમાડે આવેલા સયાજીપુરા, અણખોલ, ખટંબા, શંકરપુરા, હનુમાનપુરા, આમોદર, સિકંદરપુરા, જેસિંગપુરા, બાકરોલ, પવલેપુરા અને શ્રીપોર-ટીમ્બી ગામો સહિત 110 જેટલી સોસાયટી મળી 1.10 લાખ લોકો માટે વુડાએ પાણીની વ્યવસ્થા કરવાનું આયોજન કર્યું હતું.

આ પ્રોજેક્ટ હેઠળ શ્રીપોર-ટીંબી ગામમાં એક 25 લાખ લિટરની અને બીજી 15 લાખ લિટરની ટાંકી, ફિલ્ટરેશન પ્લાન્ટ, સંપ તથા પાઈપ લાઈન નખાશે.

154.37 કરોડના પ્રોજેક્ટનું કામ મહેસાણાના કોન્ટ્રાક્ટર જયંતીસુપર કન્સ્ટ્રક્શને સોંપ્યું હતું. નવેમ્બર-2022થી જયંતીસુપર કન્સ્ટ્રક્શને કામ શરૂ કર્યું છે, જે 3 વર્ષમાં પૂરું કરવાનું હતું. આ કામમાં ચોમાસાના 3 મહિના બાકાત રખાયા હતા.જોકે હજી ઘણું કામ બાકી છે. દરમિયાન સુરતના તડકેશ્વરમાં જયંતીસુપર કન્સ્ટ્રક્શને બનાવેલી ટાંકી 19 જાન્યુઆરીએ ટેસ્ટિંગ વખતે કડડભૂસ થતાં રાજ્યભરમાં ચર્ચા જાગી હતી.આ બનાવમાં માંડવી પોલીસે કોન્ટ્રાક્ટર સહિત 8 આરોપીની ધરપકડ કરી હતી. બીજી તરફ વુડાએ જયંતીસુપર કન્સ્ટ્રક્શન પર ભરોસો રાખી 154 કરોડનો કોન્ટ્રાક્ટ યથાવત્ રાખ્યો છે.જયંતીસુપર કન્સ્ટ્રક્શને તડકેશ્વરમાં બનાવેલી ટાંકી તૂટ્યા બાદ ફરી સ્ટ્રક્ચર સર્ટિફિકેટ મેળવી લેવા કાગળ લખ્યો છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટને જાણ કરી છે કે જે ટેસ્ટિંગ કરવાના એ કરી રિઝલ્ટ મોકલો. » ડી.જી. પાઠક, ઈ. એક્ઝિક્યૂટિવ એન્જિનિયર, વુડાથર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન એ જવાબદારી એકબીજાના માથે નાખવાનું હાથવગું સાધન છે. મટિરિયલની ગુણવત્તા ચકાસવા સાઈટ ઈજનેરે રેગ્યુલર વિઝિટ કરવી જોઈએ. ટેન્ડરની શરત મુજબનું ISI કોડ પ્રમાણિત મટિરિયલ આવ્યું છે કે નહીં એ ચેક કરવું જોઈએ. ટાંકી બાંધવાના કોડ જુદા હોય છે. મેથડ ઓફ કન્સ્ટ્રક્શન ચેક થવી જોઈએ.

# શ્રી સરકાર થયેલી જમીનો ગોડાઉન હેતુ માટે બારોબાર ભાડે ચઢાવાયાનું કૌભાંડ

## પાટનગરમાં સરકારી જમીનમાં ઘુસણખોરીની વાત નવી નથી

• ગાંધીનગર

ગાંધીનગર : પાટનગરમાં સરકારી જમીનમાં ઘુસણખોરીની વાત નવી નથી. ખ ૩ સર્કલથી ખ ૧ સર્કલ સુધી રેલ્વે લાઇનની વચ્ચેના ૨ કિલોમીટરના પટ્ટાની શ્રી સરકાર થયેલી જમીનો ગોડાઉન હેતુ માટે બારોબાર ભાડે ચઢાવાયાનો ઘટસ્ફોટ થતાં તંત્ર ચોંકી ઉઠયું છે. વર્ષ ૧૯૯૨-૯૩માં સંપાદન કરાયેલી આ જમીનમાં રેતી, સિમેન્ટ, સ્ટીલ સહિતના ૧૫થી વધુ ગોડાઉન મળતાં હરકતમાં આવેલા તંત્રે રેવન્યુ રેકોર્ડ ફેંદવાનું શરૂ કર્યું છે.

થોડા દિવસો પહેલાં જ ન્યુ ગાંધીનગરના વાસણા હડમતિયા વિસ્તારમાં મંડપ સવસ સહિત હેતુના ગેરકાયદે ખડકી દેવામાં આવેલા ગોડાઉન્સ મળી આવ્યા હતાં. સરકાર દ્વારા પાટનગરને દબાણ મુક્ત કરવા સંબંધિત તમામ તંત્રને કામે લગાડયાના પગલે થઇ રહેલી સ્થળ તપાસમાં એક પછી એક નવા નવા સ્થળોએ સરકારી મોંઘામુલની જમીનોમાં થયેલા દબાણો ઉજાગર થવા લાગ્યાં છે. ત્યારે આવી ગેર પ્રવૃતિથી સેક્ટર વિસ્તાર પણ બાકાત રહ્યો નથી. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન ખ ૧ સર્કલથી ખ ૩ સર્કલ સુધી રેલ્વે લાઇનની વચ્ચેના ૨ કિલોમીટરના પટ્ટાની શ્રી સરકાર થયેલી જમીનો ગોડાઉન હેતુ માટે બારોબાર ભાડે ચઢાવી દેવામાં આવ્યાનું કૌભાંડ ખુલતાં છેક સચિવાલય સુધી આ મુદ્દો ચર્ચાનો વિષય બની ચૂક્યો છે.પાટનગરની સ્થાપના માટે સેંકડો એકર જમીનના સંપાદન બાદ ઉપયોગ સિવાયની જમીનો વિવિધ હેતુ અને ભવિસ્યની જરૂરતો માટે ખુલ્લી રખાઇ હતી. તેમાંની ઘણી જમીન મુળ માલિક એવા ખેડૂતોને જ્યાં સુધી જમીન ઉપયોગમાં ન લેવાય ત્યાં સુધી ખેડવા અપાતી હતી. પરિણામે શહેરની વચ્ચે પણ દાયકા પહેલા સુધી ખેતરો હતાં. પરંતુ હવે ખેતી પણ થતી નથી અને જમીનો બારોબાર ભાડે મળતી થઇ છે. ત્યારે આ કિસ્સામાં પ્રાથમિક તબક્કે જ જમીન ખાલી કરવાની મૌખિક સુચના આપી દેવાઇ છે.અસામાજિકો અને રાજકીય વગદારોની મીલીભગતથી કાળી કમાણી.

# ઉવારસદ ગામના પરિવારના ૧૦ વર્ષિય પુત્રનો મૃતદેહ બે દિવસે કડી પાસે મળ્યો

ગાંધીનગર : ઉવારસદ ગામનો યુવાન બે પુત્રોને લઇને જમવાનું લવા નીકળ્યા બાદ બાઇક કેનાલમાં પડી જવાના બનાવમાં પિતાનો ચમત્કારી બચાવ થયો હતો. જ્યારે બે દિવસ બાદ ૧૦ વર્ષિય પુત્રનો મૃતદેહ કડી નજીક કેનાલમાંથી મળ્યો હતો અને બીજાની શોધ ચાલી રહી છે. તરતા આવડતું નહીં હોવા છતાં પિતાનો બચાવ થવાથી તર્ક વિતર્કના પગલે પોલીસે પિતા, પરિવાર અને સાસરીયાની પણ સઘન પુછપરછ કરાઇ હતી.જીઆઇડીસીમાં નોકરી કરતો ઉવારસદ ગામનો રહેવાસી રાજુભાઇ ઠાકોર ગત બુધવારે સાંજે તેના બે પુત્રો ૧૦ વર્ષના યશ અને ૭ વર્ષના મનદિપને બાઇક પર બેસાડી નાસ્તો લેવા નીકળ્યા હતા. એસજી હાઈવે પર ટ્રાફિક વધુ હોવાથી તેઓ અંબાપુર કેનાલ તરફથી જતા હતાં.

સમૂહ લગ્નોત્સ

### ધોળેશ્વર મહાદેવના સાનિધ્યમાં 28મો રાજપૂત સમૂહ લગ્નોત્સવ

# 50 નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા; દેખાદેખીમાં દેવું કરવાને બદલે સમૂહલગ્ન સમયની માગ: પૂર્વ શિક્ષણમંત્રી

## સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત રામસ્વરૂપજી મહારાજ અને યુવા કથાકાર જલ્પેશ મહેતાએ દંપતિઓને આશીર્વાદ આપ્યા હતાં

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સામાજિક એકતા અને કુરિવાજોના નિર્મૂલનના ઉમદા હેતુ સાથે 28માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાંદેસણ મેટ્રો સ્ટેશન સામે આવેલા ધોળેશ્વર મહાદેવ મુકામે યોજાયેલા સમૂહ લગ્નમાં પ્રભુતામાં પગલાં પાડનાર 50 નવ યુગલોએ મહાનુભાવોએ આશીર્વચન પાઠવ્યા હતા. ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સામાજિક એકતા અને કુરિવાજોના નિર્મૂલનના ઉમદા હેતુ સાથે 28માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી રિવાબા જાડેજા અને સંજયસિંહ મહીડા સહિત પૂર્વ મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને બળવંતસિંહ રાજપૂતે પણ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી.

જ્યારે સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત રામસ્વરૂપજી મહારાજ અને યુવા કથાકાર જલ્પેશ મહેતાએ દંપતિઓને આશીર્વાદ આપ્યા હતાં. આ લગ્નોત્સવની શરૂઆત ગણેશ સ્થાપન અને ગ્રહશાંતિથી થઈ હતી. સવારે જાનનું આગમન થયા બાદ હસ્ત મેળાપની વિધિ



સંપન્ન થઈ હતી. બાદમાં બપોરે મહાનુભાવો દ્વારા આશીર્વચન અને કન્યા વિદાયનો પ્રસંગ યોજાયો હતો.

આ સમૂહ લગ્નોત્સવમાં ખાસ ઉપસ્થિત રહેલા પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આજકાલ દરેક સમાજમાં સમૂહ લગ્નએ સમયની અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે. સમાજમાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકો ઘણીવાર દેખાદેખીમાં દેવું કરીને મોટો ખર્ચ કરતા હોય છે, જેની સામે સમૂહ લગ્ન એક ઉત્તમ વિકલ્પ છે. ગુજરાતમાં છેલ્લા 50 વર્ષથી સમૂહ લગ્નોની પરંપરા ચાલી રહી છે.

તેમણે નવપરિણીત દીકરીઓને આશીર્વાદ આપતા ખૂબ જ મહત્વની સલાહ આપી હતી. તેમણે દીકરીઓને સાસરીમાં જઈને માતા-પિતા સમાન સાસુસસરાની સેવા કરવા અને સંપથી રહેવા જણાવ્યુ હતું. ખાસ કરીને દીકરીઓને સંયુક્ત કુટુંબમાં રહેવાનો આગ્રહ રાખવા અને પરિવારની ગરિમા જાળવવા પ્રેરણા આપી હતી.

જ્યારે ટ્રસ્ટના પ્રમુખ શંકરસિંહ એસ. ગોહિલે સમાજ જોગ સંદેશમાં જણાવ્યું હતું કે, વ્યસન, કુરિવાજો અને ખોટા ખર્ચાઓથી દૂર રહીને શિક્ષણ અને સંગઠન પર ભાર મૂકવોએ સમયની માગ છે. આજે સમાજના સહયોગથી 50 દીકરીઓના લગ્ન નિર્વિઘ્ને સંપન્ન થયા છે, જેનો અમને આનંદ છે. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ, ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓ અને મોટી સંખ્યામાં સમાજના ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા હતા. દીકરીઓને કરિયાવરમાં એવી વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી જે કદાચ વ્યક્તિગત રીતે પિતા માટે આપવી મુશ્કેલ હોય.આ ભગીરથ કાર્ય બદલ પૂર્વ મંત્રી ચુડાસમાએ ટ્રસ્ટના હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.તેમણે નવપરિણીત દીકરીઓને આશીર્વાદ આપતા ખૂબ જ મહત્વની સલાહ આપી હતી. તેમણે દીકરીઓને સાસરીમાં જઈને માતા-પિતા સમાન સાસુસસરાની સેવા કરવા અને સંપથી રહેવા જણાવ્યું હતું. ખાસ કરીને દીકરીઓને સંયુક્ત કુટુંબમાં રહેવાનો આગ્રહ રાખવા અને પરિવારની ગરિમા જાળવવા પ્રેરણા આપી હતી.જ્યારે ટ્રસ્ટના પ્રમુખ શંકરસિંહ એસ. ગોહિલે સમાજ જોગ સંદેશમાં જણાવ્યું હતું કે, વ્યસન, કુરિવાજો અને ખોટા ખર્ચાઓથી દૂર રહીને શિક્ષણ અને સંગઠન પર ભાર મૂકવોએ સમયની માગ છે.

### મહેર સમાજની અલ્પ વસ્તી હોવા છતાં નેતૃત્વનો અનોખો દાખલો

# મહેર સમાજના યુવાન શિક્ષક વિરમભાઈ પરમારને રાપર તાલુકા શિક્ષક સંઘમાં દ્વિ-જવાબદારી

પસંદગી

## બે વર્ષના સેવાકાળમાં જ તાલુકા સહમંત્રી અને જિલ્લા પ્રતિનિધિ તરીકે પસંદગી

• ગોસા (ઘેડ), તા. ૨૦

સમગ્ર વિશ્વમાં મહેર સમાજની વસ્તી નજીવી હોવા છતાં તેની ખાનદાની, શૂરવીરતા, ખમીરી સ્વભાવ અને દાતારી જેવા ગુણો કારણે મહેર સમાજને વિશિષ્ટ ઓળખ પ્રાપ્ત છે. સ્વાધ્યાયના પ્રણેતા પરમ પૂજ્ય પાંડુરંગ દાદાજીએ પણ મહેર સમાજના લોકોના ઉમદા ગુણોને વિશેષ માન આપ્યું હતું. શૂરવીરતા, દાતારી અને ભક્તિ–આ ત્રણેય ગુણોનો સુમેળ મહેર સમાજમાં જોવા મળે છે, જે વિશ્વ સ્તરે ભાગ્યે જ કોઈ સમાજમાં એકસાથે જોવા મળે છે. આ સાથે મહેર સમાજનો એક અગત્યનો ગુણ એટલે નેતૃત્વ શક્તિ, જેના અનેક ઉદાહરણો સમયાંતરે સામે આવતા રહ્યા છે.

પોરબંદર પંથક ખાસ કરીને નેતૃત્વ માટે ઓળખાય છે. વિસ્તાર અને વસ્તી નાની હોવા છતાં અહીંના લોકોએ રાજ્ય અને કેન્દ્ર સ્તરે વિરોધ પક્ષના નેતા, પ્રદેશ પ્રમુખ, કેબિનેટ મંત્રી સહિતના મહત્વના પદો પર વિશ્વાસપૂર્વક સેવા આપી છે. ખાસ નોંધનીય વાત એ છે કે જ્યાં મહેર સમાજની વસ્તી પાંચ ટકા કરતા પણ ઓછી હોય, ત્યાં પણ સમાજના લોકો પોતાના કૌશલ્ય અને લોકવિશ્વાસના આધારે આગવું નેતૃત્વ સ્થાપિત કરતા જોવા મળે છે.તાજેતરમાં આવો જ એક પ્રેરણાદાયક દાખલો કચ્છ જિલ્લામાં જોવા મળ્યો છે. પોરબંદર તાલુકાના બળેજ ગામના વતની અને હાલ કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા વિરમભાઈ પરમાર માત્ર બે વર્ષ પહેલાં શિક્ષક તરીકે નિયુક્ત થયા હોવા છતાં પ્રાથમિક શિક્ષક સંઘમાં



તાલુકા અને જિલ્લા સ્તરે પ્રતિનિધિત્વ મેળવવામાં સફળ રહ્યા છે.દેશ અને રાજ્યમાં વિવિધ કર્મચારી સંઘોની જેમ શિક્ષકો માટે પણ પ્રાથમિક શિક્ષક સંઘ કાર્યરત છે, જેને અન્ય કર્મચારી સંઘોની તુલનામાં સૌથી મોટો સંઘ માનવામાં આવે છે. આ સંઘની ચૂંટણી દર ત્રણ વર્ષે યોજાય છે, જેમાં સામાન્ય રીતે વરિષ્ઠ અને સ્થાનિક શિક્ષકોને પ્રતિનિધિત્વ મળતું હોય છે.વિરમભાઈ પરમારે શિક્ષક તરીકે બે વર્ષ પૂર્ણ થતા જ સંઘની ચૂંટણીમાં પોતાના શાળા ગ્રૂપમાંથી સહકર્મી શિક્ષકોના ભલામણ અને લોકચાહનાના આધારે ઉમેદવારી નોંધાવી હતી અને સ્થાનિક શિક્ષકો સામે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. બેઠક પરથી ચૂંટાયા બાદ તાલુકા અને જિલ્લા લાયકાત મુજબ સંઘની કારોબારીમાં જવાબદારીઓ સોંપવામાં આવે છે.તાજેતરમાં મળેલી રાપર તાલુકા શિક્ષક સંઘની કારોબારી બેઠકમાં વિરમભાઈ પરમારની કાબેલિયત, કાર્યક્ષમતા અને શિક્ષકોમાં વિશ્વાસને ધ્યાનમાં રાખી તેમને તાલુકા સ્તરે મહત્વપૂર્ણ સીનિયર સહમંત્રી તેમજ જિલ્લા સ્તરે જિલ્લા પ્રતિનિધિ તરીકે દ્વિ-જવાબદારી સોંપવામાં આવી છે.સામાન્ય રીતે આવી જવાબદારીઓ ૧૫ થી ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા અને સંઘ સાથે લાંબા સમયથી જોડાયેલા શિક્ષકોને આપવામાં આવતી હોય છે. સાથે સાથે સ્થાનિક સંખ્યાબળ પણ મહત્વનો પરિબળ બને છે. પરંતુ રાપર તાલુકામાં આશરે ૧૬૦૦ શિક્ષકોના સેટઅપમાં મહેર સમાજના ગણતરીના પાંચ જેટલા શિક્ષકો જ છે અને કચ્છ જિલ્લામાં પણ મહેર સમાજના શિક્ષકોની સંખ્યા પાંચ ટકા કરતાં ઓછી છે. તેમ છતાં વિરમભાઈ પરમારને તાલુકા અને જિલ્લા સ્તરે સ્થાન મળવું મહેર સમાજ માટે ગૌરવની બાબત માનવામાં આવી રહી છે.મૂળ બળેજ ગામના અને હાલ રાપર તાલુકામાં શિક્ષક તરીકે સેવારત વિરમભાઈ પરમારે પોતાના કાર્યદક્ષ નેતૃત્વથી મહેર સમાજની પ્રતિભા અને ક્ષમતાનો ઉજાગર દાખલો પુરો પાડ્યો છે, જેને સમાજમાં હર્ષ અને ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.

# NRI પત્ની સાથે વિશ્વાસઘાત:ગાંધીનગર કોર્ટના છૂટાછેડાના ફેક ડોક્યુમેન્ટથી પતિએ બીજા લગ્ન કર્યા

## કરોડોની મિલકત બીજી પત્ની-પુત્રી નામે વારસાઈ કરાવી દીધી

• ગાંધીનગર

અમેરિકાની નાગરિકતા ધરાવતા અને મૂળ કલોલના મોખાસણ ગામના મહિલા બાળકો સાથે અમેરિકા હોવાનો ફાયદો ઉઠાવી પતિએ ગાંધીનગર સિવિલ કોર્ટના છુટાછેડાના ખોટા કાગળો બનાવી બીજી પત્ની અને તેની દીકરીના નામ કરોડોની મિલકતમાં ચડાવી દેવાતા કલોલ તાલુકા પોલીસ મથકે છેતરપિંડી, વિશ્વાસઘાત અને બનાવટી દસ્તાવેજો બનાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.મૂળ કલોલના મોખાસણ ગામના હાલમાં અમેરિકાની નાગરિકતા ધરાવતા સુધાબેન પટેલના લગ્ન અશોક પટેલ સાથે 1985માં થયા હતા. 1991માં અશોક ધંધા-રોજગાર માટે અમેરિકા જતા 1995માં સુધાબેન પણ ત્યાં ગયા હતા. જોકે, પતિને અન્ય સ્ત્રીઓ સાથે અનૈતિક સબંધો હોવાની જાણ થતા સુધાબેન બે બાળકને લઈ અમેરિકામાં તેમના સગા-સંબંધીઓ સાથે રહેવા લાગ્યા હતા.2008માં તેમને ગ્રીનકાર્ડ મળી ગયું હતું, જેથી તેઓ ઈન્ડિયા આવતા જતા હતાં. બાદમાં સુધાબેન પોતાના સાસુ મેનાબેનને પણ અમેરિકા લઈ ગયા હતા.




એ વખતે સાસુએ ડાંગરવા ખાતેની સાસરી પક્ષની વડિલોપાર્જિત જમીન સુધાબેનના નામે લખી આપી હતી. ત્યારે 2025માં સુધાબેન ભાઈના ત્યાં લગ્ન પ્રસંગે આવ્યા હતા, ત્યારે ડાંગરવા ગામના બે મકાનનો વેરો ભરવા તેમજ બન્ને બાળકોનું નામ ચડાવવા માટે તલાટીને મળ્યા હતા. આ સમયે માલુમ પડ્યું કે, અમેરિકન ગ્રીન કાર્ડ હોલ્ડર પતિ અશોકે આ મિલકમાં પત્ની દેવ્યાનીબેન તથા તેમનાથી જન્મેલી દીકરીનું નામ 30 મે, 2025 રોજ દાખલ કરાવી દીધું છે. તેમની અરજી આધારે નામ વારસાઈમાં ચડાવી દેવાયા છે.ઉપરાંત તલાટી સમક્ષ અશોકે 1996-97માં છૂટાછેડા થઈ ગયા હોવાના ડોક્યુમેન્ટ રજૂ કર્યા હતા. બાદમાં સુધાબેને આ બાબતે ગાંધીનગર અને અમદાવાદ કોર્ટમાં તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે, જે ડિક્રી નંબર (H.M.P No 117/1996) દર્શાવવામાં આવ્યો છે, તેવો કોઈ હુકમ કોર્ટના રેકોર્ડમાં અસ્તિત્વમાં જ નથી. જે સમયે છૂટાછેડા લીધા હોવાનો દાવો કરાયો છે તે સમયે સુધાબેન ભારતમાં હાજર જ નહોતા.અશોકે માત્ર બીજા લગ્ન જ કરી કાયદેસરના પુત્રનું નામ પણ પેઢીનામામાંથી જાણીજોઈને કમી કરાવવા સરકારી કચેરીઓમાં ખોટા દસ્તાવેજોને ખરા તરીકે ઉપયોગ કરી મિલકત પચાવવાનો પ્રયાસ કરાયો હોવાથી કલોલ તાલુકા પોલીસ મથકે છેતરપિંડી, વિશ્વાસઘાત અને બનાવટી દસ્તાવેજો બનાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# આમ આદમી પાર્ટીએ નર્મદા કલેકટર ને આવેદન પત્ર આપ્યું

• રાજપીપલા :

આમ આદમી પાર્ટીએ નર્મદા કલેકટર ને આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવીહતી કે રાજપીપલા પબ્લિક ગાર્ડનમાં આવેલ સરદાર ટાઉન હોલ ના થયેલ રિનોવેશન ખર્ચ 1,98,75,056/- રૂપિયા આ બાબતે તપાસ કરવામાં આવે આ બે કરોડ માં તો અધતન સુવિધા વાળો નવો ટાઉનહોલ બની જાય તો હાલમાં જ રાજપીપલા પબ્લિક ગાર્ડનમાં આવેલ સરદાર ટાઉન હોલ નું રિનોવેશન નું કામ કરવામાં આવ્યું છે. અને આ રિનોવેશન માં શું શું કામ કરવામાં આવ્યું છે ??? તથા કઈ કઈ નવી વસ્તુઓ ખરીદી કરી નાખવામાં આવી છે ??? કે જેનો ખર્ચ 1,98,75,056/- રૂપિયા થયો છે. આટલી મોટી રકમનો ખર્ચ થયો હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જોતા લાગતું નથી. જેથી આ રાજપીપલા પબ્લિક ગાર્ડનમાં આવેલ સરદાર ટાઉન હોલ ના ખર્ચ રૂપિયા 1,98,75,056/- ની તપાસ કરવામાં આવે. સાથે સાથે ગાર્ડનમાં જ માછીવાડ અને કાછિયાવાડ વિસ્તારને અડીને ( દક્ષિણ બાજુ ) આવેલ દિવાલ નું પણ રિનોવેસન કરવામાં આવ્યું છે. આ દિવાલ પહેલાથી હતી જ, માત્ર રિનોવેશન થયું છે. તો તેની રકમ કેટલી છે તેની પણ જાણકારી મેળવી તેની પણ તપાસ થાય તેવી રજૂઆત કરવામાં આવી છે આ સાથે રાજપીપલા નગર પાલિકા દ્વારા ટાઉન હોલ માં થયેલ ખર્ચ ની યોગ્ય તપાસ કરવામાં આવે અને કમિટીની રચના કરવામાં આવે આજે દર વર્ષે આ ટ્રાયબલ વિસ્તારમાં આવેલ રાજપીપળા નગરપાલિકા માં 80 થી 90 કરોડ રૂપિયા એક વર્ષના આવે છે તો 400 થી 450 કરોડ રૂપિયા પાંચ વર્ષના થાય છે આટલા રૂપિયામાં તો રાજપીપળા નગરપાલિકાની કાયાપલટ થઈ જાય પણ તેમ છતાં ભારતીય જનતા પાર્ટીના બેઠેલા નેતાઓ અધિકારીઓ અને એજન્સી ને સાથે રાખીને આ કરોડો રૂપિયા નું કાગળ પર આયોજન કરે છે જે બાબતે યોગ્ય તપાસ થાય અને નગરપાલિકાની જનતાને કહેવા માંગીએ છે કે હવે તો જાગો હવે તો આ નગરપાલિકામાં બેઠેલા ભ્રષ્ટ નેતાઓ સામે અવાજ ઉઠાવો જે અપક્ષ માંથી ચૂંટાઈને આવે છે તેવા એક પણ નેતા યોગ્ય રજૂઆત કેમ કરતા નથી એ કઈ બાબતે મૌન છે શું આવા નેતાઓને પણ ક્યાંક ને ક્યાંક નાના મોટા કવરો મળી જાય છે તે માટે આ નેતાઓ પ્રજાના પ્રશ્નો અને આ કરોડો રૂપિયા નો જે ખર્ચ થાય છે એ બાબતે મૌન ધારણ કરી.

# ઘેડ માટેના 1500 કરોડ ક્યાં ગયા?:કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાના સવાલો, સરકાર પાસે જાહેર રિપોર્ટની માંગ



• ગાંધીનગર

રાજ્યના બજેટમાં એક વર્ષ પહેલાં ઘેડ વિસ્તારના વિકાસ અને કાયમી નિરાકરણ માટે 1500 કરોડ રૂપિયાની ફાળવણી જાહેર કરવામાં આવી હતી. એક વર્ષ પૂર્ણ થવા છતાં હકીકતમાં કેટલો ખર્ચ થયો અને કેટલા કામો પૂર્ણ થયા તેની સ્પષ્ટ માહિતી જાહેર ન થતા કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાએ સરકાર સામે તીખી પ્રતિક્રિયા આપી છે.ઘેડના વિકાસ માટે જાહેર કરાયેલા 1500 કરોડનો હિસાબ આપો- પાલ આંબલિયા પાલ આંબલિયાએ જણાવ્યું કે 1500 કરોડમાંથી કેટલા રૂપિયા વપરાયા, કેટલા રૂપિયાની સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી અપાઈ, કેટલા કામો માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ અને ગયા વર્ષે કેટલા કામો જમીન પર પૂર્ણ થયા તેની વિગત જાહેર કરવી જોઈએ. તેમણે વધુમાં પૂછ્યું કે ગયા વર્ષે શરૂ કરાયેલા કામોમાંથી કેટલા કામો આ વર્ષે પણ ચાલુ છે, ચાલુ વર્ષે કેટલા નવા કામો શરૂ કરાયા અને બાકી રહેલા કામો ક્યાં સુધી પૂર્ણ થશે.

### વરઘોડામાં નાચ્યા બાદ બેરીકેટ હટાવ્યા વિના ચાલી જતા રાત્રે મોપેડ ચાલક ભટકાયો અને જીવ ગુમાવ્યો

# નરથાણમાં સુરતથી આવેલ જાનૈયાના બે ઈસમોએ વરઘોડા માં ડી.જે.ના સુરે નાચવા મેઈન રોડ વચ્ચે બેરીકેટ મુકયો

• ઓલપાડ,તા.૨૨

સુરત-દાંડી રોડ ઉપર નરથાણ ગામે તાપ્તીવેલી સ્કુલના મેઈન ગેટની સામે રાત્રીના સુમારે રોડ ઉપર આડ કરેલ બેરીકેટ સાથે એક મોપેડ ચાલક ભટકાતા સર્જાયેલા અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત ચાલકનું કરૂણ મોત થયું છે.

અકસ્માત ઘટનાની વિગત મુજબ સુરેશભાઈ જીવતરામ આહુજા(ઉ.વ.૫૬)હાલમાં ઓલપાડ તાલુકાના નરથાણ ગામે દિલ્લી પબ્લીક સ્કુલની બાજુમાં આવેલ મલબેરી હોમ્સના મ.નં.૮૫ માં પરિવાર સાથે રહેતા હતાં.સુરત શહેરના રીંગરોડ ઉપર એક ખાનગી કંપનીમાં નોકરી કરતા સુરેશભાઈ ગત શુક્રવાર,તા.૨૦

ના રોજ રાત્રે નોકરી પૂર્ણ કરી સુરત- દાંડી રોડ ઉપર તેમની મોપેડ નં:જીજે-૦૫, કે.ડબ્લ્યુ-૭૪૬૦ હંકારી નરથાણ ગામે ઘરે જઈ રહ્યા હતાં.તેઓ જયારેનરથાણ ગામની સીમમાં મેઈન રોડને અડીને આવેલ તાપ્તીવેલી સ્કુલના મેઈન ગેટની સામેથી પુરઝડપે પસાર થઈ રહ્યા હતાં,તે સમયે રોડની વચ્ચે આડ કરેલ બેરીકેટ ન દેખાતા મોપેડ બેરીકેટ સાથે ભટકાતા અકસ્માત સર્જાયો હતો. જેથી સુરેશમાં રોડ ઉપર પતકાતા તેને માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે ઓછી-વત્તી ઈજાઓ થવાથી સ્થળ પર હાજર લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા

સુરત શહેરના મોરાભાગળ ખાતેની એક ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડ્યો હતો.જ્યાં બીજા દિવસે શનિવારે બપોરે-૧:૫૦ કલાકના સુમારે સુરેશભાઈ ને ચાલુ સારવાર દરમ્યાન ચાલુ હતી તે દરમ્યાન ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યા હતાં. અકસ્માતની ઘટના બાદ મૃતકનો પુત્ર સની આહુજા ઘટના સ્થળે પહોંચી તાપ્તીવેલી સ્કુલના મેઈન ગેટની સામેના સીસી. ટીવી કેમેરાની ફૂટેજ ચેક કરતા જણાયું હતું કે,ઘટનાની સાંજે સાત વાગ્યાના સુમારે ગામમાં આવેલ જાનૈયા માંથી કોઈ બે અજાણ્યા ઈસમો એ રોડની સાઈડમાં પડેલ બેરીકેટને ઉઠાવી સુરત-દાંડી જતા રોડ ઉપર વચ્ચે મુકી રોડ બંધ કરી દીધો હતો.આ જાનૈયા લગ્નના વરઘોડામાં ડી.જે. સંગીતના સુરે નાચ્યા બાદ રાત્રે રોડની વચ્ચે મુકેલ બેરીકેટ હટાવ્યા વિના જતા રહ્યા હતાં.જે બેરીકેટ

જેથી સની આહુજાએ સીસી. ટીવી.કેમેરાની ફૂટેજની સી.ડી. ઓલપાડ પોલીસ મથકમાં રજુ કરી પોલીસ ફરીયાદ નોંધાવી હતી કે, લગ્નની જાનના વરઘોડામાં આવેલ બે અજાણ્યા શખ્સોએ ગેરકાયદેસર રોડ ઉપર લોકોની જિદંગી જોખમમાં મુકાઈ એ રીતે બેરીકેટ મુકી રોડ બંધ કરી જતા રહેતા મારા પિતાજીને નડેલ અકસ્માતથી જીવ ગુમાવ્યો છે.જે ફરીયાદના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સરકારનો સ્વીકાર**

હાઈકોર્ટમાં 560 જગ્યા ખાલી, મંત્રી સંજય મહિડા ચાલુ ભાષણે ઉભા થતા અધ્યક્ષે નિયમની યાદ અપાવી

# રાજ્યમાંથી 2 વર્ષમાં 43,604 કિલો ગૌમાંસ ઝડપાયાનો સરકારનો સ્વીકાર

## ગૃહમાં રજૂ થયેલા આંકડાઓ મુજબ ગુજરાત હાઈકોર્ટમાં ગ્રુપ-Aની 30, ગ્રુપ-Bની 33, ગ્રુપ-Cની 341 અને ગ્રુપ-Dની 156 જગ્યાઓ ખાલી છે

• ગુજરાત

ગુજરાત વિધાનસભાના પ્રશ્નકાળ અને અંદાજપત્રની ચર્ચા દરમિયાન ગૃહમાં એક તરફ આંકડાકીય માહિતી જોવા મળી તો બીજી તરફ સત્તા-વિપક્ષ વચ્ચે તીખી ટકરાવ અને ટિપ્પણીઓથી વાતાવરણ ગરમાયું. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારએ મંત્રી કુબેર ડિંડોર સામે ટોણો મારતા પૂછ્યું કે, "તમે એવા કેવા કામ કર્યા કે તમારે પાછળ બેસવાનો વારો આવ્યો?" આ નિવેદનથી ગૃહમાં તણાવ સર્જાયો અને અધ્યક્ષ શંકર ચૌધરીએ રાજકીય ટિપ્પણી ન કરવાની ટકોર કરી. અંદાજપત્રની ચર્ચા દરમિયાન ભાજપના ધારાસભ્ય અમિત શાહએ કોંગ્રેસના સમયના કરફ્યુ અને તોફાનોની યાદ અપાવીને કટાક્ષ કર્યો અને લતીફ પ્રકરણનો ઉલ્લેખ કરતાં IPS અધિકારી ગીતા જોહરીની બહાદુરીનો ઉલ્લેખ કર્યો.

ગૃહમાં રજૂ થયેલા આંકડાઓ મુજબ ગુજરાત હાઈકોર્ટમાં ગ્રુપ-Aની 30, ગ્રુપ-Bની 33, ગ્રુપ-Cની 341 અને ગ્રુપ-Dની 156 જગ્યાઓ ખાલી છે, જેમાંથી ગ્રુપ A અને Bની 12 જગ્યાઓ એક વર્ષથી અને 22 જગ્યાઓ બે વર્ષથી ખાલી છે. ગ્રુપ Cમાં 138 જગ્યાઓ એક વર્ષથી અને 203 જગ્યાઓ બે વર્ષથી ખાલી છે જ્યારે ગ્રુપ Dમાં 72 જગ્યાઓ એક વર્ષથી અને 84 જગ્યાઓ બે વર્ષથી ખાલી છે.

ગૌ માંસ મુદ્દે સરકારે જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં કુલ 43604 કિલો ગૌ માંસ અને 1272 કિલો ગૌ વંશનું માંસ પકડાયું છે, 1235 આરોપીની ધરપકડ થઈ છે અને હજુ 107 આરોપી ફરાર છે. પંચમહાલ જિલ્લામાં સૌથી વધુ 21871 કિલો ગૌ માંસ અને 292 કિલો ગૌ વંશ પકડાયું છે, જ્યાં 409 ધરપકડ અને 50 આરોપી ફરાર હોવાનું બહાર આવ્યું.



કચ્છમાં યોજાતા રણોત્સવમાં પ્રવાસીઓનો રેકોર્ડ નોંધાયો છે. વર્ષ 2024માં 855565 અને 2025માં 941637 પ્રવાસીઓએ મુલાકાત લીધી, જ્યારે બે વર્ષમાં કુલ 170635667 રૂપિયાની આવક થઈ છે.

અંબાજીમાં આદિવાસી-પોલીસ ઘર્ષણ બાબતે સરકારની સ્પષ્ટતા

અંબાજીના પાડલીયા વિસ્તારમાં આદિવાસી અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણ અંગે સરકારે સ્પષ્ટતા કરી કે કોઈ ફાયરિંગ થયું નહોતું. અંબાજી વિસ્તારમાં ઘટના સમયે 2 સરકારી વાહન અને 30 પોલીસકર્મી બંદોબસ્તમાં હતા, 14 ટિયર ગેસ સેલ છોડાયા અને 17 પોલીસકર્મી ઈજાગ્રસ્ત થયા હતા.

શંકર ચૌધરીએ સભ્યોના હાર્ટબીટ ચેક કરાવવનું કહેતા જ ગૃહમાં હાસ્ય રેલાયું!

પ્રશ્નકાળ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તમામ ધારાસભ્યોને ગીરનાર પર્વતની મુલાકાતે લઈ જવાની અપીલ કરી અને કહ્યું કે ગીરનાર તળેટીની મુલાકાતથી આરોહણ-અવરોહણ થશે. અધ્યક્ષ શંકર ચૌધરીએ રમૂજમાં કહ્યું કે મુલાકાત પહેલા સભ્યોના હાર્ટબીટ ચેક કરાવવા જોઈએ, જેના કારણે ગૃહમાં હાસ્યનું વાતાવરણ સર્જાયું.

થાનગઢ દલિત હત્યાકાંડ કેસમાં કાર્યવાહી મામલે સરકારનો જવાબ

થાનગઢ દલિત હત્યાકાંડ કેસ અંગે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના સવાલ પર સરકારે જણાવ્યું કે 01-05-2013ના રોજ તપાસ સમિતિએ અહેવાલ સોંપ્યો હતો અને જવાબદારો સામે કાર્યવાહી વિચારણા હેઠળ છે.

મંત્રી સંજય મહીડાને અધ્યક્ષે નિયમની યાદ અપાવવી પડી

ગૃહ દરમિયાન મંત્રી સંજયસિંહ મહીડા સભ્યના ભાષણ દરમિયાન બહાર જતા હતા ત્યારે અધ્યક્ષે તેમને નિયમ યાદ અપાવી રોક્યા અને જણાવ્યું કે અધ્યક્ષ અને સભ્યની વચ્ચેથી પસાર થઈ શકાતું નથી, ત્યારબાદ તેઓ ફરી પોતાની બેઠક પર બેઠા.

અમદાવાદ શહેરમાં 13 પોલીસ ચોકી અને સ્ટેશન વર્ષોથી ભાડે ચાલી રહ્યા હોવાનું પણ બહાર આવ્યું, જેમાં નાગોરીવાડ 55 વર્ષથી, હાટકેશ્વર 54 વર્ષથી, ચારોડિયા 46 વર્ષથી, ચમનપુરા 38 વર્ષથી અને ઓઢવ GIDC 32 વર્ષથી ભાડે છે. છેલ્લા બે વર્ષમાં રૂ. 3866 ભાડુ બાકી હોવાનું જવાબમાં જણાવાયું. હેલિકોપ્ટર જોય રાઈડ માટે સરકારે ત્રણ વર્ષમાં 1 કરોડથી વધુનું ફંડ મજૂર કર્યુંસાબરમતી રિવરફ્રન્ટ ખાતે હેલિકોપ્ટર જોય રાઈડ મામલે સાબરમતી રિવરફ્રન્ટ માટે સરકારે Aero Trans Services Pvt Ltdને કોન્ટ્રાક્ટ આપ્યો હતો. વર્ષ 2022માં રૂ. 12 લાખ પ્રતિ માસ વાયબિલિટી ગેપ ફંડિંગ મંજૂર થયું હતું. વર્ષ 2024માં રૂ. 87.19 લાખ અને 2025માં રૂ. 16.40 લાખ ચૂકવાયા હોવાનું ગૃહમાં જણાવાયું.

ગૃહ પૂર્ણ થયા બાદ દિવસભરની તીખી ચર્ચા છતાં કોંગ્રેસ અને ભાજપના ધારાસભ્યો હેતથી મળતા જોવા મળ્યા. શૈલેષ પરમાર સભ્યોને ચિઠ્ઠી મોકલવાની ચર્ચા કરતા હતા. કિરીટ પટેલે કહ્યું કે જો હું ખોટો હોઉં તો રાજીનામું આપું, ત્યારે ઋષિકેશ પટેલે હાસ્યમાં જવાબ આપ્યો કે રાજીનામું ન આપશો, અહીં આવવું હોય તો જગ્યા ખાલી છે. દિવસભરની ગરમાગરમ ચર્ચા વચ્ચે અંતે મિત્રતાનો ભાવ દેખાતા વિધાનસભાનું સત્ર રાજકીય તીખાશ અને હળવી ગોસિપ બંને માટે યાદગાર રહ્યું.

**દિવ્ય અને ભવ્ય સમૂહ લગ્નમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા**

# રાણપુર પાસે આવેલ શ્રીજી વિદ્યાધામ ખાતે સર્વ જ્ઞાતિના 51 દીકરી-દીકરાના સમુહ લગ્ન યોજાયા

## શ્રીજી વિદ્યાધામ ગુરુકુલના સ્થાપક પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી દ્વારા શાહી સમૂહ લગ્ન નું ભવ્ય આયોજન કરી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા

• બોટાદ

બોટાદ જીલ્લાના રાણપુર પાસે લિંબડી રોડ પર આવેલ પ્રખ્યાત શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે આજે સર્વ જ્ઞાતિના દીકરી- દીકરાના ભવ્ય સમૂહ લગ્ન ~~યોજાયા શ્રીજી વિદ્યાધામ ગુરુકુલ~~ ના સ્થાપક પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી દ્વારા સમૂહ લગ્ન નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ સમૂહ લગ્ન થકી સામાજિક એકતા અને સહકારનો અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો ખાસ વાત તો એ છે કે સમુહ લગ્ન ની અંદર દાતાઓના સહયોગથી દરેક દીકરીઓને મોટા પ્રમાણમાં કરિયાવર આપવામાં આવ્યો હતો જીવન જરૂરિયાતની મોટાભાગની તમામ વસ્તુઓ દીકરીઓને



કરિયાવરમાં આપવામાં આવી હતી. શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા આ ચતુર્થ ભવ્ય સમુહ લગ્ન 51 નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન તરીકે અંકીતકુમાર પ્રફુલભાઈ સાવલીયા(કેનેડા), સમૂહ લગ્નના મુખ્ય યજમાન તરીકે પ્રવિણભાઈ આર.પટેલ(અમેરીકા) તેમજ અંશુલભાઈ હીરામણી પાંડે(મુંબઈ), રમણભાઈ બી.પટેલ તથા શારદાબેન આર.પટેલ, પ્રવીણભાઈ આર.પટેલ, સરોજબેન પી.પટેલ-મોખાસણ(અમેરીકા) રહ્યા હતા. સંતો-મહંતોની હાજરીમાં તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન સંતોની હાજરીમાં 51 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા સાથે જ સંતોએ તેમજ ધંધુકા વિધાનસભાના ધારાસભ્ય કાળુભાઈ ડાભી, રાણપુરના જાણીતા યુવા ઉદ્યોગપતિ કૌશલભાઈ કલ્યાણી તેમજ રાજકીય આગેવાનોએ, સામાજિક આગેવાનોએ 51 નવદંપતિઓને સુખી લગ્ન જીવનની શુભેચ્છા સાથે આશીર્વાદ પાઠવ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરુકુળ ના સ્થાપક પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, કૃષ્ણવલ્લભ સ્વામી, ગોપાલચરણ સ્વામી સહિતના સંત મંડળ દ્વારા આ પંથકમાં અનેક પ્રકારના સામાજિક, લોક ઉપયોગી અને લોકજાગૃતિ કાર્યક્રમો કરીને સમાજ સેવાનું ભગીરથ કાર્ય કરે છે ત્યારે આ સમૂહ લગ્ન થકી નાના અને મધ્યમ વર્ગના પરિવારજનો સમૂહ લગ્ન માં જોડાઈને પોતાના આંગણે આવેલો પ્રસંગ પૂર્ણ કરવાનો અવસર શ્રીજી વિદ્યાધામ ગુરુકુળ દ્વારા આપવામા આવ્યો છે ત્યારે આ દિવ્ય અને ભવ્ય સમૂહ લગ્નમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા તમામ લોકો માટે પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી દ્વારા જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

# વિજ્ઞાનનો અદભૂત આવિષ્કાર: ૨૩ ફેબ્રુઆરી અને પ્લુટોનિયમની શોધ

માનવ ઈતિહાસમાં ૨૩ ફેબ્રુઆરીનો દિવસ વિજ્ઞાનની દ્રષ્ટિએ અત્યંત મહત્વનો છે. આ દિવસે વર્ષ ૧૯૪૧માં કેલિફોર્નિયા યુનિવર્સિટી, બર્કલે ખાતે ડૉ. ગ્લેન ટી. સીબોર્ગ અને તેમની ટીમે સૌ પ્રથમવાર પ્લુટોનિયમ તત્વનું કૃત્રિમ રીતે ઉત્પાદન કર્યું હતું. આ એક એવી શોધ હતી જેણે ભવિષ્યમાં ઉર્જાના સમીકરણો અને પરમાણુ વિજ્ઞાનની દિશા બદલી નાખી.

પ્લુટોનિયમ: એક શક્તિશાળી તત્વ

પ્લુટોનિયમ (Plutonium) એ આવર્ત કોષ્ટકમાં ૯૪ પરમાણુ ક્રમાંક ધરાવતું તત્વ છે. ડૉ. સીબોર્ગે યુરેનિયમ પર સંશોધન કરીને આ તત્વ મેળવ્યું હતું. આ તત્વનું નામ 'પ્લુટો' ગ્રહના નામ પરથી રાખવામાં આવ્યું છે. તે અત્યંત કિરણોત્સર્ગી છે અને ઉર્જાનો અખૂટ સ્ત્રોત બની શકે તેમ છે.

આધુનિક આવર્ત કોષ્ટકમાં ડૉ. સીબોર્ગનું પ્રદાન

જ્યારે આપણે કેમિસ્ટ્રી (રસાયણ વિજ્ઞાન) ના હૃદય સમાન 'આવર્ત કોષ્ટક' (Periodic Table) ની વાત કરીએ, ત્યારે ડૉ. સીબોર્ગનું નામ આદર સાથે લેવાય છે.

એક્ટિનાઈડ શ્રેણી: ડૉ. સીબોર્ગે સૂચવ્યું હતું કે ભારે તત્વોને આવર્ત કોષ્ટકમાં નીચેના ભાગે અલગ શ્રેણીમાં મૂકવા જોઈએ, જેને આપણે આજે 'એક્ટિનાઈડ શ્રેણી' (Actinide Series) તરીકે ઓળખીએ છીએ.

તત્વનું નામકરણ: વિજ્ઞાન જગતમાં તેઓ એકમાત્ર એવા વૈજ્ઞાનિક હતા કે જેમના જીવતા હોવા છતાં તેમના સન્માનમાં ૧૦૬માં તત્વનું નામ 'સીબોર્ગિયમ' (Seaborgium - Sg) રાખવામાં આવ્યું હતું.

પરમાણુ ઉર્જાના શાંતિમય ઉપયોગો

ઘણીવાર પરમાણુ ઉર્જાનું નામ લેતા જ આપણને વિનાશક શસ્ત્રો યાદ આવે છે, પરંતુ તેનો સકારાત્મક અને શાંતિમય ઉપયોગ માનવજાત માટે આશીર્વાદરૂપ છે:

૧. વીજળી ઉત્પાદન: ન્યુક્લિયર પાવર પ્લાન્ટ દ્વારા પ્રચંડ માત્રામાં વીજળી પેદા કરવામાં આવે છે. આ ઉર્જા પ્રદૂષણ મુક્ત (Zero-Emission) હોવાથી ગ્લોબલ વોર્મિંગ સામે લડવામાં મદદરૂપ થાય છે.

૨. તબીબી ક્ષેત્ર (મેડિકલ): કેન્સર જેવી જીવલેણ બીમારીના નિદાન અને સારવારમાં કિરણોત્સર્ગી આઈસોટોપ્સનો ઉપયોગ થાય છે (દા.ત. રેડિયોથેરાપી).

૩. ખેતીવાડી: બિયારણની ગુણવત્તા સુધારવા અને ખોરાકને લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે પરમાણુ વિકિરણોનો ઉપયોગ કરવામાં આવે છે.

૪. અવકાશ સંશોધન: પ્લુટોનિયમ-૨૩૮ નો ઉપયોગ લાંબા અંતરના અંતરિક્ષ યાન (જેમ કે વોયેજર) માં પાવર સ્ત્રોત તરીકે થાય છે, જે વર્ષો સુધી ઉર્જા આપે છે.

નિષ્કર્ષ

ડૉ. ગ્લેન સીબોર્ગની શોધ એ સાબિતી છે કે કુદરતના રહસ્યો જ્યારે માનવ બુદ્ધિ સામે ખુલે છે, ત્યારે વિકાસના નવા પથ કંડારાય છે. આપણી જવાબદારી છે કે આ શક્તિશાળી ઉર્જાનો ઉપયોગ વિનાશ માટે નહીં, પણ વિશ્વના કલ્યાણ અને શાંતિ માટે કરીએ. વિજ્ઞાન જ્યારે વિવેક સાથે જોડાય છે, ત્યારે જ સાચી પ્રગતિ થાય છે.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (લેખક, કવિ, સાહિત્યકાર)

# નર્મદા જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ૨૪ કેન્દ્રો ખાતે ૫૨૨ બ્લોકમાં કુલ-૧૪૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

• રાજપીપલા,

સમગ્ર રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી લેવાનારી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) સામાન્ય -વિજ્ઞાન પ્રવાહની નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ શરૂ થનાર છે. ત્યારે નર્મદા જિલ્લામાં પરીક્ષા સંપૂર્ણ સુચારૂ રીતે યોજાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે મુક્ત વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષામાં ભાગ લે અને આ પરીક્ષાઓ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તેવા ઉમદા હેતુસર નિવાસી અધિક કલેકટરશ્રી સી.કે.ઉંધાડની અધ્યક્ષતામાં પરીક્ષાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ઓબ્ઝર્વરઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી ડો.કિરણબેન પટેલે બોર્ડ પરીક્ષા સંદર્ભે થયેલી તૈયારીઓ તેમજ પરીક્ષા દરમિયાન ઓબ્ઝર્વર તરીએ રાખવાની સાવચેતીની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૬ માં ધોરણ ૧૦ એસ.એસ.સી અને ધોરણ ૧૨ એચ.એસ.સી વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૦૧.૩૦ અને બપોરે ૦૩.૦૦ થી ૦૬.૩૦ કલાકે એમ બે સેશનમાં યોજાનાર છે. જેમાં કેન્દ્ર સંચાલક અને ઓબ્ઝર્વરે રાખવાની કાળજી, બોર્ડ દ્વારા નક્કી કરાયેલી સૂચનાઓ અંગે વિગતવાર જાણકારી આપી હતી. નર્મદા જિલ્લામાં ધોરણ ૧૦(એસ.એસ.સી) બોર્ડની પરીક્ષામાં જિલ્લાના ૧૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૮૭૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# પુત્રને મળેલા જીવનદાનના બદલે અમરાવતીથી વૈષ્ણોદેવી સુધી 1700 કિલોમીટર સુધી 'આળોટતા' જતા દેવીદાસની અતૂટ ભક્તિ'

• શહેરા,

મહારાષ્ટ્ર રાજ્યના અમરાવતી શહેરના રહેતા દેવીદાસ થોરાટના પુત્રને કરંટ લાગતા તેને દવાખાનામા દાખલ કરાયો. પણ પરિસ્થીતી જોતા તબીબોએ કહ્યુ કે તેના જીવનની આશા ટુંકી છે. તે વખતે જાણે માથા દેવીદાસને આભ તુટી પડ્યુ, પણ દેવીદાસ હતા માતા વૈષ્ણોદેવી ના ભક્, તેમણે દવાખાનામા માનતા લીધી કે હે માતા તુ મારા દિકરાને મોતના મુખમાંથી ઉગારી લેશે તો હુ તારા દ્વારા દંડવત રીતે આળોટતો આળોટતો આવીશ. સાચા દિલથી કરેલી પ્રાર્થના જાણે માતાજીએ સાંભળી લીધી અને ચમત્કાર થયો, દિકરોનો જીવ બચી ગયો. તબીબો પણ અવાક પામ્યા, કે જીવ બચશે નહી તેવુ તેમણે પણ લાગતુ હતુ, પણ રામ રાખે તેણે કોણ ચાખે, માનતા પુરી કરવા માટે દેવીદાસે લીધેલા સંકલ્પને પુરો કર્યો છે. તેઓ આ રીતે પાંચ વખત આળોટતા આળોટતા વૈષ્ણોદેવી જવાના છે. તેઓ અગાઉ બે વખત આ રીતે વૈષ્ણોદેવીજઈ આવ્યા છે. આ ત્રીજીવાર જઈ રહ્યા છે. આ ખરેખર શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસની એક અદભૂત કહાની છે. અમરાવતીના દેવીદાસજી આ યાત્રા માત્ર શારીરિક કષ્ટ નથી, પણ એક પિતાનો પોતાની શ્રદ્ધા પ્રત્યેનો સમર્પણ ભાવ છે. દેવીદાસ જણાવે છે તેઓને રસ્તામા ઘણા લોકો મદદ કરે છે. જમવાની સાથે રહેવાની પણ વ્યવસ્થા કરી દે છે. મંદિરમાં અમને આસરો મળી રહે છે. આ પહેલા બે વખત યાત્રા કરી ચુકયો હોવાથી ઘણા લોકો મને ઓળખે છે. તેમની સાથે હાલમા એક સાધુ પણ જોડાયેલા છે. સાયકલ પર જરુરીયાત સામાન લઈને સાથે માતાજીના ગીતો વગાડતા તેઓ જઈ રહ્યા છે. તેઓ બે મહિના પહેલા નીકળ્યા હતા.

**મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતી**

# ગુજરાત વિધાનસભા ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી

ઈન્દુચાચા'ના હુલામણા નામથી જાણીતા અને મહાગુજરાત આંદોલનના અગ્રેસર નેતા સ્વ. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતી નિમિત્તે આજે ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ સ્વ. ઈન્દુચાચાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના લોકસેવાના કાર્યોને યાદ કર્યા હતા. આઝાદીની ચળવળમાં 'ઈન્દુચાચા'એ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ઈન્દુલાલ યાજ્ઞિક સાદગી, નિઃસ્પૃહતા અને સંઘર્ષના પર્યાય હતા. આઝાદીની ચળવળમાં તેમણે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે ખભેખભો




મિલાવી સક્રિય ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને ગુજરાતના સ્થાપના કાળના 'મહાગુજરાત આંદોલન'માં તેમનું નેતૃત્વ અજોડ રહ્યું હતું. તેઓ માત્ર એક રાજકીય નેતા જ નહીં, પરંતુ એક નીડર પત્રકાર, પ્રખર સાહિત્યકાર અને કિસાન-કામદાર પ્રવૃત્તિઓના સક્રિય સેવક પણ હતા. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક વર્ષ ૧૯૫૭ થી ૧૯૭૨ દરમિયાન સાંસદ તરીકે કાર્યરત રહી પ્રજાહિતના પ્રશ્નોને મજબૂત રીતે વાચા આપી હતી. આ ઉપરાંત તેમણે આત્મકથા, નવલકથા, વ્યક્તિ-ચરિત્ર અને વિવિધ ગ્રંથો દ્વારા સાહિત્ય ક્ષેત્રે પણ બહોળું પ્રદાન આપ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ ઈન્દુલાલ યાજ્ઞિકના જીવન વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું, જેની પ્રશંસા કરી ઉપાધ્યક્ષશ્રીએ વિદ્યાર્થીને 'સન્માન પત્ર' એનાયત કર્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબહેન મહેતા, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

આર્જેન્ટિના-સ્પેન વચ્ચે રમાનારી ફાઇનલિસિમા મેચ રદ

# મિડલ ઈસ્ટમાં વધતા તણાવને કારણે કતરમાં 27 માર્ચે મુકાબલો નહીં થાય

આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે રમાનારી ફાઈનલિસિમા મેચ રદ કરવામાં આવી છે. યુરોપિયન ફૂટબોલ એસોસિએશન (UEFA)એ જણાવ્યું કે મધ્ય પૂર્વમાં વધતા યુદ્ધ અને સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.આ મેચ 27 માર્ચે કતારની રાજધાની દોહામાં રમાવાની હતી. આમાં દક્ષિણ અમેરિકાની ચેમ્પિયન આર્જેન્ટિના અને યુરોપની ચેમ્પિયન સ્પેન આમને-સામને થવાની હતી. આ મેચને લિયોનેલ મેસ્સી અને લામિન યામાલની ટીમો વચ્ચેની મોટી મેચ માનવામાં આવી રહી હતી.મધ્ય પૂર્વમાં ઈરાન અને તેના પડોશી દેશો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ અને અમેરિકા-ઈઝરાયલના હવાઈ હુમલાઓને કારણે આ ક્ષેત્રમાં સ્થિતિ ઘણી તણાવપૂર્ણ બની રહી છે. છેલ્લા ત્રણ અઠવાડિયાથી ચાલી રહેલા આ તણાવ વચ્ચે કતારમાં મેચ યોજવી જોખમી માનવામાં આવી હતી. UEFAએ જણાવ્યું કે કતારના આયોજકો સાથે ચર્ચા કર્યા પછી, વર્તમાન રાજકીય પરિસ્થિતિને જોતા 27 માર્ચે કતારમાં મેચ યોજવી શક્ય નથી.લુસૈલ સ્ટેડિયમમાં મેચ યોજાવાની હતી, જ્યાં આર્જેન્ટિના વર્લ્ડ ચેમ્પિયન બન્યું હતુંઆ મુકાબલો લુસૈલ સ્ટેડિયમમાં યોજાવાનો હતો. આ જ મેદાન પર 2022 વર્લ્ડ કપની ફાઈનલ રમાઈ હતી, જેમાં આર્જેન્ટિનાએ ફ્રાન્સને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને ખિતાબ જીત્યો હતો. તે મેચમાં મેસ્સીએ બે ગોલ



કર્યા હતા, જ્યારે કિલિયન એમ્બાપ્પેએ હેટ્રિક ફટકારી હતી.2022માં કતરમાં યોજાયેલા ફિફા વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાએ ફ્રાન્સને હરાવીને ખિતાબ જીત્યો હતો. મેચને અન્ય સ્થળે યોજવાના વિકલ્પો પણ જોવામાં આવ્યા. મેડ્રિડના સેન્ટિયાગો બર્નાબેઉ સ્ટેડિયમમાં મેચ યોજવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, પરંતુ આર્જેન્ટિના ફૂટબોલ એસોસિએશને તેને સ્વીકાર્યો નહીં.એક વિકલ્પ એ પણ હતો કે મુકાબલો બે લેગમાં કરાવવામાં આવે. પહેલો મેડ્રિડમાં અને બીજો બ્યુનોસ આયર્સમાં. આ પ્રસ્તાવ પર પણ સહમતિ બની શકી નહીં. બાદમાં UEFA એ 27 માર્ચે ઈટાલીમાં મેચ કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો, પરંતુ આર્જેન્ટિનાએ તેને 31 માર્ચે કરાવવાની માંગ કરી. UEFA અનુસાર ચાર દિવસ પછી મેચ કરાવવો શક્ય નહોતો, તેથી આખરે તેને રદ કરવો પડ્યો. ફાઈનલિસિમાનો પહેલો મુકાબલો 2022માં લંડનના વેમ્બલી સ્ટેડિયમમાં રમાયો હતો, જેમાં આર્જેન્ટિનાએ ઈટાલીને 3-0થી હરાવ્યું હતું. ફાઈનલિસિમા એક ઈન્ટરકોન્ટિનેન્ટલ ફૂટબોલ મુકાબલો છે, જેમાં કોપા અમેરિકાના વિજેતા અને યુરોપિયન ચેમ્પિયનશિપ (યુરો)ના વિજેતા આમને-સામને હોય છે. આ ટુર્નામેન્ટ દક્ષિણ અમેરિકી ફૂટબોલ મહાસંઘ CONMEBOL અને યુરોપિયન ફૂટબોલ મહાસંઘ UEFA વચ્ચેના સહયોગ કરારનો એક ભાગ છે.આ કરાર હેઠળ બંને સંગઠનો ફૂટબોલના વિકાસ માટે સાથે મળીને અનેક પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા છે. આમાં મહિલા ફૂટબોલ, ફૂટસલ, યુવા વર્ગની ટુર્નામેન્ટ, રેફરીઓની અદલાબદલી અને ટેકનિકલ તાલીમ જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ભડક્યા

કાવ્યા મારન પર સુનીલ ગાવસ્કર બરાબરના ભડક્યા

# સનરાઈઝર્સમાં પાકિસ્તાની ખેલાડીની એન્ટ્રી પર કહ્યું- ભારતીયોના જીવ સાથે ચેડાં કરવા સમાન

## ઈંગ્લેન્ડની લીગ ધ હન્ડ્રેડમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાનના સ્પિનર અબરાર અહેમદને ખરીદ્યો હતો

ઈંગ્લેન્ડની લીગ ધ હન્ડ્રેડમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાનના સ્પિનર અબરાર અહેમદને ખરીદ્યો હતો, જેના પર વિવાદ ઊભો થયો છે. આ નિર્ણય પર પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરે આકરી પ્રતિક્રિયા આપી છે. ગાવસ્કરે કહ્યું કે ભારતીય માલિકો દ્વારા પાકિસ્તાની ખેલાડીઓને ખરીદવા એ ભારતીયોના જીવ સાથે ચેડા કરવા જેવું છે અને આવા નિર્ણયોથી બચવું જોઈએ. આ પૈસાથી ભારત વિરુદ્ધ લડવા માટે હથિયારો ખરીદવામાં આવે છે.13 માર્ચે લંડનમાં થયેલા ઓક્શનમાં અબરારને 2.34 કરોડમાં ખરીદવામાં આવ્યો હતો. ઓક્શનમાં કાવ્યા મારન હાજર હતી, જે સનરાઈઝર્સની CEO છે. જેમની પાસે IPLની સનરાઈઝર્સ હૈદરાબાદ અને સાઉથ આફ્રિકા લીગ (SA20)ની ટીમ સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ પણ છે. SRH દ્વારા અબરારને ખરીદવાના નિર્ણય બાદ સોશિયલ મીડિયા યુઝર્સે ઘણો વિરોધ પણ કર્યો હતો. SRHનું ઓફિશિયલ X એકાઉન્ટ પણ ટેમ્પરરી રીતે બેન કરી દેવામાં આવ્યું હતું.

વિવાદ સ્વાભાવિક હતો- સુનીલ ગાવસ્કરે કહ્યું કે ધ હન્ડ્રેડમાં કોઈ ભારતીય માલિકીની ટીમ દ્વારા પાકિસ્તાની ખેલાડીને ખરીદવા પર વિવાદ




થવો આશ્ચર્યજનક બાબત નથી.

મુંબઈ હુમલાઓ પછીથી બહિષ્કાર- મુંબઈ હુમલાઓ પછીથી ભારતીય ફ્રેન્ચાઈઝી માલિકો IPLમાં પાકિસ્તાની ખેલાડીઓને લેતા નથી. પૈસા PAK સરકાર સુધી પહોંચે છે- ગાવસ્કરના મતે જ્યારે પાકિસ્તાની ખેલાડીને ફી આપવામાં આવે છે, ત્યારે તે પોતાના દેશમાં ટેક્સ ભરે છે અને તે પૈસા ત્યાંની સરકાર પાસે જાય છે. તેમણે કહ્યું કે તે જ પૈસા હથિયારો ખરીદવામાં વાપરી શકાય છે અને તેનાથી ભારતીય સૈનિકો અને નાગરિકોને નુકસાન પહોંચી શકે છે. ગાવસ્કરે કહ્યું- શું ટુર્નામેન્ટ ભારતીયોના જીવ કરતાં વધુ મહત્વપૂર્ણ છે? ગાવસ્કરે કહ્યું કે સનરાઈઝર્સ લીડ્સના કોચ ડેનિયલ વિટ્ટોરી ન્યુઝીલેન્ડના છે, તેથી શક્ય છે કે તેઓ આ સ્થિતિને સંપૂર્ણપણે સમજી ન શક્યા હોય અને તેમણે ટીમમાં પાકિસ્તાની ખેલાડીને લેવાની સલાહ આપી હોય. પરંતુ ટીમના માલિકને પરિસ્થિતિની સંપૂર્ણ સમજ હોવી જોઈતી હતી અને તેમને આ ખરીદી રોકી દેવી જોઈતી હતી. ગાવસ્કરે સવાલ ઉઠાવ્યો કે શું એવી ટુર્નામેન્ટ જીતવી, જે દુનિયાના બાકીના દેશો નથી રમતા, ભારતીય લોકોના જીવ કરતાં વધુ મહત્વપૂર્ણ છે?આ મામલે BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ કહ્યું કે બોર્ડ તેમાં હસ્તક્ષેપ કરી શકે નહીં, કારણ કે આ એક વિદેશી લીગ સાથે જોડાયેલો મામલો છે. અંતિમ નિર્ણય ફ્રેન્ચાઈઝીએ જ લેવો પડશે.પાકિસ્તાનના ખેલાડીઓ IPLમાં રમતા નથી. તેમણે ફક્ત 2008ની પ્રથમ સિઝનમાં ભાગ લીધો હતો. ત્યારબાદ નવેમ્બર 2008માં થયેલા મુંબઈ આતંકી હુમલા બાદ IPLમાં પાકિસ્તાની ખેલાડીઓ પર રોક લગાવી દેવામાં આવી.સામાન્ય રીતે ભારતીય ફ્રેન્ચાઈઝી, જેમની વિદેશી લીગમાં પણ ટીમો છે, તેઓ પાકિસ્તાની ખેલાડીઓને ખરીદતી નથી. પરંતુ સનરાઈઝર્સે આ પરંપરા અપનાવી ન હતી.


ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં IPL મેચ હોસ્ટ કરવાની પરવાનગી મળી

# RCB ની વિક્ટરી સેરેમનીમાં ભાગદોડ પછી રોક લગાવવામાં આવી હતી, અહીં ઓપનિંગ મેચ રમાશે

## ભાગદોડના કારણે 11 લોકોના મોત થયા હતા અને 50થી વધુ લોકો ઘાયલ થયા હતા

• બેંગલુરુ

કર્ણાટક સરકારે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં IPL 2026 ની મેચોના આયોજનને મંજૂરી આપી દીધી છે. અહીં 28 માર્ચે યજમાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે ઓપનિંગ મેચ રમાશે. કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન (KSCA) ના પ્રવક્તા વિનય મૃત્યુંજયે જણાવ્યું કે નિષ્ણાત સમિતિની ભલામણો અને તૈયારીઓની સમીક્ષા પછી આ પરવાનગી મળી છે.કર્ણાટકના ગૃહમંત્રી ડો.જી. પરમેશ્વરે સોમવારે નિષ્ણાત સમિતિ, KSCA, RCB અને ઈવેન્ટ મેનેજમેન્ટ ફર્મ DNA સાથે બેઠક કરી. જેમાં નિષ્ણાત સમિતિએ સ્ટેડિયમની સુરક્ષા અને તૈયારીઓ પર પોતાનો અહેવાલ રજૂ કર્યો.




એક વર્ષ પહેલાં RCB ની પ્રથમ IPL ટ્રોફી જીત્યા પછી સ્ટેડિયમમાં વિજય પરેડ થઈ હતી. પરંતુ સ્ટેડિયમની બહાર ભારે ભીડને કારણે નાસભાગ મચી ગઈ હતી, જેમાં 11 લોકોના મોત થયા હતા અને 50 થી વધુ લોકો ઘાયલ થયા હતા. ભાગદોડના કારણે 11 લોકોના મોત થયા હતા અને 50થી વધુ લોકો ઘાયલ થયા હતા. વિમેન્સ વર્લ્ડકપની મેચો શિફ્ટ કરવામાં આવી હતી વિમેન્સ વર્લ્ડકપ દરમિયાન જસ્ટિસ ડી'કુન્હા કમિટીએ પણ આ ગ્રાઉન્ડને મોટા આયોજનો માટે અસુરક્ષિત ગણાવ્યું હતું. આ રિપોર્ટ બાદ ICC મહિલા વર્લ્ડકપ 2025ની મેચો પણ બેંગલુરુથી હટાવીને નવી મુંબઈમાં યોજવામાં આવી હતી. જ્યારે ઘરેલું T20 લીગ મહારાજા T20 ટ્રોફીને પણ બેંગલુરુને બદલે મૈસૂરમાં શિફ્ટ કરવી પડી હતી.


4 દિવસ પહેલા BCCI એ IPL ની શરૂઆતની 20 મેચનું શેડ્યૂલ જાહેર કર્યું હતું. તેમાંથી 2 મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં યોજાવાની છે. શેડ્યૂલ જાહેર કરતી વખતે BCCI એ કહ્યું હતું કે બેંગલુરુમાં IPL મેચ સરકારની પરવાનગી પર નિર્ભર રહેશે. બેંગલુરુની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, તેથી પરંપરા અનુસાર ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ, ક્વોલિફાયર-2 અને ફાઈનલ મુકાબલો તેના હોમગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રાખવામાં આવ્યો છે. RCBએ ગત સિઝનની ફાઈનલમાં પંજાબ કિંગ્સને 6 રનથી હરાવીને પહેલીવાર IPL ખિતાબ જીત્યો હતો. IPL 2026 માટે મુંબઈ ઈન્ડિયન્સનો કેમ્પ શરૂ:કોચ જયવર્ધનેએ કહ્યું- પહેલો દિવસ જ સિઝનનો ટોન સેટ કરે છે, 29 માર્ચે KKR સામે પહેલો મેચપાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ (MI)એ સોમવારથી IPL 2026 માટે તેની તાલીમ શરૂ કરી દીધી છે. મુંબઈમાં આયોજિત આ પ્રી-સીઝન કેમ્પના પહેલા દિવસે ખેલાડીઓએ ફિટનેસ અને કન્ડિશનિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. હેડ કોચ મહેલા જયવર્ધનેની દેખરેખ હેઠળ ખેલાડીઓએ મેદાન પર પરસેવો પાડ્યો. આ કેમ્પમાં બોલિંગ કોચ લસિથ મલિંગા અને પારસ મ્હામ્બ્રે પણ હાજર રહ્યા.

# સિનર પ્રથમ વખત ઈન્ડિયન વેલ્સ ચેમ્પિયન, મેદવેદેવને હરાવ્યા

અમેરિકાના કેલિફોર્નિયામાં રમાયેલી ઈન્ડિયન વેલ્સ ઓપનમાં ઈટાલીના જૈનિક સિનર અને બેલારુસની આર્યના સબાલેન્કાએ ખિતાબ જીત્યો. મેન્સ સિંગલ્સની ફાઈનલમાં સિનરે રશિયાના ડેનિયલ મેદવેદેવને હરાવીને પોતાનું પ્રથમ ઈન્ડિયન વેલ્સ ટાઈટલ જીત્યું. જ્યારે, વિમેન્સ સિંગલ્સમાં વર્લ્ડ નંબર-1 આર્યના સબાલેન્કાએ એલિના રાયબાકિના સામે શાનદાર વાપસી કરીને ટ્રોફી પોતાના નામે કરી.

સિનરે આ જીત સાથે હાર્ડ કોર્ટ પર યોજાતા તમામ મોટા ખિતાબ પોતાના નામે કરી લીધા છે. આમાં છ ATP માસ્ટર્સ 1000, નિટ્ટો ATP ફાઈનલ્સ, ઓસ્ટ્રેલિયન ઓપન અને યુએસ ઓપનનો સમાવેશ થાય છે.આ પહેલા આ સિદ્ધિ ફક્ત રોજર ફેડરર અને નોવાક જોકોવિચના નામે હતી. સિનરે 2023માં ટોરોન્ટોમાં પોતાનો પ્રથમ માસ્ટર્સ 1000 ખિતાબ જીત્યો હતો અને આગામી ત્રણ વર્ષની અંદર જ તેણે હાર્ડ કોર્ટના તમામ મોટા એલાઈટ ખિતાબ પોતાના નામે કરી લીધા.

સિનરે 2023માં ટોરોન્ટોમાં પોતાનો પ્રથમ માસ્ટર્સ 1000 ખિતાબ જીત્યો હતો. સિનરે મેદવેદેવને 7-6, 7-6થી હરાવ્યા: આખી ટુર્નામેન્ટમાં એક પણ સેટ હાર્યો નહીં જૈનિક સિનરે ફાઈનલમાં પ્રથમ સેટ



ટાઈબ્રેકમાં 7-6 (8-6)થી જીત્યો. આ પછી બીજા સેટમાં પણ સખત મુકાબલો થયો, પરંતુ સિનરે તેને 7-6 (7-4)થી પોતાના નામે કરી લીધો.ખાસ વાત એ રહી કે સિનરે આખી ટુર્નામેન્ટમાં એક પણ સેટ ગુમાવ્યો નહીં અને સીધા સેટમાં જીત નોંધાવતા પ્રથમ વખત ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સ વેલ્સની ટ્રોફી પોતાના નામે કરી.વિમેન્સ ફાઈનલ: સબાલેન્કાએ ચેમ્પિયનશિપ પોઈન્ટ બચાવ્યો અને મેચ જીતીવિમેન્સ સિંગલ્સના ફાઈનલમાં આર્યના સબાલેન્કાએ એલિના રાયબાકિનાને 3-6, 6-3, 7-6 (8-6)થી હરાવી. સબાલેન્કા પહેલો સેટ હારી ગઈ હતી, પરંતુ તેણે જબરદસ્ત વાપસી કરી. ત્રીજા સેટના ટાઈ-બ્રેકરમાં મુકાબલો એટલો ફસાઈ ગયો હતો કે રાયબાકિના પાસે ચેમ્પિયનશિપ પોઈન્ટ હતો, પરંતુ સબાલેન્કાએ તેને બચાવ્યો અને જીત મેળવી. આ સબાલેન્કાનો પહેલો ઈન્ડિયન વેલ્સ ખિતાબ છે. આ પહેલા તે બે વાર આ ટુર્નામેન્ટના ફાઈનલમાં હારી ચૂકી હતી.

# ચેલ્સી પર 92 કરોડનો દંડ, ટ્રાન્સફર પ્રતિબંધ પણ લાગુ:એડન હેઝાર્ડ અને વિલિયન માટે ગુપ્ત ચૂકવણી કરી

પ્રીમિયર લીગે ચેલ્સી ફૂટબોલ ક્લબ પર નાણાકીય નિયમોના ઉલ્લંઘનના કેસમાં 92 (10 મિલિયન પાઉન્ડ) કરોડનો દંડ ફટકાર્યો છે. ક્લબ પર એક વર્ષનો ટ્રાન્સફર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, પરંતુ તેને બે વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યો છે. આ કાર્યવાહી 2011 થી 2018 દરમિયાન કરવામાં આવેલી ગુપ્ત ચૂકવણીઓને લઈને કરવામાં આવી છે. ક્લબે ઈડન હેઝાર્ડ, વિલિયન અને ડેવિડ લુઈઝ જેવા મોટા ખેલાડીઓને સાઈન કરવા માટે અનરજિસ્ટર્ડ એજન્ટોને કરોડો રૂપિયા આપ્યા હતા.ઈડન હેઝાર્ડને 2012માં લિલી ક્લબમાંથી 393 કરોડમાં સાઈન કરવામાં આવ્યો હતો. નવા માલિકોએ પોતે જ માહિતી આપી હતી, 2022માં તપાસ શરૂ થઈ હતીઆ આખી ગડબડ તે સમયની છે જ્યારે ક્લબના માલિક રશિયન અબજોપતિ રોમન અબ્રામોવિચ હતા. વર્ષ 2022માં જ્યારે 'બ્લુકો' ગ્રુપે ક્લબ ખરીદ્યું, ત્યારે તેમને એકાઉન્ટ્સની તપાસ દરમિયાન આ ગુપ્ત ચૂકવણીઓ વિશે જાણ થઈ. નવા મેનેજમેન્ટે પોતે આગળ વધીને પ્રીમિયર લીગને આ ઉલ્લંઘનોની જાણકારી આપી. તપાસમાં સામે આવ્યું કે ક્લબ સાથે સંકળાયેલા ત્રીજા પક્ષ દ્વારા ખેલાડીઓ, અનરજિસ્ટર્ડ એજન્ટો અને અન્ય લોકોને ગુપ્ત ચૂકવણીઓ કરવામાં આવી હતી. આ ચૂકવણીઓની જાણકારી તે સમયે ફૂટબોલ ઓથોરિટીને આપવામાં આવી ન હતી, જે નિયમો વિરુદ્ધ છે.પ્રીમિયર લીગ અનુસાર, આ ચૂકવણીઓ ચેલ્સીના હિતમાં કરવામાં આવી હતી અને તેને ક્લબના ખર્ચ તરીકે દર્શાવવી જોઈતી હતી. ક્લબે એ પણ સ્વીકાર્યું કે આ ચૂકવણીઓને છુપાવવી અને સાચી જાણકારી ન આપવી એ નિયમોનું ઉલ્લંઘન છે. જોકે, તપાસ પછી એ સ્પષ્ટ થયું કે જો આ ચૂકવણીઓને યોગ્ય રીતે શામેલ કરવામાં આવી હોત, તો પણ ચેલ્સી નિયમોનું ઉલ્લંઘન ન કરત.

# KKRનો હર્ષિત રાણા IPL 2026માંથી બહાર:પથિરાના પણ ઈજાગ્રસ્ત, ટીમ બંનેનું રિપ્લેસમેન્ટ નહી લે

• નવી દિલ્હી

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના ફાસ્ટ બોલર હર્ષિત રાણા IPL 2026માંથી બહાર થઈ ગયો છે. તે એક દિવસ પહેલા 15 માર્ચે દિલ્હીમાં BCCIના નમન એવોર્ડમાં લાકડીના સહારે ચાલતા જોવા મળ્યો હતો.ક્રિકેટ વેબસાઈટ ક્રિકબઝે લખ્યું કે હર્ષિત આ સીઝનમાં નહીં રમે. તેમના સિવાય, શ્રીલંકાના મથીશ પથિરાના પણ ઈજાગ્રસ્ત છે. બંને બોલરો T20 વર્લ્ડ કપ દરમિયાન પોતપોતાની ટીમમાંથી રમતી વખતે ઈજાગ્રસ્ત થયા હતા. KKRએ બંને બોલરોના રિપ્લેસમેન્ટ ન લેવાનો નિર્ણય કર્યો છે. મેનેજમેન્ટનું માનવું છે કે ટીમ પાસે પહેલાથી જ પૂરતા ફાસ્ટ બોલિંગ વિકલ્પો ઉપલબ્ધ છે. જેમાં વૈભવ અરોરા, ઉમરાન મલિક, કાર્તિક ત્યાગી અને આકાશ દીપનો સમાવેશ થાય છે. હર્ષિત રાણા ઘૂંટણની ઈજાને કારણે ભારતની T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો હતો. તેને સાઉથ આફ્રિકા સામેની પ્રેક્ટિસ મેચમાં ઈજા થઈ હતી. ત્યારબાદ તેની સર્જરી થઈ. તેને સંપૂર્ણપણે ફિટ થવામાં સમય લાગશે. રાણાએ IPL 2024માં 19 અને 2025માં 15 વિકેટ લીધી હતી. શ્રીલંકાનો ફાસ્ટ બોલર મથીશા પથિરાના પણ ઈજાના કારણે હાલ ઉપલબ્ધ નથી. જોકે, KKR તેને રિપ્લેસ કરવા માગતી નથી કારણ કે ફ્રેન્ચાઈઝીને આશા છે કે તે IPL દરમિયાન કોઈ સમયે ટીમ સાથે જોડાઈ શકે છે.

29 માર્ચે KKR સામે પહેલો મેચ

# IPL 2026 માટે મુંબઈ ઈન્ડિયન્સનો કેમ્પ શરૂ: કોચએ કહ્યું- પહેલો દિવસ જ સિઝનનો ટોન સેટ કરે છે

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ (MI) એ સોમવારથી IPL 2026 માટે તેની તાલીમ શરૂ કરી દીધી છે. મુંબઈમાં આયોજિત આ પ્રી-સીઝન કેમ્પના પહેલા દિવસે ખેલાડીઓએ ફિટનેસ અને કન્ડિશનિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. હેડ કોચ મહેલા જયવર્ધનેની દેખરેખ હેઠળ ખેલાડીઓએ મેદાન પર પરસેવો પાડ્યો. આ કેમ્પમાં બોલિંગ કોચ લસિથ મલિંગા અને પારસ મ્હામ્બ્રે પણ હાજર રહ્યા.

પહેલા ટ્રેનિંગ સેશનમાં શાર્દુલ ઠાકુર, મયંક માર્કંડે, અલ્લાહ ગઝનફર, નમન ધીર, રાજા અંગદ બાવા, રોબિન મિન્ઝ, રઘુ શર્મા, મયંક રાવત, દાનિશ મલેવાર, મોહમ્મદ ઈઝહાર અને અશ્વિની કુમારનો સમાવેશ થયો



હતો. સેશનની શરૂઆત ફિટનેસ અને કન્ડિશનિંગ ડ્રિલથી થઈ. ખેલાડીઓએ મૂવમેન્ટ ડ્રિલ, એજિલિટી એક્સરસાઈઝ અને ફિટનેસ ટેસ્ટમાં ભાગ લીધો.

ટ્રેનિંગ સેશનમાં બોલિંગ કોચ પારસ મ્હામ્બ્રે અને લસિથ મલિંગા, ફિલ્ડિંગ કોચ કાર્લ હોપકિન્સન સાથે સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ અને ફિઝિયો ટીમ પણ હાજર રહી.

હેડ કોચ મહેલા જયવર્ધનેએ કહ્યું કે પ્રી-સિઝનનો પહેલો દિવસ હંમેશા ખાસ હોય છે. ખેલાડીઓ મેદાન પર આવે છે ત્યારે ટીમમાં નવી ઉર્જા દેખાય છે અને અહીંથી જ આખા અભિયાનની દિશા નક્કી થાય છે. તેમણે કહ્યું કે ટીમમાં એવા ખેલાડીઓ છે જે ફ્રેન્ચાઈઝીને સારી રીતે જાણે છે, જ્યારે કેટલાક નવા ચહેરા પણ સામેલ થયા છે.

જયવર્ધનેના મતે પહેલો દિવસ આખી સિઝનની તૈયારીનો ટોન સેટ કરે છે. ટીમે પહેલા સેશનથી જ ટ્રેનિંગ અને તૈયારીમાં સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાનો લક્ષ્ય રાખ્યો છે.મુંબઈ ઈન્ડિયન્સે આ વખતે પોતાના સપોર્ટ સ્ટાફને ઘણો મજબૂત કર્યો છે. મેદાન પર જયવર્ધને સાથે બોલિંગ કોચ તરીકે અનુભવી લસિથ મલિંગા અને ભારતના પૂર્વ બોલિંગ કોચ પારસ મ્હામ્બ્રે ખેલાડીઓને ટિપ્સ આપતા જોવા મળ્યા.

### ક્રાંતિએ કહ્યું- પ્રકાશ ઝાના નિર્દેશનમાં શીખવાનો મોકો, નાના પાટેકર સાથે સ્ક્રીન શેર કરવી એ મોટું સૌભાગ્ય

# ‘સંકલ્પ’ મારા માટે એક્ટિંગની સૌથી મોટી સ્કૂલ રહી’

**વેબ સિરીઝ ‘સંકલ્પ’માં પોતાના દમદાર પાત્રથી ચર્ચામાં આવેલા એક્ટર ક્રાંતિ પ્રકાશ ઝાનું માનવું છે કે દિગ્ગજ ડિરેક્ટર પ્રકાશ ઝા સાથે કામ કરવું કોઈ પાઠશાળામાં શીખવા જેવો અનુભવ છે**

વેબ સિરીઝ ‘સંકલ્પ’માં પોતાના દમદાર પાત્રથી ચર્ચામાં આવેલા એક્ટર ક્રાંતિ પ્રકાશ ઝાનું માનવું છે કે દિગ્ગજ ડિરેક્ટર પ્રકાશ ઝા સાથે કામ કરવું કોઈ પાઠશાળામાં શીખવા જેવો અનુભવ છે. ક્રાંતિ કહે છે કે આ પ્રોજેક્ટનો ભાગ બનવું તેના માટે ડેસ્ટિની જેવું રહ્યું.શોમાં તેમને મહાન એક્ટર નાના પાટેકર સાથે સ્ક્રીન શેર કરવાનો મોકો મળ્યો, જેને તેઓ પોતાની કારકિર્દીનું મોટું સૌભાગ્ય માને છે. પોતાના પાત્રની તૈયારીથી લઈને શૂટિંગની યાદગાર પળો અને ઓટીટીના વધતા મહત્વ સુધી, ક્રાંતિ પ્રકાશ ઝાએ દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીતમાં પોતાના અનુભવો, પડકારો અને આવનારા પ્રોજેક્ટ્સ વિશે ખુલીને વાત કરી. પ્રસ્તુત છે વાતચીતના કેટલાક ખાસ અંશો..

સાચું કહું તો, હું તેને મારી નિયતિ માનું છું. તમે વર્ષો સુધી મહેનત કરતા રહો છો અને અચાનક એક દિવસ તમારું કોઈ સપનું સાચું પડી જાય છે. મને શોના પ્રોડ્યુસર દિશાજીનો ફોન આવ્યો હતો, ત્યારબાદ હું પ્રકાશ ઝા સરને મળવા ગયો. તેમને મળ્યા પછી બધી વાતો નક્કી થઈ અને તેમણે મને આ પાત્ર માટે પસંદ કર્યો. મારા માટે આ નસીબની વાત છે કે મને આટલા મોટા પ્રોજેક્ટનો ભાગ બનવાનો મોકો મળ્યો.હું તેમને ડિરેક્ટર કરતાં વધુ એક શિક્ષક માનું છું. તેમનો કલાકારો સાથે એવો જ સંબંધ હોય છે જે એક ગુરુનો પોતાના શિષ્ય સાથે હોય છે.તેઓ દરેક બારીકાઈને ખૂબ સારી રીતે સમજાવે છે. પરંતુ હા, તેમની સાથે કામ કરતી વખતે તમારે હંમેશા સતર્ક રહેવું પડે છે, કારણ કે તમારે તેના વિઝનને સાચું સાબિત કરવું પડે છે.સૌથી મોટો પડકાર ઝા સરના વિઝન પર ખરા ઉતરવું અને તેને ન્યાય આપવાનો હતો. દરેક દ્રશ્ય, દરેક અલ્પવિરામ, દરેક શબ્દ પાછળના કારણને સમજવું અને પોતાની ક્ષમતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું હતું. જો આ બહાર આવીને લોકોને પસંદ આવી રહી છે, તો તેમાં ઝા સરનો જ સૌથી મોટો હાથ હશે

સેટ પર અન્ય કલાકારો (સંજય કપૂર, ઝીશાન, કુબ્રા સૈત) સાથે કેવું વાતાવરણ હતું?મારા મોટાભાગના સીન નાના સર સાથે જ હતા, સંજય કપૂરજી સાથે મારા સીન નથી પણ સેટનું વાતાવરણ એક પરિવાર જેવું હતું. બાકી મારા પોતાના વ્યક્તિગત સીન્સ હતા. અમે બધા સાથે જમતા હતા. પ્રકાશ ઝા સરના સેટની સૌથી સારી વાત એ છે કે ત્યાં બધાને સમાનતા આપવામાં આવે છે. ભલે કોઈ બહુ મોટો અભિનેતા હોય કે નવો, બધા સાથે એક સરખો



વ્યવહાર થાય છે. આ અનુશાસન અને સમાનતા ખરેખર શીખવા જેવી છે.આ એક એક્ટર માટે સૌથી મોટું સૌભાગ્ય છે. આ સિરીઝના ફોર્મેટની સુંદરતા એ જ છે કે મને બે દિગ્ગજો સાથે કામ કરવાનો અવસર મળ્યો. એક તરફ પ્રકાશ ઝા સર જેવા દિગ્ગજ નિર્દેશક અને બીજી તરફ નાના પાટેકર સર જેવા મહાન કલાકાર. નાના સર સાથે સ્ક્રીન શેર કરવી મારા માટે ખૂબ જ ગર્વ અને શીખવા જેવી બાબત રહી.પ્રકાશ ઝા સર અવારનવાર કલાકારોને રિપીટ કરે છે, શું આગળ માટે કોઈ વાત થઈ?તેણે બસ એટલું જ કહ્યું હતું કે ‘તમે લાંબી રેસના ઘોડા છો.‘ બાકી તો સમય જ કહેશે. દરેક વ્યક્તિ દરેક પાત્રમાં ફિટ ન થઈ શકે, પરંતુ મને પૂરી આશા છે કે ભવિષ્યમાં જો કોઈ એવું પાત્ર હશે જેમાં તેમને મારી જરૂર લાગશે, તો તે મને જરૂર બોલાવશે.શું તમે પ્રકાશ ઝા સાથે પારિવારિક રીતે જોડાયેલા છો, જેવું કે કેટલાક લોકોને લાગે છે?ઘણા લોકોને એવું જ લાગે છે કારણ કે અમારી અટક (ઝા) એક છે, પણ એવું નથી. અમારા વચ્ચે શિક્ષક અને વિદ્યાર્થી જેવો સંબંધ છે. રસપ્રદ વાત એ છે કે જે દિવસે મારા માતા-પિતાએ મારું નામ ‘ક્રાંતિ પ્રકાશ ઝા’ રાખ્યું, કદાચ તે જ દિવસે મારા નસીબમાં લખાઈ ગયું હતું કે હું ક્યારેક ને ક્યારેક ‘પ્રકાશ ઝા’ સર સાથે કામ કરીશ. ‘રક્તાંચલ’ની ત્રીજી સીઝનની સત્તાવાર જાહેરાત થઈ ચૂકી છે. હવે તે એમેઝોન એમએક્સ પર આવશે. આગામી બે-ત્રણ મહિનામાં તે રિલીઝ થઈ શકે છે, તમે તેનું પોસ્ટર એમએક્સના પેજ પર જોઈ શકો છો. આ ઉપરાંત પણ કેટલાક પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે.મારા માટે કોઈ પણ કામ સામાન્ય હોતું નથી. હું દરેક સીનને મારો છેલ્લો સીન માનીને કરું છું. આ પાત્ર (કસ્તૂરી) માં એક પ્રકારની અંધકારમયતા છે, જે મારા અંગત સ્વભાવમાં નથી. એટલે મેં શૂટિંગના 10 દિવસ પહેલાં પોતાને બધાથી અલગ કરી લીધો હતો જેથી તે તીવ્રતાને પકડી શકું. પછી જ્યારે તમારી સાથે આટલા દિગ્ગજ કલાકારો અને મહાન નિર્દેશક હોય, ત્યારે તમારે તમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું જ પડે છે. આ એક પડકાર હોય છે અને આળસને કોઈ અવકાશ હોતો નથી. મારો પહેલો સીન જ સૌથી યાદગાર હતો. તે સિરીઝનો સૌથી ભારે અને તીવ્ર સીન હતો જ્યાં ‘માટ સાહેબ’ અને ‘કસ્તૂરી’ વચ્ચે ટકરાવ થાય છે. મને સવારે જ કહેવામાં આવ્યું કે આજે સૌથી હેવી સીન શૂટ કરવાનો છે. એક તરફ મહાન પ્રકાશ ઝા સર કેમેરા પાછળ હતા અને સામે મહાન નાના પાટેકર સર. તે ક્ષણ હું ક્યારેય ભૂલી શકતો નથી.OTT ખૂબ જ ઉત્તમ માધ્યમ છે. તેણે લેખકો, એડિટર્સ, મ્યુઝિશિયન્સ અને એક્ટર્સ બધા માટે નવા રસ્તા ખોલી દીધા છે. આજે જનતાના હાથમાં પાવર છે અને હવે આપણે ફક્ત સિનેમા હોલના ભરોસે રહેવું પડતું નથી. આ એક નવું પરિમાણ છે જ્યાં કામની કમી નથી.

ચોક્કસ, હું ભવિષ્યમાં ફિલ્મો બનાવવાનું અને દિગ્દર્શન કરવાનું પસંદ કરીશ. ખાસ કરીને હું મારી ભાષા (બિહારી ભાષાઓ)માં ફિલ્મો કરવા માંગુ છું. જેમ કે હું પહેલા પણ કરતો આવ્યો છું. આ માટે યોગ્ય સમય, સ્થળ અને ધનની જરૂર હોય છે. જ્યારે ભગવાન તક આપશે, હું આ ચોક્કસ કરીશ.

### સાઉથ એક્ટરે સ્ક્રિપ્ટ સાંભળવાનો ઉત્સાહ વ્યક્ત કર્યો


# વિજય સેતુપતિની 'મહારાજા'ની સિક્વલ બનશે:ડિરેક્ટર નિથિલને વાર્તા પૂરી કરી



સાઉથ એક્ટર વિજય સેતુપતિની બ્લોકબસ્ટર ફિલ્મ 'મહારાજા'ની સિક્વલ બનવા જઈ રહી છે. ખુદ વિજય સેતુપતિએ પુષ્ટિ કરી છે કે, ફિલ્મના ડિરેક્ટર નિથિલન સમિનાથને બીજા ભાગની વાર્તા પૂરી કરી લીધી છે.વિજયે કહ્યું કે, તે આ ફિલ્મની વાર્તા સાંભળવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. 2024માં રિલીઝ થયેલી ફિલ્મ 'મહારાજા'એ બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડ કમાણી કરી હતી અને હવે તેના બીજા ભાગની તૈયારી શરૂ થઈ ગઈ છે.તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં વિજય સેતુપતિએ ફિલ્મના ભવિષ્યના પ્લાન પર ખૂલીને વાત કરી. તેણે જણાવ્યું કે, ''મહારાજા 2'ની વાર્તા પર કામ પૂરું થઈ ગયું છે.'વિજયે કહ્યું, 'ડિરેક્ટર નિથિલન સમિનાથને ‘મહારાજા 2'ની વાર્તા પૂરી કરી લીધી છે. હું તેને જલદી સાંભળવા માટે ખૂબ જ ઉત્સાહિત છું.' જોકે, એક્ટરે હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે ફિલ્મ ફ્લોર પર ક્યારે જશે. ફિલ્મે બોક્સ ઓફિસ પર 100 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કર્યું હતું.નોંધનીય છે કે, જૂન 2024માં રિલીઝ થયેલી 'મહારાજા' વિજય સેતુપતિના કરિયરની 50મી ફિલ્મ હતી. આ ફિલ્મમાં વિજયે એક એવા સામાન્ય વાળંદનો રોલ કર્યો હતો, જેના જીવનમાં એક અકસ્માત બધું બદલી નાખે છે.ફિલ્મની સસ્પેન્સ ભરી વાર્તા અને વિજય સેતુપતિની એક્ટિંગે દર્શકોનું દિલ જીતી લીધું હતું. 20 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર 100 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કર્યું હતું.'મહારાજા'ના પહેલા ભાગનો ક્લાઈમેક્સ અને તેની વાર્તાની ગૂંથણી ફિલ્મની સૌથી મોટી તાકાત હતી. ફિલ્મમાં અનુરાગ કશ્યપે વિલનનો રોલ ભજવ્યો હતો. હવે સિક્વલના સમાચાર આવ્યા પછી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું વાર્તા ત્યાંથી જ આગળ વધશે કે વિજય સેતુપતિ કોઈ નવા સસ્પેન્સ સાથે પડદા પર પાછા ફરશે. સાઉથ એક્ટર વિજય સેતુપતિની બ્લોકબસ્ટર ફિલ્મ 'મહારાજા'ની સિક્વલ બનવા જઈ રહી છે. ખુદ વિજય સેતુપતિએ પુષ્ટિ કરી છે કે, ફિલ્મના ડિરેક્ટર નિથિલન સમિનાથને બીજા ભાગની વાર્તા પૂરી કરી લીધી છે.વિજયે કહ્યું કે, તે આ ફિલ્મની વાર્તા સાંભળવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. 2024માં રિલીઝ થયેલી ફિલ્મ 'મહારાજા'એ બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડ કમાણી કરી હતી અને હવે તેના બીજા ભાગની તૈયારી શરૂ થઈ ગઈ છે.તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં વિજય સેતુપતિએ ફિલ્મના ભવિષ્યના પ્લાન પર ખૂલીને વાત કરી. તેણે જણાવ્યું કે, ''મહારાજા 2'ની વાર્તા પર કામ પૂરું થઈ ગયું છે.'વિજયે કહ્યું, 'ડિરેક્ટર નિથિલન સમિનાથને ‘મહારાજા 2'ની વાર્તા પૂરી કરી લીધી છે. હું તેને જલદી સાંભળવા માટે ખૂબ જ ઉત્સાહિત છું.' જોકે, એક્ટરે હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે ફિલ્મ ફ્લોર પર ક્યારે જશે. ફિલ્મે બોક્સ ઓફિસ પર 100 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કર્યું હતું. નોંધનીય છે કે, જૂન 2024માં રિલીઝ થયેલી 'મહારાજા' વિજય સેતુપતિના કરિયરની 50મી ફિલ્મ હતી. આ ફિલ્મમાં વિજયે એક એવા સામાન્ય વાળંદનો રોલ કર્યો હતો, જેના જીવનમાં એક અકસ્માત બધું બદલી નાખે છે.ફિલ્મની સસ્પેન્સ ભરી વાર્તા અને વિજય સેતુપતિની એક્ટિંગે દર્શકોનું દિલ જીતી લીધું હતું. 20 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર 100 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કર્યું હતું.'મહારાજા'ના પહેલા ભાગનો ક્લાઈમેક્સ અને તેની વાર્તાની ગૂંથણી ફિલ્મની સૌથી મોટી તાકાત હતી. ફિલ્મમાં અનુરાગ કશ્યપે વિલનનો રોલ ભજવ્યો હતો. હવે સિક્વલના સમાચાર આવ્યા પછી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું વાર્તા ત્યાંથી જ આગળ વધશે કે વિજય સેતુપતિ કોઈ નવા સસ્પેન્સ સાથે પડદા પર પાછા ફરશે.

### આરોપીઓએ પનવેલમાં કારનો પીછો કરીને હુમલો કર્યો


# જન્નત ઝુબેર અને અયાન સાથે હાઈવે પર મારપીટ, એક્ટ્રેસે કહ્યું- અમે સુરક્ષિત છીએ



ટીવી એક્ટ્રેસ જન્નત ઝુબેર અને તેના નાના ભાઈ અયાન ઝુબેર સાથે નવી મુંબઈના પનવેલમાં મારપીટની ઘટના બની છે. સોમવારે દિવસના અજવાળે હાઈવે પર કેટલાક લોકોએ તેની ગાડીનો પીછો કર્યો અને મારપીટ કરી. જન્નતે સોશિયલ મીડિયા પર એક ઓફિશિયલ સ્ટેટમેન્ટ જાહેર કરીને આ અંગે જાણકારી આપી છે. તેણે જણાવ્યું કે હવે તેઓ બંને સુરક્ષિત છે અને પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.સ્ટેટમેન્ટમાં કહેવામાં આવ્યું કે, અમે બધાને અપડેટ આપવા માંગીએ છીએ કે જન્નત અને અયાન સાથે ગઈકાલે હાઈવે પર દિવસના અજવાળે મારપીટ અને પીછો કરવાની ઘટના બની. હાલ પોલીસ અધિકારીઓ સક્રિયપણે મામલાને જોઈ રહ્યા છે અને તપાસ ચાલુ છે. જન્નત અને અયાન હવે સંપૂર્ણપણે સુરક્ષિત છે. અમે તમારી ચિંતા અને સમર્થન માટે આભાર વ્યક્ત કરીએ છીએ. તેણે ચાહકોને અપીલ કરી કે તે આ મામલે કોઈપણ પ્રકારની અટકળો ન લગાવે અને પાકી જાણકારી વગર કંઈપણ શેર ન કરે. હાલ પોલીસ CCTV ફૂટેજ અને અન્ય પુરાવાઓ દ્વારા આરોપીઓની શોધ કરી રહી છે. જન્નતના નાના ભાઈ અયાન ઝુબૈરે ઐતિહાસિક શો 'જોધા અકબર'માં નાના સલીમનો રોલ ભજવીને પોતાની કારકિર્દી શરૂ કરી હતી. આ પછી તે 'ચક્રવર્તી અશોક સમ્રાટ' અને 'મહાબલી હનુમાન' જેવા શોમાં જોવા મળ્યા. ફિલ્મોની વાત કરીએ તો, અયાન રણવીર સિંહની 'ગલી બોય' અને ટાઈગર શ્રોફની 'બાગી 3' જેવી મોટી ફિલ્મોમાં જોવા મળી ચૂક્યા છે. અયાન તેની બહેન જન્નત સાથે અવારનવાર સોશિયલ મીડિયા વીડિયોમાં જોવા મળે છેજન્નત ઝુબૈરે પોતાના કરિયરની શરૂઆત ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે ટીવી શો 'ફુલવા'થી કરી હતી. આ શોથી તેમને ઘેર ઘેર ઓળખ મળી. ત્યારબાદ તેમણે 'કાશી' અને 'તું આશિકી' જેવા લોકપ્રિય શોમાં મુખ્ય ભૂમિકા ભજવી. જન્નતે બોલિવૂડ ફિલ્મ 'હિચકી'માં પણ કામ કર્યું છે અને તે 'ખતરોં કે ખિલાડી 12' જેવા રિયાલિટી શોનો ભાગ રહી ચૂક્યા છે. જન્નત ભારતની સૌથી વધુ ફોલો કરવામાં આવતી ડિજિટલ ઈન્ફ્લુએન્સર પૈકી એક છે, જેના સોશિયલ મીડિયા પર કરોડો ચાહકો છે.જન્નતના નાના ભાઈ અયાન ઝુબૈરે ઐતિહાસિક શો 'જોધા અકબર'માં નાના સલીમનો રોલ ભજવીને પોતાની કારકિર્દી શરૂ કરી હતી. આ પછી તે 'ચક્રવર્તી અશોક સમ્રાટ' અને 'મહાબલી હનુમાન' જેવા શોમાં જોવા મળ્યા. ફિલ્મોની વાત કરીએ તો, અયાન રણવીર સિંહની 'ગલી બોય' અને ટાઈગર શ્રોફની 'બાગી 3' જેવી મોટી ફિલ્મોમાં જોવા મળી ચૂક્યા છે. અયાન તેની બહેન જન્નત સાથે અવારનવાર સોશિયલ મીડિયા વીડિયોમાં જોવા મળે છે.

### ‘ક્વીન’ અને 'માચિસ' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂક્યા હતા


# ‘ઈશ્કબાઝ’ ફેમ એક્ટ્રેસ નવનીન્દ્ર બહલનું નિધન:76 વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા



ટીવી સિરિયલ 'ઈશ્કબાઝ'માં દાદીનો રોલ ભજવીને ફેમસ થયેલા એક્ટ્રેસ નવનીન્દ્ર બહલનું નિધન થયું છે. તેઓ 76 વર્ષના હતા. નવનીન્દ્રએ ટીવી શો ઉપરાંત ઘણી મોટી બોલિવૂડ ફિલ્મોમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી હતી. તેમના પુત્ર અને ફિલ્મમેકર કાનુ બહલે સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ લખીને આ સમાચારની પુષ્ટિ કરી છે.એક્ટ્રેસના પુત્ર કાનુ બહલે તેમની માતાની એક જૂની તસવીર શેર કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી. કાનુએ લખ્યું, “મારા ટાઈટન, મારો વિશ્વાસ, મારો પ્રેમ, મારા માર્ગદર્શક, મારા ગુરુ, મારું હૃદય. અલવિદા મા, જ્યાં સુધી તું મને ફરીથી જન્મ ન આપે.”મારી આંખો હંમેશા તારી એ સ્મિત અને મધુર હાસ્યને યાદ કરશે. મારા આત્માને રોશન કરવા બદલ આભાર.‘ કાનુની આ પોસ્ટ પર અનુરાગ કશ્યપ સહિત ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ દુઃખ વ્યક્ત કર્યું છે. નવનીન્દ્ર બહલનો કલા અને થિયેટર સાથે ખૂબ જૂનો સંબંધ હતો. તેમણે માત્ર 3 વર્ષની ઉંમરે પહેલીવાર સ્ટેજ પર પર્ફોર્મ કર્યું હતું. પંજાબના રહેવાસી નવનીન્દ્રએ લાંબા સમય સુધી થિયેટરની દુનિયામાં કામ કર્યું અને પછી સિનેમા અને ટીવી તરફ વળ્યા. તેમની સાદગી અને અનુભવી અભિનયને કારણે તેમને હંમેશા પડકારજનક ભૂમિકાઓ મળતી રહી. નવનીન્દ્રના ફિલ્મી કરિયરની વાત કરીએ તો તેમણે ગુલઝારની ફિલ્મ 'માચિસ'થી પોતાની ઓળખ બનાવી હતી. ત્યારબાદ તેઓ દિબાકર બેનર્જીની ફિલ્મ 'ઓય લકી, લકી ઓ' અને કંગના રનૌત અભિનીત 'ક્વીન'માં પણ જોવા મળ્યા હતા.માત્ર બોલિવૂડ જ નહીં, તેમણે 'ધ પ્રાઈડ' અને 'ધ ગુરુ' જેવા આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં પણ કામ કર્યું હતું. ટીવી પર તેમણે 'ઈશ્કબાઝ' અને 'દિલ બોલે ઓબેરોય'માં નકુલ મહેતાની દાદીનો રોલ ભજવ્યો હતો, જેને દર્શકોએ ખૂબ પસંદ કર્યો હતો.નવનીન્દ્ર બહલના પતિ લલિત બહલ પણ ઈન્ડસ્ટ્રીના જાણીતા અભિનેતા અને નિર્દેશક હતા. લલિત બહલનું વર્ષ 2021માં દિલ્હીમાં કોવિડ-19ને કારણે નિધન થયું હતું. નવનીન્દ્ર અને લલિતની જોડીએ થિયેટર અને સિનેમાના ક્ષેત્રમાં મોટો ફાળો આપ્યો હતો. પતિના અવસાન પછી નવનીન્દ્ર પોતાના પુત્ર કાનુ બહલ સાથે રહેતા હતા.

### સર્ટિફિકેટ અંગે નિર્ણય લેશે

# થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મનું ભવિષ્ય આજે નક્કી થશે સેન્સર બોર્ડ રિવિઝન કમિટી 'જન નાયકન'ની ફરી સ્ક્રીનિંગ કરશે



સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજયની મોસ્ટ-અવેટેડ ફિલ્મ 'જન નાયકન'ને લઈને સેન્સર સંબંધિત વિવાદ હજુ સુધી સમાપ્ત થયો નથી. ફિલ્મને સર્ટિફિકેટ આપતા પહેલા સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની રિવાઈઝિંગ કમિટી આજે ફરી એકવાર ફિલ્મનું સ્ક્રીનિંગ કરવાની છે.'જન નાયકન' થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ હશે, ત્યારબાદ તે સંપૂર્ણપણે રાજકારણમાં ઝંપલાવવાનો છે.'ઈન્ડિયા ટુડે'ના રિપોર્ટ અનુસાર, 17 માર્ચે કમિટી ફિલ્મ જોશે અને ત્યારબાદ સર્ટિફિકેટ અંગે નિર્ણય લઈ શકાય છે. અગાઉ આ સ્ક્રીનિંગ 9 માર્ચે નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ કમિટીના એક સભ્ય બીમાર પડવાને કારણે તેને મુલતવી રાખવામાં આવ્યું હતું.

હવે નવી તારીખ નક્કી કરવામાં આવી છે અને પ્રોડક્શન હાઉસને તેની જાણકારી આપી દેવામાં આવી છે. આ સ્ક્રીનિંગ પછી કમિટી નક્કી કરશે કે ફિલ્મને સર્ટિફિકેટ આપવામાં આવે કે તેમાં કેટલાક ફેરફારો કરવામાં આવે.ફિલ્મનું ડિરેક્શન એચ. વિનોથ દ્વારા કરવામાં આવ્યું છે. આ એક મોટા બજેટની એક્શન-ડ્રામા ફિલ્મ માનવામાં આવી રહી છે અને ઈન્ડસ્ટ્રીમાં તેને વિજયના કરિયરની મહત્વપૂર્ણ ફિલ્મોમાંની એક ગણાવવામાં આવી રહી છે.પહેલાં 'જન નાયકન' 9 માર્ચ 2026ના રોજ રિલીઝ થવાની હતી. તેના 24 કલાક પહેલાં જ કોર્ટે રિલીઝ અટકાવી દીધી હતી.હવે બધાની નજર આજે યોજાનારી રિવાઈઝિંગ કમિટીની સ્ક્રીનિંગ પર છે. આ પછી જ ફિલ્મના રિલીઝને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે.ખરેખર, ફિલ્મ પહેલા 9 જાન્યુઆરી 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર સર્ટિફિકેટ સમયસર ન મળવાને કારણે તેની રિલીઝ મોકૂફ રાખવી પડી. આ પછી મામલો કોર્ટ સુધી પહોંચી ગયો હતો અને મેકર્સે સર્ટિફિકેશનને લઈને કાનૂની લડાઈ પણ લડી હતી. પહેલાં 'જન નાયકન' 9 માર્ચ 2026ના રોજ રિલીઝ થવાની હતી. તેના 24 કલાક પહેલાં જ કોર્ટે રિલીઝ અટકાવી દીધી હતી.હવે બધાની નજર આજે યોજાનારી રિવાઈઝિંગ કમિટીની સ્ક્રીનિંગ પર છે. આ પછી જ ફિલ્મના રિલીઝને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે.

ખરેખર, ફિલ્મ પહેલા 9 જાન્યુઆરી 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર સર્ટિફિકેટ સમયસર ન મળવાને કારણે તેની રિલીઝ મોકૂફ રાખવી પડી. આ પછી મામલો કોર્ટ સુધી પહોંચી ગયો હતો અને મેકર્સે સર્ટિફિકેશનને લઈને કાનૂની લડાઈ પણ લડી હતી.